**–:નમુનો–અ:–**

| |
|---|
| સત્યમેવ જયતે<br>**જૂનાગઢના મે. સેશન્સ જજસાહેબની કોર્ટમાં,મુ. જુનાગઢ**<br>**ચુકાદાની તા. ૧૬ /૦૩ /૨૦૨૬**<br>**સેશન્સ કેસ નં. ૨૩/૨૦૨૧** |
| **ગુન્હાની વિગત** |

| | |
|---|---|
| ગુન્હાની કલમ | ઈ.પી.કો. કલમ– ૩૦૭, ૩૨૪ તથા જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબ. |
| પ્રથમ માહિતી અહેવાલ નં. | ૧૧૨૦૩૦૩૯૨૦૦૩૪૨/૨૦૨૦ |
| પોલીસ સ્ટેશન | મેંદરડા પોલીસ સ્ટેશન |
| ફરીયાદીપક્ષ | શ્રી સરકાર ( ફરીયાદી : મધુબેન વા.ઓ. રવજીભાઈ લાખાભાઈ બારૈયા) |
| ફરીયાદ પક્ષ તર્ફે વિ.વ.શ્રી: | વિ.એ.પી.પી.શ્રી ડી.સી.ઠાકર |
| આરોપીપક્ષ | રવજીભાઈ લાખાભાઈ બારૈયા<br>ઉ.વ.૪૨, ધંધો–મજુરી,<br>રહે. સાતવડલા હનુમાન મંદિર સામે, મેંદરડા<br>મુળ રહે. જામવાળા, તા. ગીર ગઢડા, જી. ગીર સોમનાથ |
| આરોપી તર્ફે વિ.વ.શ્રી: | વિ.વ.શ્રી વાય.એમ.ઠાકોર |

**–:નમુનો–બ:–**

| | |
|---|---|
| ગુન્હાની તારીખ | ૦૧/૦૭/૨૦૨૦ |
| પ્રથમ માહિતી અહેવાલની તારીખ | **૨૧/૦૮/૨૦૨૦** |
| ચાર્જશીટની તારીખ | ૨૧/૦૮/૨૦૨૦ |
| તહોમતનામું/પ્લી ફરમાવ્યાની તારીખ | ૦૧/૧૦/૨૦૨૨ |
| પુરાવો શરૂ થયાની તારીખ | ૨૫/૧૧/૨૦૨૨ |
| ચુકાદો મુલ્તવી રાખ્યાની તારીખ | –––– |
| ચુકાદાની તારીખ | ૧૬/૦૩ /૨૦૨૬ |

**Sessions Judge**
**Junagadh**

DISTRICT & SESSIONS COURT, JUNAGADH. * JUNAGADH DISTRICT

| | |
|---|---|
| સજા હુકમની તારીખ (લાગુ પડે તો) | --- |

**-:આરોપીની વિગત:-**

| ક્રમ | આરોપીનું નામ | ધરપકડની તારીખ | જામીન મુકત તારીખ | તહોમત | શું નિર્દોષ /દોષ | કરવા માં આવેલ સજા | સુનાવણી દરમ્યાન અટકાયતનો સમયગાળો ફોજદારી કાર્યરીતી સંહીતાની કલમ-૪૨૮ મુજબ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | રવજીભાઈ લાખાભાઈ બારૈયા | ૦૪ / ૦૭/ ૨૦ | ૦૨-૦૯-૨૦ | ઈ.પી.કો. કલમ-૩૦૭, ૩૨૪ તથા જી.પી.એકટની કલમ-૧૩૫ | દોષ | ઈ.પી.કો. કલમ-૩૦૭ ના ગુનામાં ૫ વર્ષની સાદી કેદની સજા અને ઈ.પી.કોડ કલમ-૩૨૪ ના ગુનામાં છ મહિનાની સાદી કેદની સજા જયારે જી.પી.એકટ ની કલમ-૧૩૫ નિર્દોષ | ૦૧ માસ અને ૨૯ દિવસ |

**-:નમુનો-ક:-**

**:: સાહેદો નુ લીસ્ટ::**

**અ.ફરીયાદ પક્ષ તર્ફે સાહેદો:**

| આંક | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|
| PW-1<br>Exh.13 | સુભાષભાઈ રવજીભાઈ કાપડીયા | સાહેદ જીતુબેન વા.ઓ. કિશોરભાઈએ ગુનાવાળી |

| | | |
|---|---|---|
| | | જગ્યા બતાવેલી તે જગ્યાના પંચનામાના<br>પંચ સાહેદ |
| PW-2<br>Exh.27 | મધુબેન રવજીભાઈ બારૈયા | ફરીયાદી એટલે કે, ઈજા પામનાર સાહેદ |
| PW-3<br>Exh.30 | જયાબેન લખુભાઈ ડાભી | ઈજા પામનાર તથા બનાવ નજરે જોનાર સાહેદ |
| PW-4<br>Exh.31 | અશ્વીનભાઈ પુંજાભાઈ બગડા | સાહેદ જીતુબેન વા.ઓ. કિશોરભાઈએ ગુનાવાળી જગ્યા બતાવેલી તે જગ્યાના પંચનામાના પંચ સાહેદ |
| PW-5<br>Exh.32 | પ્રતાપભાઈ એભલભાઈ બાબરીયા | રીકવરી પંચનામાના તથા આરોપીઓની શરીરસ્થિતિ અંગે પંચનામાના પંચ સાહેદ |
| PW-6<br>Exh.37 | જીજ્ઞેશભાઈ લખુભાઈ બાબરીયા | રીકવરી પંચનામાના તથા આરોપીઓની શરીરસ્થિતિ અંગે પંચનામાના પંચ સાહેદ |
| PW-7<br>Exh.39 | વિજયભાઈ જમનભાઈ વઘાસીયા | સાહેદ મધુબેને બનાવ વખતે જે કપડા પહેરેલ તે કબજે કર્યાના પંચનામાના પંચ સાહેદ |
| PW-8<br>Exh.43 | મહેશભાઈ જમનભાઈ અપારનાથી | સાહેદ મધુબેને બનાવ વખતે જે કપડા પહેરેલ તે કબજે કર્યાના પંચનામાના પંચ સાહેદ |
| PW-9<br>Exh.44 | જીતુબેન કિશોરભાઈ સરવૈયા | બનાવ બાદ બનાવ સ્થળે જનાર અને બનાવ બાબતે ઈજા પામનાર જયાબેને વાત કરેલ તે સાહેદ |
| PW-10<br>Exh.45 | ડો. રાકેશકુમાર રામસખાસિંહ સિન્હા | ઈજા પામનાર મધુબેનની સારવાર કરનાર મેડીકલ ઓફિસર |

SESSIONS COURT, DISTRICT & SESSIONS COURT JUNAGADH, JUNAGADH DISTRICT, सत्यमेव जयते

**Sessions Judge**
**Junagadh**

| | | |
|---|---|---|
| PW-11<br>Exh.55 | ડો. અશોકભાઈ જુઠાભાઈ કાનાણી | ઈજા પામનાર મધુબેનની સારવાર કરનાર પી.ડી.યુ. હોસ્પીટલ રાજકોટના મેડીકલ ઓફિસર |
| PW-12<br>Exh.62 | ડો. ચેરીસા હિતેશભાઈ રાણીંગા | ઈજા પામનાર મધુબેન તથા જયાબેનની સારવાર કરનારમેડીકલ ઓફિસર |
| PW-13<br>Exh.69 | રવિરાજસિંહ અજિતસિંહ જાડેજા | ફરીયાદીની ફરીયાદ લેનાર સાહેદ |
| PW-14<br>Exh. 76 | જયેન્દ્રભાઈ કાનજીભાઈ સાંગાણી(બારોટ) | ફરીયાદ રજી. કરનાર સાહેદ |
| PW-15<br>Exh. 83 | હિતેશભાઈ સુખાભાઈ બલદાણીયા | આરોપીના બ્લડ સેમ્પલ કબજે કરનાર સાહેદ |
| PW-16<br>Exh.85 | કિરીટસિંહ મહેન્દ્રસિંહ મેરી | તપાસ કરનાર અમલદાર |

**:: દસ્તાવેજી પુરાવાનું લીસ્ટ::**

**અ.ફરીયાદ પક્ષ તર્ફે રજુ થયેલ દસ્તાવેજો**

| **આંક** | **વિગત** |
|---|---|
| **14**<br>**P-1/PW-1** | ગુનાવાળી જગ્યાનું પંચનામુ |
| **15**<br>**P-2/PW-1** | મુદામાલ આર્ટીકલ માર્ક–'એ' માંથી નીકળેલ પંચસ્લીપ |
| **16**<br>**P-3/PW-1** | મુદામાલ આર્ટીકલ માર્ક–'બી' માંથી નીકળેલ પંચસ્લીપ |
| **17**<br>**P-4/PW-1** | મુદામાલ આર્ટીકલ માર્ક–'સી' માંથી નીકળેલ પંચસ્લીપ |
| **18**<br>**P-5/PW-1** | મુદામાલ આર્ટીકલ માર્ક–'ડી' માંથી નીકળેલ પંચસ્લીપ |
| **19**<br>**P-6/PW-1** | મુદામાલ આર્ટીકલ માર્ક–'ઇ માંથી નીકળેલ પંચસ્લીપ |
| **20**<br>**P-7/PW-1** | મુદામાલ આર્ટીકલ માર્ક–'એફ' માંથી નીકળેલ પંચસ્લીપ |
| **21** | મુદામાલ આર્ટીકલ માર્ક–'જી' માંથી નીકળેલ પંચસ્લીપ |

| | |
|---|---|
| **P-8/PW-1** | |
| **28**<br>**P-1/PW-2** | ફરીયાદ |
| **33**<br>**P-1/PW-5** | આરોપીનું અટક પંચનામુ |
| **34**<br>**P-2/PW-5** | મુદામાલ આર્ટીકલ માર્ક–'એલ' માંથી નીકળેલ પંચસ્લીપ |
| **35**<br>**P-3/PW-5** | મુદામાલ આર્ટીકલ માર્ક–'એમ' માંથી નીકળેલ પંચસ્લીપ |
| **36**<br>**P-4/PW-5** | મુદામાલ આર્ટીકલ માર્ક–'એન' માંથી નીકળેલ પંચસ્લીપ |
| **40**<br>**P-1-/PW-7** | ફરીયાદીએ બનાવ વખતે પહેરેલ કપડા કબજે કર્યાનું પંચનામુ |
| **41-42**<br>**P-2-3/PW-7** | મુદામાલ આર્ટીકલ માર્ક–આઈ તથા જે માંથી નીકળેલ પંચસ્લીપ |
| **46**<br>**P-1/PW-10** | ફરીયાદીને થયેલ ઈજાનું મેડીકલ સર્ટિ. (મેંદરડા સીવીલ હોસ્પી.) |
| **47**<br>**P-2/PW-10** | સાહેદ જયાબેનને થયેલ ઈજાનું મેડીકલ સર્ટિ.(મેંદરડા સીવીલ હોસ્પીટલ) |
| **48**<br>**P-3/PW-10** | આરોપીની મેડકીલ તપાસણી કરવા બાબત મેડીકલ ઓફિસર મેંદરડાને કરેલ યાદી |
| **49**<br>**P-4/PW-10** | મેડીકલ ઓફિસર મેંદરડા નાઓએ આરોપીના બ્લડ સેમપલ પી.એસ.આઈ. મેંદરડાને મોકલ્યા અંગેનો ફોરવડીંગ |
| **50**<br>**P-5/PW-10** | ઈજા પામનાર બંને સાહેદોના અસલ કેસ પેપર્સ |
| **56**<br>**P-1/PW-11** | રીફર નોટ |
| **57**<br>**P-2/PW-11** | ફરીયાદીને થયેલ ઈજાનું મેડીકલ સર્ટિ. (રાજકોટ સીવીલ હોસ્પીટલ)) |
| **58-59-60-61**<br>**P-3-4-5-6/PW-11** | અસલ ઓ.પી.ડી. કેસ પેપર્સ, સોનોગ્રાફી રીપોર્ટ તથા એકસ–રે ફીલ્મ તથા ઓ.ટી. નોટ |
| **63-64-65**<br>**P-1-2-3/PW-12** | રીફર નોટ, ઓ.પી.ડી. કેસ પેપર્સ પાના–૨(કુલ–૨) તથા ઈન્ડોર |

**Sessions Judge**
**Junagadh**

DISTRICT & SESSIONS COURT, JUNAGADH. JUNAGADH DISTRICT सत्यमेव जयते

| | |
|---|---|
| | કેસ પેપસ |
| **66**<br>**P-4/PW-12** | ફરીયાદીને થયેલ ઈજાનું મેડીકલ સર્ટિ. (જુનાગઢ સીવીલ હોસ્પીટલ) |
| **67**<br>**P-5/PW-12** | સાહેદ જયાબેનને થયેલ ઈજાનું મેડીકલ સર્ટિ. (જુનાગઢ સીવીલ હોસ્પીટલ) |
| **70**<br>**P-1/PW-13** | પી.એસ.ઓ. મેંદરડાનાઓએ તપાસ સંભાળવા બાબત આર.એ.જાડેજાને કરેલ યાદી |
| **71**<br>**P-2/PW-13** | દવાખાના પો.ચોકી જુનાગઢનાઓએ પી.એસ.આઈ. મેંદરડાને ડી.ઓ. નં. ૨૯૦૦/૨૦૨૦ નીકરેલ જાણ |
| **72**<br>**P-3/PW-13** | દવાખાના પોલીસ ચોકી જુનાગઢનાઓએ ડી.ઓ. નં. ૨૯૦૦/૨૦૨૦ ના કામે ડી.ડી. લેવા બાબત એકિઝ. મેજી.શ્રી, જુનાગઢને કરેલ યાદી |
| **73**<br>**P-4/PW-13** | ગુનાની ટુંકી વિગત દર્શાવતુ પત્રક |
| **74**<br>**P[5/PW-13** | બનાવવાળી જગ્યાએ એફ.એસ.એલ. મળવા બાબત પો.અધિ. જુનાગઢને કરેલ રીપોર્ટ |
| **75**<br>**P-5/PW-13** | સ્થળ પરીક્ષણ અહેવાલ |
| **77**<br>**P-1/PW-14** | સ્ટેશન ડાયરીનો ઉતારો |
| **78**<br>**P-2/PW-14** | અસલ એફ.આઈ.આર. |
| **86**<br>**P-1/PW-16** | ફરીયાદી તેમજ ઈજા પામનારના બ્લડ સેમ્પલ લેવા બાબત સીવીલ હોસ્પીટલ જુનાગઢને કરેલ યાદી |
| **87**<br>**P-2/PW-16** | મેડીકલ ઓફિસર જુનાગઢનાઓએ ફરીયાદીના બ્લડ સેમ્પલ પી.એસ.આઈ. મેંદરડાને મોકલ્યા અંગેનોફોરવડીંગ |
| **88**<br>**P-3/PW-16** | મુદામાલ રવાનગી નોંધ |
| **89**<br>**P-4/PW-16** | મુદામાલ મળ્યાની એફ.એસ.એલ.ની પહોંચ |
| **90**<br>**P-5/PW-16** | હથિયારબંધીના જાહેરનામાની નકલ |
| **92** | એફ.એસ.એલ. કચેરીએ અહેવાલ મોકલ્યાનો ફોરવડીંગ |

**Sessions Judge**
**Junagadh**

| | |
|---|---|
| 93 | એફ.એસ.એલ.નો બાયોલોજી તથા સીરોલોજી પરીક્ષણ અહેવાલ |

**અ. બચાવપક્ષ તરફે સાહેદો :**

| આંક | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|
| 108 | શાંતાબેન નાથાલાલ સોનારા (બચાવપક્ષના સાહેદ નં.૧) | આરોપીએ અરજી પો.સ્ટે.માં આપેલ તે અંગે શું કાર્યવાહી થયેલ તે અંગે તપાસેલ સાહેદ |
| 115 | પ્રાણ વિરસિંહ ચંદનસિંહ સરવૈયા (બચાવપક્ષના સાહેદ નં.ર) | આરોપીએ અરજી પો.સ્ટે.માં આપેલ તે અંગે શું કાર્યવાહી થયેલ તે અંગે તપાસેલ સાહેદ |

**બ.બચાવપક્ષ તર્ફે રજુ થયેલ દસ્તાવેજો**

| આંક | વિગત |
|---|---|
| 127 | તા.૩–૧ર–૧૯ ના રોજ મેંદરડા પો.સ્ટે.માં આરોપીએ આપેલ લેખિત ફરીયાદ |

**ક.કોર્ટ તર્ફે રજુ થયેલ દસ્તાવેજો**

| આંક | વિગત |
|---|---|
| --- | --- |

**ડી. મટીરીચલ ઓબ્જેક્ટ**

| | |
|---|---|
| (૧) | **મુદામાલ પાવતી નં. ફ. ૧૫૭/૨૦૨૦ માં દર્શાવેલ**<br>(૧) એક સીમેન્ટના ધાબા ઉપર થોડી રતાશ પડતા લોહી જેવા નાના ડાઘા એક મીઠાના દ્રાવણ વાળુ કોટન થ્રેડ ઘસી જેને એક કાપડની બેગીમાં શીલબંધ કરેલ છે તે બેગી–૧<br><br>(ર) એક મીઠાના દ્રાવણ વાળુ કોટન થ્રેડ કન્ટ્રોલ સેમ્પલ અર્થે શીલબંધ બેગીમાં છે તે બેગી–૧<br><br>(૩)બનાવવાળી જગ્યાએ કોમ્યુનીટી હોલ પાસે જમીન ઉપર પશ્ચીમ બાજુના પ્રથમ લોહીના છુટા છવાયેલા રતાશ પડતા ધાબા એક કોટન થ્રેડ ઘસી લઇ શીલબંધ બેગીમાં છે તે બેગી–૧<br><br>(૪) કોમ્પ્યુનીટી હોલની પુર્વ જમીન ઉપર રતાશ પડતા છુટા છવાયા ડાઘામાં એક કોટન થ્રેડ ઘસી લઇ જે એક શીલબંધ બેગીમાં છે તે બેગી–૧<br><br>(૫) એક કોટન થ્રેડ કન્ટ્રોલ સેમ્પલ અર્થે લઇ શીલબંધ બેગીમાં છે તે |



DISTRICT & SESSIONS COURT, JUNAGADH. * JUNAGADH DISTRICT * સત્યમેવ જયતે

| | |
|---|---|
| | બેગી–૧<br><br>(૬) બનાવવાળી જગ્યાએથી જમીન ઉપર લોહી જેવા રતાશ પડતા ધાબામાંથી થોડી ધુળ માટી પથ્થર ચુકત લઇ જેને એક પ્લાસ્ટીકની થેલીમાં મુકી શીલબંધ બેગીમાં છે તે બેગી – ૧<br><br>(૭) બનાવવાળી જગ્યાએ લોહીના ધાબાની બાજુમાંથી જમીન ઉપરથી થોડી ધુળ માટી કન્ટ્રોલ સેમ્પલ અર્થે લઇ તેને એક પ્લાસ્ટીકની થેલીમાં મુકી શીલબંધ બેગીમાંછે તે બેગી–૧ |
| (૨) | **મુદામાલ પાવતી નં.૧૫૮/૨૦ મા દર્શાવેલ**<br><br>(૧) એક જુના જેવી મેલી લીલા કલરની તથા કાળા કલરની ચેકસ વાળી સાડી જે આખી સાડી લોહી વાળી હોય જે એક કપડાની શીલબંધ બેગીમાં છે તે બેગી–૧<br><br>(૨) એક લીલા કલરની નાની ચેકસવાળુ બ્લાઉઝ જેની ઉપર લોહી જેવા ડાઘા જોવામાં આવે છે તે બ્લાઉઝ એક કપડાની સીલબંધ બેગીમાં છે તે બેગી– ૧<br><br>(૩) એક લીલા જેવા કલરના મેલા જેવો ચણીયો જે વચ્ચે બે જગ્યાએ તુટેલો જેની ઉપર લોહી જેવા ડાઘા જોવામાં આવે છે તે ચણીયો તે એક શીલબંગ બેગીમાં છે તે બેગી–૧ |
| (૩) | **મુદામાલ પાવતી નં. ૧૫૯/૨૦ માં દર્શાવેલ**<br>(૧) એક ટીવીએસ કંપનીનું સ્ટાર સીટી બ્લુ કલરનું રજી.નં. જીજે.૧૧ જેજે ૭૬૪૯ નું જુના જેવુ છે તે<br><br>(૨) એક લોખંડના હાથા વાળી છરી જેના હાથાની લંબાઈ ૫ ઈંચ તથા ફણાની<br>લંબાઈ ૬ ઈંચ તથા ફણાના ઉપર ૧૧ કાપા વાળી તેમજ ફણાની વચ્ચે ૩ દીલ આકારના ખાચા વાળી જેની ઉપર લોહી જેવા નિશાનો જોવામાં આવે છે તે છરી શીલબંધ બેગીમાં છે તે બેગી–૧<br><br>(૩) એક કાર્બન કલર તથા સફેદ કલરની લાઈનીંગ વાળો જુના જેવો આખી બાઈનો શર્ટ જેની જમણી બાઈ ઉપર લોહી જેવા ડાઘ જોવામાં આવે છે તે એક શીલબંગ બેગીમાં છે તે બેગી–૧<br><br>(૪) એક કાર્બન કલરનું જુના જેવુ મેલુ પેન્ટ જેમાં લોહી જેવા ડાઘા જોવામાં આવે છે તે એક શીલબંગ બેગી માં છે તે બેગી–૧ |

**Sessions Judge**
**Junagadh**

| | |
|---|---|
| | (૫) એક એસેર કંપનીનું કાળા કલરનું જેની ડીસ્પ્લે તુટેલ જેવી છે તે ટેબ્લેટ–૧ |
| (૩) | **મુદામાલ પાવતી નં. ૧૬૨/૨૦ માં દર્શાવેલ**<br>(૧) એક કાચની શીશી શીલબંધ જેની ઉપર રવજી લાખા બારૈયા મેંદરડા 42/M 517/2020 M.L.C. 207 જેવુ લખેલ છે તે કાચની શીશી શીલબંધ –૧ |
| (૪) | **મુદામાલ પાવતી નં. ફ. ૧૬૪/૨૦ માં દર્શાવેલ**<br>(૧) એક કાચની શીલબંધ કશનળી જેની ઉપર સીવીલ હોસ્પીટલનું સ્ટીકર જેની ઉપર તા. ૨/૭/૨૦૨૦ તથા મઘુ રવજીભાઈ બારૈયા ઉ.વ.૩૫ લખેલ છે તે blood જેમાં પ્લેન અને એબ્જલેટ શીલબંધ કસનળીમાં છે તે |

## –: જ જ મેન્ટ :–

(ક્રિમીનલ પ્રોસીજર કોડ–૧૯૭૩ ની કલમ–૨૩૫ ની સાથે વાંચતા કલમ–૩૫૩)

**(૧) ફરિયાદપક્ષની હકીકત :–** આ ચુકાદામાં ભારતીય ફોજદારી સંહીતા ૧૮૬૦ ને ઈ.પી.કોડ તરીકે ઉલ્લેખવામાં આવેલ છે અને ક્રિમીનલ પ્રોસીજર કોડ–૧૯૭૩ને સી.આર.પી.સી. તરીકે ઉલ્લેખવામાં આવેલ છે.

ભારતીય પુરાવા ધારાનું નામ હવેથી ધી ભારતીય સાક્ષ્ય અધિનિયમ ૨૦૨૩ આપવામાં આવેલ છે અને આ નવુ આપેલ નામ વાળો કાયદો તા. ૧–૭–૨૪ થી અમલમાં આવેલ છે અને ઉપરોકત અધિનિયમની કલમ–૧૭૦ માં નીચે મુજબની જોગવાઈ કરવામાં આવેલ છે.

170. Repeal and savings.

(1) The Idnian Evidence Act, 1872 is herby repealed.

(2) Notwithstanding such repeal, if, immediately before the date on which this Adhiniyam comes into force, there is any application, trial, inquiry, investigation, proceeding or appeal pending, then, such applicaiton, trial, inquiry, investigation, proceeding or appeal shall be dealt with under the provisions of the Indian Evidence Act, 1872, as in force immediately before such commencement, as if this Adhiniyam had not

come into force."

આમ, ઉપરોકત કલમ મુજબ જયારે ઉપરોકત અધિનિયમ અમલમાં આવ્યો ત્યારે આ કેસની ટ્રાયલ ચાલુ હતી તેથી ભારતીય પુરાવા અધિનિયમ જ લાગુ પડશે.

ઈ.પી.કોડનું નવુ નામ ધી ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ આપવામાં આવેલ છે અને આ ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ તા.૧–૭–૨૪ થી અમલમાં આવેલ છે અને તે ભારતીય ન્યાય સંહિતાની કલમ–૩૫૮ નીચે મુજબ છે.

358. (1) The Indian Penal Code is hereby repealed.
(2) Notwithstanding the repeal of the Code referred to in sub-section (1), it shall not affect,—
(a) the previous operation of the Code so repealed or anything duly done or suffered thereunder; or
(b) any right, privilege, obligation or liability acquired, accrued or incurred under the Code so repealed; or
(c) any penalty, or punishment incurred in respect of any offences committed against the Code so repealed; or
(d) any investigation or remedy in respect of any such penalty, or punishment; or
(e) any proceeding, investigation or remedy in respect of any such penalty or punishment as aforesaid, and any such proceeding or remedy may be i nstituted, continued or enforced, and any such penalty may be imposed as if that Code had not been repealed.
(3) Notwithstanding such repeal, anything done or any action taken under the said Code shall be deemed to have been done or taken under the corresponding provisions of this Sanhita.
(4) The mention of particular matters in sub-section (2) shall not be held to prejudice or affect the general application of section 6 of the General Clauses Act,1897 with regard to the effect of the repeal.

વધુમાં ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા ૨૦૨૩ ની કલમ–૫૩૧ નીચે મુજબ છે.
''531. Repeal and savings :-
(1) The Code of Criminal Procedure, 1973 is hereby repealed.
(2) Notwithstanding such repeal-
(a) if, immediately before the date on which this Sanhita comes into force, there is any appeal, application, trial, inquiry or investigation pending, then, such appeal, application, trial, inquiry or investigation shall be disposed of,

**Sessions Judge**
**Junagadh**

continued, held or made, as the case may be, in accordance with the provisions of the Code of Criminal Procedure, 1973, as in force immediately before such commencement (hereinafter referred to as the said Code), as if this Sanhita had not come into force;

(b) all notifications published, proclamations issued, powers conferred, forms provided by rules, local jurisdictions defined, sentences passed and orders, rules and appointments, not being appointments as Special Magistrates, made under the said Code and which are in force immediately before the commencement of this Sanhita, shall be deemed, respectively, to have been published, issued, conferred, specified, defined, passed or made under the corresponding provisions of this Sanhita;

(c) any sanction accorded or consent given under the said Code in pursuance of which no proceeding was commenced under that Code, shall be deemed to have been accorded or given under the corresponding provisions of this Sanhita and proceedings may be commenced under this Sanhita in pursuance of such sanction or consent.

(3) Where the period specified for an application or other proceeding under the said Code had expired on or before the commencement of this Sanhita, nothing in this Sanhita shall be construed as enabling any such application to be made or proceeding to be commenced under this Sanhita by reason only of the fact that a longer period therefor is specified by this Sanhita or provisions are made in this Sanhita for the extension of time."

તે સંજોગોમાં આ કેસની ટ્રાયલ તા.૧–૭–૨૪ ના રોજ પેન્ડીંગ હતી જેથી ઈ.પી.કોડની જોગવાઈઓ જ આ કેસમાં લાગુ પડશે. તેજ રીતે, સી.આર.પી.સી. નું નવુ નામ ધી ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા ૨૦૨૩ છે અને તેની કલમ–૫૩૧(૨) મુજબ જયારે આ કેસનું ટ્રાયલ તા.૧–૭–૨૪ ના રોજ પેન્ડીંગ હતુ તેથી આ ટ્રાયલને પણ સી.આર.પી.સી. લાગુ પડશે.

(૨) ફરીયાદપક્ષની હકીકત એવી છે કે, ''મારૂ નામ મધુબેન વા.ઓ. રવજીભાઈ બારૈયા, ઉ.વ.૩૫ ધંધો–ઘરકામ, રહે. રાજકોટ રૈયાધાર રામાપીર ચોકડી પાસે, આર.એમ.સી. કવાટર્સની આગળ, મફતીયાપરા, મુળ રહે. મેંદરડા સાતવડલા,

હનુમાન મંદિર સામે, જિ. જુનાગઢ

''રૂબરૂમાં પુછવાથી જાહેર કરી મારી ફરીયાદ હકીકત લખાવુ છું કે, હું ઉપરોકત સરનામે મારી માતા જયાબેન ઉ.વ.૫૫ તથા મારો ભાઈ મગરૂ તથા મારો પુત્ર નિલેશ ઉ.વ.૧૭ તથા મારી દિકરી દૃષ્ટિ ઉ.વ.૧૧ ની સાથે રહુ છું અને ઘરકામ તથા રસના ડબલાના કારખાનામાં મજુરીકામ કરુ છું.

મારા લગ્ન આજથી અઢારેક વર્ષ પહેલા મુળ જામવાળા ગીરના રવજીભાઈ લાખાભાઈ બારૈયા સાથે થયેલા અને અમો બંન્ને તુરતજ સુરત રહેવા જતા રહેલા અને સુરત વરાછામાં ભગીરથ સોસાયટીમાં રહેતા હતા અને અમો ત્યાં ગઈ દીવાળી સુધી રહેલા અને મારા પતિને દારૂ પીવાની આદત હોય અને દારૂ પીઈ મારકુટ કરતો હોય જેથી અમારે અણબનાવ થતા હું, મારા માતા તથા ભાઈ બંને રાજકોટ ઉપરના સરનામે રહેતા હોય તેની સાથે રહેવા આવતી રહેલ અને મારા બંને સંતાનો પણ મારી સાથે હતા અને મારો પતિ રવજીભાઈ લાખાભાઈ બારૈયા મારા માતા પિતાનું એક મકાન મેંદરડામાં ઉપરોકત સરનામે સાતવડલામાં આવેલ હોય ત્યાં રહેવા આવતો રહેલ અને અમારે બંને પતિ–પત્ની વચ્ચે અમારા સંતાનો રાખવા બાબતે માથાકુટ ચાલતી હોય જેથી આજરોજ સવારના હું તથા મારી માતા જયાબેન બાબુભાઈ ડાભી તથા મારા બંને સંતાનો એમ અમો ચારેય જણા રાજકોટથી બસમાં બેસી મેંદરડા સવારના દસેક વાગ્યે આવેલા અને અમારા ઘરે જતા ત્યાં તાળુ મારેલ હોય અને મારા પતિ હાજર ન હોય જેથી સાતવડલા મણીનગરમાં મારી બહેન જીતુબેન

કિશોરભાઈ રહેતા હોય તેમના ઘરે જતા રહેલા અને મારા પતિ બપોરના દોઢેક વાગ્યે આવતા અમો અમારા ઘરે ગયેલા અને અમારે મનદુ:ખ ચાલતુ હોય અમારે આ મકાન બાબતે સામાન્ય બોલાચાલી થયેલી અને આ મકાન મારા માતા પિતાનું હોય અને મારા નામે હોય જેથી મે મારા પતિ રવજીભાઈને આ મકાન ખાલી કરી દેવા કીધેલુ અને સાંજના પાંચેક વાગ્યે આ મકાન ખાલી કરી તાળુ મારવા માટે મે મારા દિકરાને તાળુ લેવા મોકલેલો આ વખતે મારા બા ઘરમાં રૂમમાં સુતા હતા અને હું ફળીયામાં ખુરશી ઉપર બેઠી હતી તેવામાં અમારે બોલાચાલી થતી હોય જેથી મારા ઘરવાળા રવજીએ ઓચીંતા ઘરમાં જઈ એક છરી સાથે ઓચીંતા આવી મારા વાસામાં છરીના ઘા મારવા લાગેલ અને હું દેકારો કરતા ઘરની બહાર ભાગેલ અને તેને પાછળ આવી મને ઘરની બહાર આવી ભાગતા અવેડા પાસે મને પકડી મને આડેધડ છરીના આઠ દસ ઘા મારતા મને પીઠમાં ત્રણ ઘા તથા ડાબા પડખામાં બે ઘા તથા જમણા હાથમાં બાવડામાં તથા બંને પગમાં ઈજાઓ થયેલ અને આ વખતે મારા બા જયાબેન મને બચાવવા આડા પડતા તેને પણ મારા ઘરવાળા રવજીએ હાથમાં છરીનો ઘા મારેલ અને આ વખતે દેકારો થતા અને આજુબાજુ વાળા માણસો ભેગા થઈ જતા અને હું લોહી લુહાણ થઈ નીચે પડી જતા મારો ઘરવાળો રવજી છરી સાથે ત્યાંથી ભાગી ગયેલ અને આ વખતે મારા બહેન બનેવી તથા મારો પુત્ર પુત્રી વગેરે આવી જતા ૧૦૮ માં મને મેંદરડા સરકારી હોસ્પીટલમાં સારવારમાં લઈ ગયેલ અને ત્યાંથી મને તથા મારા બા ને વધુ સારવાર માટે અહીં જુનાગઢ સરકારી દવાખાનામાં સારવારમાં લાવી દાખલ કરેલ

અને ડોકટર સાહેબ એ સારવાર આપી મને શરીરે ઈજાઓ હોય જેથી સારવારમાં અમો બં ને દાખલ છીએ અને અમો બંને સંપુર્ણ ભાનમાં છે.

જેથી મારે તથા મારા પતિ વચ્ચે મનદુ:ખ ચાલતુ હોય જેના કારણે મારા પતિએ મારી ઉપર છરી વડે જીવલેણ હુમલો કરી મને શરીરે છરીથી આઠ દસ ઘા મારી તથા મારી બા ને શરીરે ઈજા કરી અમોને જાનથી મારવાની કોશિષ કરેલ હોય તો આ મારા પતિ રવજી સામે ધોરણસર થવા મારી ફરીયાદ છે''

ઉપર મુજબની ફરીયાદ મધુબેન વા.ઓ. રવજીભાઈ લાખાભાઈ બારૈયાએ આપેલી તે આધારે મેંદરડા પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજી. નં. ૧૧૨૦૩૦૩૯૨૦૦૩૪૨/૨૦૨૦ થી ઈ.પી.કોડની કલમ–૩૦૭, ૩૨૪ તથા જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબનો ગુનો રજીસ્ટર કરેલ છે.

DISTRICT & SESSIONS COURT JUNAGADH. सत्यमेव जयते JUNAGADH DISTRICT

**(૩) પોલીસ તપાસની વિગત :–**

**૩.૧** તપાસ એજન્સી દવારા ફરિયાદ તા. ૦૧–૦૭–૨૦૨૦ ના રોજ ફરીયાદી મધુબેન વા.ઓ. રવજીભાઇ લાખાભાઇ બારૈયાએ આપેલી છે.

**૩.૨** તપાસ કરનાર અમલદાર દવારા તા. ૦૧–૦૭–૨૦૨૦ ની ફરીયાદ બાદ તા. ૨–૭–૨૦૨૦ ના રોજ સાહેદ જીતુબેન વા.ઓ. કીશોરભાઇ બીજલભાઇ સરવૈયા એ ગુનાવાળી જગ્યા બતાવેલ તે જગ્યાએ સીમેન્ટના ધાબા ઉપર જોતા રતાશ પડતા લોહી જેવા નાના ડાઘા જોવામાં આવેલ જે ડાઘામાંથી એક કોટન થ્રેડ કબજે લીધેલ

તથા ડેલીની બહાર જમીન ઉપર બે લોહીના એક કુટના ધાબામાં લોહીના છુટાછવાયા રતાશ પડતા ડાઘાવાળુ કોટન થ્રેડ કબજે લીધેલ તથા સદર ધાબાથી પુર્વે એક કુટના અંતરે એક રતાશ પડતુ છુટાછવાયા ડાઘામાંથી એક કોટનથ્રેડ કબજે લીધેલ સદર જગ્યાએથી જમીન ઉપર લોહી જેવા રતાશ પડતા ધાબામાંથી ધુળ માટી કબજે લીધેલ તે જગ્યાનું પંચનામુ (૧) પંચ અશ્વીનભાઇ પુંજાભાઇ બગડા તથા (૨) પંચ સુભાષભાઇ રવજીભાઇ કાપડીયા નાઓની રૂબરૂમાં કરવામાં આવેલ છે.

**3.3** ત્યારબાદ તા. ૨–૭–૨૦૨૦ ના રોજ ફરીયાદીએ બનાવ વખતે પહેરેલ કપડા ફરીયાદીના બહેન રજુ કરતા જેમાં એક જુના જેવી મેલી લીલા કલરની તથા કાળા કલરની ચેકસ વાળી સાડી તથા એક લીલા કલરની ચેકસ વાળુ બ્લાઉઝ તથા એક લીલા જેવા કલરનો મેલા જેવો ચણીયો રજુ કરતા તે કબજે કર્યાનું પંચનામુ (૧) વિજયભાઇ જમનભાઇ વઘાસીયા તથા (૨) મહેશગીરી જમનગીરી અપારનાથી નાઓની રૂબરૂમાં કરવામાં આવેલ.

**3.૪** ત્યારબાદ તા. ૨–૭–૨૦૨૦ ના રોજ આરોપીની શરીરિસ્થતિનું અટક પંચનામા વખતે આરોપીએ ગુનામાં ઉપયોગમાં લીધેલ મો.સા. ટી.વી.એસ. નં. જી.જે.૧૧ જેજે ૭૬૪૯ વાળુ તેમજ મુદામાલ હથિયાર છરી તેમજ એસેર કંપનીનું કાળા કલરનું ટેબલેટ તથા બનાવ વખતે પહેરેલ કપડા રજુ કરતા તેમાં એક કાર્બન તથા સફેદ કલરની લાઇનીંગવાળો જુના જેવો આખી બાંયનો શર્ટ લોહીના ડાઘ વાળો તથા એક કાર્બન કલરનું જુના જેવુ મેલુ પેન્ટ લોહીના ડાઘાવાળુ રજુ કરતા તે કબજે કર્યાનું પંચનામુ (૧) પ્રતાપભાઇ એભલભાઇ બારીયા તથા (૨) જીતેશ લખુભાઇ બાબરીયા નાઓની રુબરુમાં કરવામાં આવેલ.

**3.૫** ત્યારબાદ તા. ૫–૭–૨૦૨૦ ના રોજ આરોપીના લીધેલ બ્લડના નમુના

પો.કો. હરસુખભાઇ નાનજી પરમાર નાઓએ રજુ કરતા તે કબજે કર્યાનું પંચનામુ (૧) જેન્તીભાઇ ખીમાભાઇ દાફડા તથા (૨) ચંદુભાઇ માધાભાઇ પારઘી નાઓ રૂબરૂ કરવામાં આવેલ.

**૩.૬** ત્યારબાદ, તા. ૬–૭–૨૦૨૦ ના રોજ ફરીયાદીના લીધેલ બ્લડના નમુના પો.કો. કિરણભાઇ પાંચાલભાઇ કરમટા નાઓ રજુ કરતા તે કબજે કર્યાનું પંચનામુ (૧) જેન્તીભાઇ ખીમાભાઇ દાફડા તથા (૨) ચંદુભાઇ માધાભાઇ પારઘી નાઓ રૂબરૂ કરવામાં આવેલ.

**૩.૭** ત્યારબાદ, તા. ૦૧ –૦૭–૨૦૨૦ તથા તા.૫–૮–૨૦૨૦ ના રોજ સાહેદ જયાબેન વા.ઓ. લખુભાઇ ડાભી, તા. ૧-૭-૨૦૨૦ તથા તા. ૫-૮-૨૦૨૦ ના રોજ સાહેદ નિલેશ રવજીભાઇ બારૈયા, તા. ૨-૭-૨૦૨૦ ના રોજ સાહેખ જીતુબેન વા.ઓ. કિશોરભાઇ સરવૈયા, સાહેદ કિશોરભાઇ બીજલભાઇ સરવૈયા, સોહદ મંગળુભાઇ દડુભાઇ ખુમાણ, સાહેદ સોનલબેન વા.ઓ. દીલીપભાઇ રામભાઇ ઠાકોર, સાહેદ ગોવિંદભાઇ રતાભાઇ સીરવાડીયા, સાહેદ મહેબુબખાન ફતેશખાન બ્લોચ, સાહેદ સલમાબેન વા.ઓ. મહેબુબખાન ફતેશખાન બ્લોચ, સાહેદ નયનાબેન અનિલભાઇ ટાટમીયા નાઓના નિવદન સી.આર.પી.સી.ની કલમ–૧૬૧ મુજબ નોંધવામાં આવેલ.

**૩.૮** ત્યારબાદ એફ.એસ.એલ.નો સ્થળ પરીક્ષણ અહેવાલ તા. ૨–૭–૨૦૨૦ ના રોજ મેળવવામાં આવેલ.

**૩.૯** ત્યારબાદ જરુરી સાહેદોના નિવેદનો લઈ તથા એફ.એસ.એલ.નો અહેવાલ મેળવી સી.આર.પી.સી.ની કલમ–૧૫૫ થી ૧૭૨ લક્ષમાં લઈ

આરોપીઓ સામે ઈ.પી.કોડની કલમ–૩૦૭ , ૩૨૪ તથા જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબનું ચાર્જશીટ રજુ કરેલ છે. ચાર્જશીટ રજુ થયા બાદ મેંદરડાના વિ. જ્યુડીશ્યલ મેજી.ફ.ક. શ્રીએ આ કેસ સી.આર.પી.સી. કલમ–૨૦૯ હેઠળ તા. ૦૧–૦૩–૨૦૨૧ ના રોજ કમીટ કરેલ છે.

**(૪) તહોમતનામા અંગે :**

**૪.૧** કેસના કામે આરો પીને સમન્સ કરતા તેઓને અત્રેની અદાલત સમક્ષ હાજર થતા આરોપી સામે સી.આર.પી.સી.ની કલમ–૨૨૮(૧)(બી) મુજબ ઈ.પી.કોડની કલમ–૩૦૭, ૩૨૪ તથા જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબનું તહોમતનામુ મારા પુરોગામી ન્યાયાધીશશ્રી દવારા આંક–૧૦ થી ફરમાવવામાં આવેલ અને જે સંદર્ભે આંક–૧૧ થી આરોપીનું નિવેદન તહોમતનામા સંદર્ભે લેતા આરોપી ગુનો કબુલ ન હોવાનું જણાવતા ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૨૩૧(૧) મુજબ સાક્ષીઓ તપાસવામાં આવેલ.

**૪.૨** ત્યારબાદ આરોપીનું ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૧૩ ની સાથે કલમ–૨૩૩ મુજબ વધારાનું નિવેદન લેવામાં આવેલ જેમાં આરોપીને સવાલ પુછવામાં આવેલ છે કે, ''તમારે સોગંદ ઉપર જુબાની આપવી છે?'' તો તેના જવાબમાં આરોપી જણાવે છે કે, ''દસ્તાવેજ રજુ કરવા છે'' તેમજ આરોપીને સવાલ પુછવામાં આવેલ છે કે, ''તમારે બચાવના સાહેદ તપાસવા છે ?'' તો તેના જવાબમાં આરોપી જણાવે છે કે, ''હા જી'' તેમજ વિશેષમાં શું કહેવુ છે તેના જવાબમાં આરોપી

જણાવે છે કે, ''અમો તદન નિર્દોષ છીએ. કોરોનાકાળ હોય બનાવ વખતે અમોને ખોટી રીતે ફસાવેલ છે. અમારા દવારા કોઇ કૃત્ય કરેલ નથી.''

**૪.૩** ત્યારબાદ સી.આર.પી.સી.ની કલમ–૨૩૪ મુજબ વિ. એ.પી.પી.શ્રીની મૌખિક દલીલો સાંભળાવમાં આવેલ છે તથા આરોપીના વિ. વકીલશ્રીની મૌખિક દલીલો સાંભળવામાં આવેલી છે.

## (૫) ફરીયાદપક્ષનો પુરાવો :

**૫.૧ ફરીયાદપક્ષે નીચે મુજબના સાહેદો તપાસેલા છે.**

| અ.નં. | સાહેદનું નામ | સાહેદ કયા પ્રકારના પુરાવામાં પડે છે તેની વિગત(તપાસ એજન્સીની થીયરી મુજબ) | આંક |
|---|---|---|---|
| (૧) | સુભાષભાઇ રવજીભાઇ કાપડીયા (પી.ડબલ્યુ.૧) | સાહેદ જીતુબેન વા.ઓ. કિશોરભાઈએ ગુનાવાળી જગ્યા બતાવેલી તે જગ્યાના પંચનામાના પંચ સાહેદ એટલે કે, ઉપરોકત પંચનામાઓ વખતે જે સ્થિતિ હતી અને જે સ્થિતિ તેઓએ અંગત રીતે ગ્ર ાહય કરેલી તે પુરતા ભારતીય પુરાવા ધારાની કલમ–૬૦ માં પડતા સાહેદ | ૧૪ |
| (૨) | મધુબેન રવજીભાઈ બારૈયા (પી.ડબલ્યુ.ર) | ફરીયાદીએટલે કે, ઈજા પામનાર એટલે કે ભારતીય પુરાવા ધારાની કલમ–૬૦ માં પડતા સાહેદ | ર૭ |
| (૩) | જયાબેન લખુભાઈ ડાભી (પી.ડબલ્યુ.૩) | ઈજા પામનાર તથા બનાવ નજરે જોનાર સાહેદ એટલે કે ભારતીય પુરાવા ધારાની કલમ–૬૦ માં પડતા સાહેદ | ૩૦ |
| (૪) | અશ્વિનભાઈ પુંજાભાઈ | સાહેદ જીતુબેન વા.ઓ. | ૩૧ |

| | | | |
|---|---|---|---|
| | બગડા (પી.ડબલ્યુ.૪) | કિશોરભાઈએ ગુનાવાળી જગ્યા બતાવેલી તે જગ્યાના પંચનામાના પંચ સાહેદ એટલે કે, ઉપરોકત પંચનામાઓ વખતે જે સ્થિતિ હતી અને જે સ્થિતિ તેઓએ અંગત રીતે ગ્રાહય કરેલી તે પુરતા ભારતીય પુરાવા ધારાની કલમ-૬૦ માં પડતા સાહેદ | |
| (૫) | પ્રતાપભાઈ એભલભાઈ બારીયા (પી.ડબલ્યુ.૫) | આરોપીના અટક પંચનામાના પંચ અને આરોપીએ બનાવ વખતે પહેરેલ કપડા કબજે કર્યાના પંચનામાના પંચ અને તે વખતે જે હકીકત ગ્રાહય કરી તેટલા પુરતા ભારતીય પુરાવા ધારાની કલમ-૬૦ માં પડતા સાહેદ | ૩૩ |
| (૬) | જીજ્ઞેશભાઈ લખુભાઈ બાબરીયા (પી.ડબલ્યુ.૬) | આરોપીના અટક પંચનામાના પંચ અને આરોપીએ બનાવ વખતે પહેરેલ કપડા કબજે કર્યાના પંચનામાના પંચ અને તે વખતે જે હકીકત ગ્રાહય કરી તેટલા પુરતા ભારતીય પુરાવા ધારાની કલમ-૬૦ માં પડતા સાહેદ | ૩૭ |
| (૭) | વિજયભાઈ જમનભાઈ વઘાસીયા (પી.ડબલ્યુ.૭) | સાહેદ મધુબેને બનાવ વખતે જે કપડા પહેરેલ તે કબજે કર્યાના પંચનામાના પંચ સાહેદ એટલે કે, ઉપરોકત પંચનામા વખતે સ્થિતિ તેઓએ અંગત રીતે ગ્રાહય કરેલી તે પુરતા ભારતીય પુરાવા ધારાની કલમ-૬૦ માં પડતા સાહેદ | ૩૯ |
| (૮) | મહેશભાઈ જમનભાઈ અપારનાથી (પી.ડબલ્યુ.૮) | સાહેદ મધુબેને બનાવ વખતે જે કપડા પહેરેલ તે કબજે કર્યાના પંચનામાના પંચ સાહેદ એટલે કે, ઉપરોકત પંચનામા વખતે સ્થિતિ | ૪૩ |

| | | | |
|---|---|---|---|
| | | તેઓએ અંગત રીતે ગ્રાહય કરેલી તે પુરતા ભારતીય પુરાવા ધારાની કલમ—૬૦ માં પડતા સાહેદ | |
| (૯) | જીતુબેન કિશોરભાઈ સરવૈયા (પી.ડબલ્યુ.૯) | બનાવ બાદ બનાવ સ્થળે જનાર અનેબ નાવ બાબતે ઈજા પામનાર જયાબેનને જે વાત કરેલી તેટલા પુરતા ભારતીય પુરાવા ધારાની કલમ—૬ માં પડતા સાહેખ | ૪૪ |
| (૧૦) | ડો. રાકેશકુમાર રામસખાસિંહ સિન્હા (પી.ડબલ્યુ.૧૦) | ઈજા પામનાર મધુબેન તથા જયાબેનની સારવાર કરનાર મેંદરડા સરકારી હોસ્પીટલના મેડીકલ ઓફિસર એટલે કે, ભારતીય પુરાવા ધારાની કલમ—૪૫ મુજબના નિષ્ણાંત સાહેદ અને એટલા પુરતા ભારતીય પુરાવા ધારાની કલમ—૬૦ માં પડતા સાહેદ | ૪૫ |
| (૧૧) | ડો. અશોકભાઈ જુઠાભાઈ કાનાણી (પી.ડબલ્યુ.૧૧) | ઈજા પામનાર મધુબેનની સારવાર કરનાર પી.ડી.યુ. હોસ્પીટલ રાજકોટના મેડીકલ ઓફિસર એટલે કે, ભારતીય પુરાવા ધારાની કલમ—૪૫ મુજબના નિષ્ણાંત સાહેદ અને એટલા પુરતા ભારતીય પુરાવા ધારાની કલમ—૬૦ માં પડતા સાહેદ | ૫૫ |
| (૧૨) | ડો. ચેરીસા હીતેશભાઈ રાણીંગા (પી.ડબલ્યુ.૧૨ અને ૧૮) | ઈજા પામનાર મધુબેન તથા જયાબેનની સારવાર કરનાર જુનાગઢ સીવીલ હોસ્પીટલના મેડીકલ ઓફિસર એટલે કે, ભારતીય પુરાવા ધારાની કલમ—૪૫ મુજબના નિષ્ણાંત સાહેદ અને એટલા પુરતા ભારતીય પુરાવા ધારાની કલમ—૬૦ માં પડતા સાહેદ | ૬૨ |
| (૧૩) | રવિરાજસિંહ અજીતસિંહ જાડેજા | ફરીયાદીની ફરીયાદ લેનાર પોલીસ સાહેદ | ૬૯ |

| | | | |
|---|---|---|---|
| | (પી.ડબલ્યુ.૧૩) | | |
| (૧૪) | જયેન્દ્રભાઈ કાનજીભાઈ સાંગાણી(બારોટ) (પી.ડબલ્યુ.)૧૪) | ફરીયાદ રજી. કરનાર પોલીસ સાહેદ | ૭૬ |
| (૧૫) | હિતેશભાઈ સુખાભાઈ બલદાણીયા (પી.ડબલ્યુ.૧૫) | આરોપીના બ્લડ સેમ્પલ કબજે લેનાર અને તે અંગેનું પંચનામુ પંચ જેન્તીભાઈ ખીમાભાઈ તથા ચંદુભાઈ માધાભાઈની હાજરીમાં કરનાર એટલે કે, આ પંચનામા વખતે જે સ્થીતી ગ્રાહય કરી તે અંગે ભારતીય પુરાવા ધારાની કલમ–૬૦ માં પડતા સાહેદ | ૮૩ |
| (૧૬) | કિરીટસિંહ મહેન્દ્રસિંહ મોરી (પી.ડબલ્યુ.૧૬) | તપાસ કરનાર અમલદાર | ૮૫ |

**૫.૨ ફરીયાદપક્ષે નીચે મુજબના દસ્તાવેજી પુરાવા રજુ કરેલા છે.**

| અ.નં. | દસ્તાવેજનું નામ | આંક |
|---|---|---|
| (૧) | ગુનાવાળી જગ્યાનું પંચનામુ | ૧૪ |
| (૨) | મુદામાલ આર્ટીકલ માર્ક–એ થી જી માંથી નીકળેલ પંચસ્લીપ | ૧૫ થી ૨૦ |
| (૩) | અસલ ફરીયાદ | ૨૮ |
| (૪) | આરોપીનું અટક પંચનામુ | ૩૩ |
| (૫) | મુદામાલ આર્ટીકલ એલ, એમ અને એન માંથી નીકળેલ પંચસ્લીપ | ૩૪ થી ૩૬ |
| (૬) | ફરીયાદીએ બનાવ વખતે પહેરેલ કપડા કબજે કર્યાનું પંચનામુ | ૪૦ |
| (૭) | મુદામાલ આર્ટીકલ માર્ક–આઈ તથા જે માંથી નીકળેલ પંચસ્લીપ | ૪૧,૪૨ |
| (૮) | ફરીયાદીને થયેલ ઈજાનું મેડીકલ સર્ટિ. (મેંદરડા સીવીલ હોસ્પી.) | ૪૬ |
| (૯) | સાહેદ જયાબેનને થયેલ ઈજાનું મેડીકલ સર્ટિ.(મેંદરડા સીવીલ હોસ્પીટલ) | ૪૭ |
| (૧૦) | આરોપીની મેડકીલ તપાસણી કરવા બાબત મેડીકલ ઓફિસર મેંદરડાને કરેલ યાદી | ૪૮ |

| | | |
|---|---|---|
| (૧૧) | મેડીકલ ઓફિસર મેંદરડા નાઓએ આરોપીના બ્લડ સેમપલ પી.એસ.આઈ. મેંદરડાને મોકલ્યા અંગેનો ફોરવડીંગ | ૪૯ |
| (૧૨) | ઈજા પામનાર બંને સાહેદોના અસલ કેસ પેપર્સ | ૫૦ |
| (૧૩) | રીફર નોટ | ૫૬ |
| (૧૪) | ફરીયાદીને થયેલ ઈજાનું મેડીકલ સર્ટિ. (રાજકોટ સીવીલ હોસ્પીટલ)) | ૫૭ |
| (૧૫) | અસલ ઓ.પી.ડી. કેસ પેપર્સ, સોનોગ્રાફી રીપોર્ટ તથા એક્સ–રે ફીલ્મ તથા ઓ.ટી. નોટ | ૫૮ થી ૬૧ |
| (૧૬) | રીફર નોટ, ઓ.પી.ડી. કેસ પેપર્સ પાના–૨(કુલ–૨) તથા ઈન્ડોર કેસ પેપર્સ | ૬૩ થી ૬૫ |
| (૧૭) | ફરીયાદીને થયેલ ઈજાનું મેડીકલ સર્ટિ. (જુનાગઢ સીવીલ હોસ્પીટલ) | ૬૬ |
| (૧૮) | સાહેદ જયાબેનને થયેલ ઈજાનું મેડીકલ સર્ટિ. (જુનાગઢ સીવીલ હોસ્પીટલ) | ૬૭ |
| (૧૯) | પી.એસ.ઓ. મેંદરડાનાઓએ તપાસ સંભાળવા બાબત આર.એ.જાડેજાને કરેલ યાદી | ૭૦ |
| (૨૦) | દવાખાના પો.ચોકી જુનાગઢનાઓએ પી.એસ.આઈ. મેંદરડાને ડી.ઓ. નં. ૨૯૦૦/૨૦૨૦ નીકરેલ જાણ | ૭૧ |
| (૨૧) | દવાખાના પોલીસ ચોકી જુનાગઢનાઓએ ડી.ઓ. નં. ૨૯૦૦/૨૦૨૦ ના કામે ડી.ડી. લેવા બાબત એકિઝ. મેજી.શ્રી, જુનાગઢને કરેલ યાદી | ૭૨ |
| (૨૨) | ગુનાની ટુંકી વિગત દર્શાવતુ પત્રક | ૭૩ |
| (૨૩) | બનાવવાળી જગ્યાએ એફ.એસ.એલ. મળવા બાબત પો.અધિ. જનુાગઢને કરેલ રીપોર્ટ | ૭૪ |
| (૨૪) | સ્થળ પરીક્ષણ અહેવાલ | ૭૫ |
| (૨૫) | સ્ટેશન ડાયરીનો ઉતારો | ૭૭ |
| (૨૬) | અસલ એફ.આઈ.આર. | ૭૮ |
| (૨૭) | ફરીયાદી તેમજ ઈજા પામનારના બ્લડ સેમ્પલ લેવા બાબત સીવીલ હોસ્પીટલ જુનાગઢને કરેલ યાદી | ૮૬ |

**Sessions Judge**
**Junagadh**

| | | |
|---|---|---|
| (૨૮) | મેડીકલ ઓફિસર જુનાગઢનાઓએ ફરીયાદીના બ્લડ સેમ્પલ પી.એસ.આઈ. મેંદરડાને મોકલ્યા અંગેનોફોરવડીંગ | ૮૭ |
| (૨૯) | મુદામાલ રવાનગી નોંધ | ૮૮ |
| (૩૦) | મુદામાઈ મળ્યાની એફ.એસ.એલ.ની પહોંચ | ૮૯ |
| (૩૧) | હથિયારબંધીના જાહેરનામાની નકલ | ૯૦ |
| (૩૨) | એફ.એસ.એલ. કચેરીએ અહેવાલ મોકલ્યાનો ફોરવડીંગ | ૯૨ |
| (૩૩) | એફ.એસ.એલ.નો બાયોલોજી તથા સીરોલોજી પરીક્ષણ અહેવાલ | ૯૩ |

ત્યારબાદ ફરીયાદપક્ષ તરફે વધુ કોઈ પુરાવો રજુ કરવા માગતા ન હોય આંક–૯૫ થી કલોઝીંગ પુરશીસ રજુ કરેલ છે.

**૫.૩ બચાવપક્ષે રજુ મૌખિક પુરાવો :**

| **અ.નં.** | **સાહેદનું નામ** | **સાહેદ કયા પ્રકારના પુરાવામાં પડે છે તેની વિગત(તપાસ એજન્સીની થીયરી મુજબ)** | **આંક** |
|---|---|---|---|
| (૧) | શાંતાબેન નાથાલાલ સોનારા (બચાવપક્ષના સાહેદ નં.૧) | આરોપીએ જે અરજી આપેલી તે અંગે પો.સ્ટે.માં આ અરજી મળેલ છે કે કેમ? અને તે અંગે શું કાર્યવાહી થયેલ છે ? તે અંગે તપાસેલ પોલીસ સાહેદ | ૧૦૮ |
| (૨) | પ્રાણ વિરસિંહ ચંદનસિંહ સરવૈયા (બચાવપક્ષના સાહેદ નં.૨) | આરોપીએ જે અરજી આપેલી તે અંગે પો.સ્ટે.માં આ અરજી મળેલ છે કે કેમ? અને તે અંગે શું કાર્યવાહી થયેલ છે ? તેઅંગે તપાસેલ પોલીસ સાહેદ | ૧૧૫ |

**પક્ષકારોની દલીલો :**

## (૬) વિ. એડી.પી.પી.શ્રીની દલીલ.

**૬.૧** વિ. એડી.પી.પી.શ્રી તરફે મૌખિક દલીલ સાંભળવામાં આવેલ છે જેમાં

મુખ્યત્વે જણાવેલ છે કે, બંને ભોગ બનનારાઓનો પુરાવો અને મેડીકલ હીસ્ટ્રી જોતા આરોપીની સંડોવણી વ્યાજબી શકથી પર સાબીત થાય છે અને મધુબેનને ઈજાઓ ત્રણેય તબીબોનો પુરાવો જોતા ઈ.પી.કોડની કલમ–૩૦૭ માં પડે છે. જયારે, જયાબેનની ઈજા ઈ.પી.કોડની કલમ–૩૨૪ માં પડે છે અને બનાવને સમર્થન જીતુબેને પણ આપેલ છે અને યોગ્ય રીતે ગુનાવાળી જગ્યાનું પંચનામુ, ભોગ બનનારાઓના કપડા કબજે કર્યાનું પંચનામુ, આરોપી પાસેથી કબજે કરેલ છરી અને આરોપીના કપડા કબજે કર્યાનું પંચનુમ યોગ્ય રીતે સાબીત કરેલ છે અને યોગ્ય તપાસ થયેલ છે તે સાબીત કરેલ છે તેથી આરોપીને સજા કરવા દલીલ કરેલ છે.

**(૭) આરોપી તરફે દલીલો :**

**૭.૧** આરોપી તરફે વિ. વકીલ શ્રીએ આંક–૧૩૧ થી લેખિત દલીલ રજુ કરેલ છે જેની ચર્ચા યથાયોગ્ય સ્થાને કરવામાં આવશે.

**૭.૨** આ ઉપરાંત આરોપીના વિ. વકીલશ્રીએ મૌખિક દલીલો કરેલ છે જેની ચર્ચા યથાયોગ્ય સ્થાને કરવામાં આવશે.

SESSIONS COURT, JUNAGADH. DISTRICT & JUNAGADH DISTRICT सत्यमेव जयते

**(૮) પોઈન્ટ ફોર ડીટરમીનેશન સી.આર.પી.સી. કલમ–૩૫૪(ડી) મુજબ.**

૮.૧) શું ફરીયાદપક્ષ વ્યાજબી શકથી પર સાબીત કરે છે કે, ફરીયાદીના લગ્ન બનાવના અઢારેક વર્ષ પહેલા આરોપી સાથે થયેલ અને લગ્ન બાદ બંને પતિ–પત્ની સુરત મુકામે રહેવા જતા રહેલ પરંતુ આરોપીને દારૂ પીવાની ટેવ હોય આરોપી દારૂ પી ફરીયાદી મધુબનને મારકુટ કરતા હોય જેથી તેઓ બંને પતિ–પત્ની વચ્ચે અણબનાવ થતા ફરીયાદી તેના માતા અને ભાઈ રાજકોટ ખાતે રહેતા હોય ત્યાં બંને સંતાનો સાથે રહેવા આવતી રહેલ અને આરોપી ફરીયાદી મધુબેનના માતા–પિતાનું એક મકાન સાતવડલા

મુકામે આવેલ હોય ત્યાં રહેવા આવતા રહેલ અને આરોપી અને ફરીયાદી વચ્ચે' તેમના સંતાનો રાખવા બાબતે માથાકુટ ચાલતી હતી તેથી તા. ૧–૭–૨૦૨૦ ના રોજ કલાક ૧૭–૦૦ વાગ્યાના સુમારે મેંદરડા સાત વડલા હનુમાન મંદિર સામે ફરીયાદી મધુબેને આરોપી રહેતા હતા તે ઘરે આવી પોતાની માલીકીનું મકાન ખાલી કરવાનું કહેતા આરોપી એકદમ ઉશ્કેરાઈ ગયેલ અને ફરીયાદી મધુબેનને મારી નાખવાના ઈરાદે ઘરમાંજઈ છરી લાવી તેના વડે આડેધડ આઠ–દસ જેટલા ઘા મારી દીધેલ જેમાં ફરીય**પા**દીને પીઠમાં ત્રણ ઘા તથા ડાબા પડખામાં બે ઘા તથા જમણા હાથમાં બાવડામાં તથા બંને પગમાં છરીના ઘા મારી ફરીયાદીને જીવલેણ ઈજાઓ પહોંચાડી ઈ.પી.કોડની કલમ–૩૦૭ મુજબનો સજાને પાત્ર ગુનો કરેલ છે ?

**૮.૨** ઉપરોકત મુદા નં.૧ સંદર્ભે આ દરમ્યાન ફરીયાદી મધુબેનની માતા સાહેદ નં. ૧૨, જયાબેન લખુભાઈ ડાભી વચ્ચે પડતા આરોપીએ તેણીને પણ છરી વતી ઈજા કરી ફરીયાદી મધુબેન તથા તેની માતા સાહેદ જયાબેનનું ખુન કરવાની કોશિષ કરી ઈ.પી.કોડની કલમ–૩૨૪ મુજબનો સજાને પાત્ર ગુનો કરેલ છે ?

**૮.૩)** શું ફરીયાદપક્ષ વ્યાજબી શકથી પર સાબીત કરે છે કે, ઉપરોકત તારીખે, સમયે અને સ્થળે વિ. જિલ્લા મેજી.શ્રી, જુનાગઢનું હથિયારબંધી જાહેરનામુ અમલમાં હતુ તેમ છતા આરોપીએ છરી જેવુ હથિયાર જાહેરમાં ધારણ કરી હથિયારબંધી જાહેરનામાનો ભંગ કરી ગુજરાત પોલીસ એકટની કલમ–૧૩૫ મુજબનો સજાને પાત્ર ગુનો કરેલ છે ?

**૮.૪)** શું આખરી હુકમ ?

**Sessions Judge**
**Junagadh**

**(૯) ઉપરોકત મુદાઓ પરત્વે અદાલતનું તારણ નીચે મુજબ છે.**

**૯.૧)** મુદા નં.૮.૧ માં ચર્ચા કર્યા મુજબ :''મધુબેન પુરતુ હકારમાં''

**૯.૨)** મુદા નં.૮.૨ માં ચર્ચા કર્યા મુજબ : ''જયાબેન પુરતુ હકારમાં''

**૯.૩)** મુદા નં.૮.૩ મા ચર્ચા કર્યા મુજબ : ''નકારમાં''

**૯.૪)** આખરી હુકમ મુજબ. : આખરી હુકમ મુજબ

## : : કારણો : :

**(૧૦) સી.આર.પી.સી.ની કલમ–૩૫૪(૧)(બી) મુજબ :–** ભારતીય ક્રિમીનલ જસ્ટીસ સીસ્ટમ તથા ક્રિમીનલ જયુરીસપુડન્સ મુજબ ફરિયાદપક્ષે તેનો કેસ વાજબી શકથી પર સાબિત કરવાનો રહે છે. વધુમાં, ફરિયાદપક્ષે તેનો કેસ સીધા પુરાવાથી કે સાંયોગીક પુરાવાથી સાબિત કરવાનો રહે છે.

**૧૦.૧** વધુમાં, કોઈપણ દંડાત્મક કાનૂનનું અર્થઘટન કરતી વખતે તેને ' Strictly construed" કરવાનું રહે છે એટલે અદાલતે કાયદાના શબ્દો (Litera legis) કરતાં આગળ વધવું જોઈએ નહીં.

**૧૦.૨** જયાં સુધી ભારતીય દંડ સંહિતાને લાગે–વળગે છે ત્યાં સુધી કોઈપણ કૃત્ય ગુનો બને છે કે કેમ ? તે માટે **ભારતીય દંડ સંહિતાની કલમ–૬ ને પણ લક્ષમાં રાખવાની હોય છે કલમ–૬ આ સંહિતાની જોગવાઈઓ અપવાદોને આધીન સમજવી :– આ** સંહિતામાં પ્રથમથી છેક સુધી ગુન્હાની પ્રત્યેક વ્યાખ્યા, પ્રત્યેક શિક્ષાત્મક જોગવાઈ અને આવી પ્રત્યેક વ્યાખ્યા, પ્રત્યેક શિક્ષાત્મક જોગવાઈ અને આવી પ્રત્યેક વ્યાખ્યા તથા શિક્ષાત્મક જોગવાઈઓનું પ્રત્યેક દષ્ટાંત 'સામાન્ય અપવાદો શીર્ષકવાળા પ્રકરણમાં આપેલ અપવાદોને આધીન છે તેમ સમજવું અલબત, આવી વ્યાખ્યા કે શિક્ષાત્મક જોગવાઈ કે દષ્ટાંતમાં આવા અપવાદો દોહરાવાયા નથી.

**૧૦.૩** **એ**ટલે કે, કોઈપણ કૃત્ય બને છે કે કેમ ? તે માટે આ ભારતીય દંડ

સંહિતામાં જે અપવાદો આપેલા છે તે અપવાદો લક્ષમાં રાખવાનાં છે એટલે કે, કોઈપણ કૃત્ય ગુનો બનવા માટે અપવાદોને આધીન છે. નામ. સર્વોચ્ચ અદાલતે પ્રતાપ–વિરૂધ્ધ– ઉત્તર પ્રદેશ રાજયનો ચુકાદો કે જે ૧૯૭૬ (૨) એસ.સી.સી.–પાના નં. ૭૯૮ ઉપર પ્રદર્શિત થયેલ છે. જે ચુકાદામાં એવું પ્રતિપાદિત કરેલ છે કે, રેકર્ડ ઉપર જે પુરાવો હોય તેનાં ઉપરથી અદાલતે કોઈપણ ગુનો અપવાદમાં પડે છે કે કેમ ? તે લક્ષમાં રાખી, કોઈ કૃત્ય ગુનો બને છે કે કેમ ? તે નક્કિ કરવાનું હોય છે. Beyond reasonanle doubt એટલે શું ?

૧૦.૪ ઉપર ચર્ચા કરી તે મુજબ ફરિયાદપક્ષે તેમનો કેસ વાજબી શકથી પર સાબિત કરવાનો હોય છે અને કોઈપણ ભૂલ ભરેલી સજા સમાજ તથા આરોપી માટે ખુબ જ ગંભીર બાબત છે. જેથી કોઈપણ ગુન્હો પુરવાર થાય છે કે કેમ તે નકકી કરતી વખતે અદાલતે ધ્યાનમાં રાખવાનું હોય છે કે, એક ડાહયો માણસ અદાલત સમક્ષ પડેલી બાબતો વિચારતા એવા એવા નિર્ણય ઉપર પહોંચે કે, આરોપી વ્યાજબી શકથી પર ગુનેગાર છે.

**Reasonable doubt – અંગે વિધ્વાન કાયદાવીદ વ્હોરટને નીચે મુજબની વ્યાખ્યા આપી છે કે :–** " Reasonable doubt is that which makes you hesitate as to the correctness of the conclusion which you rich " જયારે અદાલતને તેની રૂબરૂ જે પુરાવો પડેલો હોય તે શુધ્ધ અંતર આત્માથી વિચારતા એવું લાગે કે, આરોપીને ગુનેગારી બાબતે શંકા છે તો તે રીઝનેબલ ડાઉટ છે.

૧૦.૫ **આજ રીતે લોર્ડ ડેનીગે તેની વ્યાખ્યા આપતાં જણાવ્યુ છે કે,** That degree is not well settled. It need not reach certainty but must carry a high degree of probability. Proof beyond reasonable doubt does not mean proof beyond the shadow of doubt. The law would fail to protect the community if it admitted fanciful possibilities to deflect the course ૫of justice. If the evidence is strong against a man as to leave only a remote possibility in his

favour that can be dismissed with the sentence'. "Of course it is possible, but not in the lest probable, the case is proved beyond reasonable doubt, but nothing short of that will suffice" વધુમાં, નામદાર સર્વોચ્ચ અદાલતે સ્ટેટ ઓફ બેંગાલ–વિરૂધ્ધ ઓનીલાલ જયસ્વાલના ૧૯૯૪(૧) જી. એલ. એચ. પાના નં. ૫૩૭ ઉપરના ચુકાદામાં એવો સિધ્ધાંત પ્રતિપાદિત કરેલ છે કે, 1994 (1) G. L. H. 537 SUPREME COURT K. JAYACHANDRA REDDY AND G. N. RAY, JJ. State of West Bengal ...Appellant Versus Orilal Jaiswal and Another ... Respondents [@page537] Reasonable doubt is simply that degree of doubt which would permit a reasonable and just man to come to a conclusion. commensurate Reasonableness with the nature of the of the doubt offence must be to be investigated. ..."

આમ, રીઝનેબલ ડાઉટ રેકર્ડ ઉપરથી ફલીત થતો હોવો જોઇએ અને તે કાલ્પનીક ન હોવો જોઇએ અને રેકર્ડ ઉપરથી જ ફકત શંકા નહીં પરંતુ વ્યાજબી શંકા આરોપીઓની ગુનામાં સંડોવણી કે, આરોપીનાં ગુનાકીય કૃત્ય માટે ઉભી થયેલી હોવી જોઇએ.

૧૦.૬ ભારતીય પુરાવા ધારાની કલમ–૫૯ મુજબ કોઈપણ હકીકત, **દસ્તાવેજની અને ઈલેકટ્રોનીકસ રેકર્ડસના કન્ટેન્સ સિવાયની** મૌખિક પુરાવાથી સાબિત થઈ શકશે એટલે કે, જો દસ્તાવેજ અથવા ઈલેકટ્રોનીકસ રેકર્ડ સિવાયની કોઇ હકીકત સાબિત કરવાની હોય તો તે મૌખિક પુરાવાથી સાબિત થઇ શકશે.

મૌખિક પુરાવાની વ્યાખ્યા ભારતીય પુરાવા ધારાની કલમ–૩ માં નીચે મુજબ આપવામાં આવેલી છે જે નીચે મુજબ છે, EVIDENCE :-Evidence means and EVIDENCE :-Evidence means and includes -

1. all statemens which the Court permits or requires to be

made before it by witnesses, in relation to matters of fact under inquiry such statements are called oral evidence,

આમ, એટલે કે, તપાસ હેઠળ હોય તેને લગતી હકીકતોની બાબતમાં અદાલત પરવાનગી આપે અથવા કરવી જરૂરી જણાવે તેવા સાહેદોએ કરેલા તમામ નિવેદનો મૌખીક પુરાવા કહેવાય છે. ઉપરોકત બાબતને મૌખિક પુરાવો ગણવામાં આવે છે અને મૌખિક પુરાવાની વાત આવે ત્યારે સીધા પુરાવાની તેમજ હીયર સે પુરાવાની અને હીયર સે પુરાવાના અપવાદોની વાત પણ આવે છે અને સીધો પુરાવાની વ્યાખ્યા ભારતીય પુરાવા ધારાની કલમ–૬૦ માં આપવામાં આવેલી છે જે નીચે મુજબ છે.

**"60. Oral Evidence must be direct :**

Oral Evidence must, in all cases whatever, be direct; that is to sayIt it refers to a fact which could be seen, it must be the evidence of a witness who says he saw it;

If it refres to a fact which could be heard, it must be the evidence of a witness who says he heard it;

If it is refers to a fact which could be percevied by any other sense or in any other manner, it must be the evidence of a witness who says he perceived it by that sense or in that manner;

If it refers to an opinion or to the grounds on which that opinion is held, it must be the evidence of the person who holds that opinion on those grounds:

Provided that the opinions of experts expressed in any treatise commonly ofered for sale, and the grounds on such opinions are held, may be proved by the production of such treatises if the author is dead or cannot be found, or has become incapable of giving evidence, or cannot be called as a witness

without an amount of delay or expense which the Court regards as unreasonable;

Provided also that, if oral evidence refers to the existence or condition of any material thing other than a document, the Court may, if it thinks ft,require the production of such material thing for its inspection."

**આમ**, કલમ–૬૦ માં લક્ષમાં લેતા, એવો પુરાવો આવે છે કે, જે વ્યકિતએ પોતાની પાંચ ઇન્દ્રીય પૈકી કોઈ એક ઇન્દ્રીયથી કે એક કરતા વધારે ઇન્દ્રીયથી કોઈ હકીકત અનુભવી હોય અને અનુભવેલી આ હકીકત અદાલતમાં રજુ કરે તો તેને સીધો પુરાવો ગણવામાં આવે છે. આ સિવાય પણ નિષ્ણાંતાના પુરાવાને પણ ભારતીય પુરાવા ધારાની કલમ–૬૦ માં જણાવ્યા મુજબ તેટલા અંશે સીધો પુરાવો ગણેલ છે.

**૧૦.૭** જો સીધો પુરાવો ન હોય તો ફરીયાદપક્ષે તેની હકીકત ભારતીય પુરાવા ધારામાં સીધા પુરાવાના અપવાદો આપેલા છે તેનાથી સાબીત કરવાની હોય છે. આ અપવાદોમાં રેસગેસ્ટે ના સિધ્ધાંતોમાં આવતા પુરાવા એટલે કે કલમ–૬ થી ૯ અને ૧૪ માં આવતા પુરાવાનો સમાવેશ થાય છે.

**૧૦.૮** તેમજ ભારતીય પુરાવા ધારાની કલમ–૩ર માં આવતા પુરાવાનો કે ભારતીય પુરાવા ધારાની કલમ–૧૭ થી ૩૦ માં પડતા પુરાવાથી જે પણ સીધા પુરાવાના અપવાદો છે તેનાથી સાબીત કરવાની હોય છે.

**૧૦.૯** અથવા તો સાંયોગિક પુરાવાની કડી મેળવીને સાબીત કરવાની હોય છે. જો કે, સાંયોગિક પુરાવો પુરવાર કરવામાં પણ સીધો પુરાવો કે સીધા પુરાવાના અપવાદોની જરુરીયાત રહે છે.

## (૧૧) તપાસ એજન્સીની તપાસ મુજબ સાક્ષીઓના પુરાવાનો પ્રકાર :–

**૧૧.૧** આ કામમાં પેરા નં.પ.૧ માં તપાસ એજન્સીની થીયરી મુજબ કયો સાક્ષી ભારતીય પુરાવા ધારાની કલમમાં પડે છે એટલે કે, તે સાક્ષીનો પુરાવો ભારતીય પુરાવા ધારાની કલમ–૬૦ માં સીધા પુરાવામાં પડે છે કે કથોપથીત પુરાવાના

અપવાદોમાં પડે છે તેની વિગત આપેલી છે.

## (૧૨) ગુનાવાળી જગ્યાના પંચનામાં અંગે :–

કોઈપણ ક્રિમીનલ ટ્રાયલમાં ગુનાવાળી જગ્યા મહત્વની બાબત બને છે કારણ કે તેનાથી ઘણીવાર નકકી થાય છે કે કૃત્ય કઈ જગ્યાએ બનેલું છે. ગુનાવાળી જગ્યાનું પંચનામુ તપાસ એજન્સી કરતી હોય છે અને તેનાથી જે પંચનામું થાય તેનાથી પણ રેકર્ડ પર કૃત્ય જે તે કહેવાતાં સ્થળે બનેલ છે કે કેમ તે હકીકત ઘણીવાર બહાર આવે છે **અને ગુનાને સાંકળતો પુરાવો પણ પદાર્થ સ્વરૂપે મળી આવતો હોય છે.**

**૧૨.૧** આ કામમાં ગુનાવાળી જગ્યાનું પંચનામુ પંચ સુભાષભાઈ પી.ડબલ્યુ.૧ અને અશ્વીનભાઈ પી.ડબલ્યુ.૪ ની હાજરીમાં કરવામાં આવેલ છે અને આ બંને પંચોને અનુક્રમે આંક–૧૪ અને ૩૧ થી તપાસવામાં આવેલા છે પરંતુ તેઓએ સરતપાસમાં કે વિ. એ.પી.પી.શ્રીએ ભારતીય પુરાવા ધારાની કલમ–૧૫૪ મુજબની કરેલ ઉલટ તપાસમાં કોઈ જ સમર્થન આપેલ નથી.

**૧૨.૨** ઉપરોકત પંચનામુ આર.એ.જાડેજા પી.ડબલ્યુ.૧૩ ની હાજરીમાં કરેલુ છે અને તેઓને ફરીયાદપક્ષે આંક–૬૯ થી તપાસેલા છે અને તેઓએ સરતપાસના પેરા–૩ માં નીચે મુજબની હકીકત જણાવેલી છે.

''(૩) મે મારી તપાસ દરમ્યાન **<u>માર્ક ૦૭/૦૭</u>** થી ગુનાની ટુંકી વિગત દર્શાવતુ પત્રક

મેળવી કામમા સામેલ રાખેલ જે **<u>રજુ દાખલ આંક–૭૩</u>** આપવામા આવે છે. મે મારી તપાસ દરમ્યાન આંક–૧૪ વાળુ બનાવવાળી જગ્યાનુ પંચનામુ કલાક ૦૯:૦૦ થી કલાક ૧૦:૩૦ સુધી પંચ અશ્વીનભાઈ પુંજાભાઈ બગડા તથા બીજા પંચ સુભાષભાઈ રવજીભાઈ કાપડીયાની હાજરીમા તૈયાર કરેલુ અને તૈયાર કર્યા બાદ તે પંચનામુ અમો પંચોને વાંચી સંભળાવેલ અને વાંચી સંભળાવ્યા બાદ તેમા અમોએ પંચો ની સહીઓ લીધેલ અને રૂબરૂ તરીકે અમોએ સહી કરેલી. પંચનામાની વિગતે અમોએ મુદામાલ આર્ટીકલ માર્ક ''એ'' થી માર્ક ''જી'' વાળો મુદામાલ પંચો ની સહીવાળી પંચ સ્લીપ લગાડી તે પંચ સ્લીપોમા અમોએ પણ સહી કરી મુદામાલ તપાસ અર્થે કબ્જે કરેલા હતો.''

**૧૨.૩** ઉપરોકત પંચનામા અંગે ઉલટ તપાસમાં પેરા–૧૬ માં નીચે મુજબનો કેસ મુકવાની કોશિષ કરેલ છે પરંતુ સરતપાસની હકીકતનું ખંડન થયેલ નથી.

**૧૨.૪** જે વ્યકિતએ આ ગુનાવાળી જગ્યા બતાવી છે તે સાહેદ જીતુબેનને પી.ડબલ્યુ.૯ તરીકે આંક–૪૪ થી તપાસેલા છે અને તેઓએ સરતપાસના પેરા–૩ માં સ્પષ્ટ જણાવેલ છે કે, આ મકાન મેંદરડા મુકામે સાતવડલા વિસ્તારમાં આવેલ છે અને ત્યાં આ સાહેદ ગયેલ છે તેવી હકીકત સરતપાસમાં ઉપરોકત પેરામાં જણાવેલ છે.

**૧૨.૫** ઉપરોકત બાબતનું કોઈ ખંડન આરોપી તરફે થયેલ નથી.

**૧૨.૬** ઈજા પામનાર મધુબેને પી.ડબલ્યુ.ર તરીકે આંક–ર૭ થી સોગંદ ઉપર પુરાવો આપેલ છે અને તેઓએ પેરા–૩ અને ૪ માં બનાવ સ્થળ અંગે જણાવેલ છે. ઉપરોકત બાબત અંગેની ઉલટ તપાસ જોવામાં આવે તો, તેમાં પેરા–૧૬ માં

નીચે મુજબની હકીકત આવે છે.

''(૧૬) મેંદરડા તાલુકાના સાતવડલા ગામે આવેલ મકાન મારા મા ની માલીકીનુ છે. હું મારી માતાના ઘરે જતી રહયા બાદ એક માસ પછી સાતવડલા ગામે આવેલી હતી. એ વાત ખરી છે કે, તે સમય દરમ્યાન આરોપી આ સાતવડલા ગામના મકાને એકલા રહેતા હતા. હું બનાવ સમયે રાજકોટથી આ સાતવડલા,તા.મેંદરડા ગામે આવેલ હતી.''

**૧૨.૭** આમ, જેની રુબરુ આ પંચનામુ થયેલ છે તેમનો પુરાવો તથા આ જગ્યા બતાવનાર સાહેદ જીતુબેન પી.ડબલ્યુ.૯ નો પુરાવો અને ભોગ બનનાર પી.ડબલ્યુ.૨ નો પુરાવો લક્ષમાં લેતા આંક-૧૪ ના પંચનામામા જણાવેલ સ્થળ જ બનાવવાળુ સ્થળ છે તે હકીકત વ્યાજબી શકથી પર સાબીત થાય છે.

**ઉપરોકત બાબતે આરોપી તરફે થયેલ દલીલ અંગે :**

આરોપી તરફે પંચ પી.ડબલ્યુ.૧ અંગે દલીલ કરવામાં આવેલ છે કે, હાલના પંચની હાજરીમાં કોઈપણ કાર્યવાહી થયેલ નહી હોવાનું જણાવે છે તેવુ સ્પષ્ટ થાય છે તેમજ તેમની રૂબરૂ કોઈ વસ્તુ કબજે કરેલ નથી કે બતાવેલ નથી જેથી હાલના સાહેદની જુબાની માની શકાય તેમ નથી,તેમજ હાલના પંચ પટાવાટા તરીકે નોકરીયાત છે, જેથી તેઓ દ્વારા આપેલ જુબાની સત્ય હોવાનું માની શકાય.

વધુમાં પંચ નં.૨ અંગે દલીલ કરેલ છે કે, ત્યારબાદ ફરીયાદ પક્ષ પંચની આંક-૩૧ થી અશ્વિન પુંજા બગડાની જુબાની થયેલ છે,જે પંચ પ્રોશીકયુશન ને સપોર્ટ ન કરતા હોવાથી તે ફરીગયેલ જાહેર થયેલ છે જેથી પણ પંચ ફરીયાદ પક્ષને સમર્થન આપતા નથી તેવુ સ્પષ્ટ થાય છે.

**ઉપરોકત દલીલનો જવાબ :**

કાયદાના પ્રસ્થાપિત સિધ્ધાંત મુજબ જે હકીકતથી માણસ વાકેફ હોય તેના પુરાવાથી હકીકત સાબીત થઇ શકે છે અને પંચનામા અંગે મોખિક પુરાવો હોય અને ભારતીય પુરાવા ધારાની કલમ–૫૯ મુજબ દસ્તાવેજોની વિગતો સીવાયની વિગત મૌખિક પુરાવાથી સાબીત કરી શકાય છે અને અત્રે ઉપરોકત બંને પંચો સીવાય પંચનામા વખતે પંચનામુ કરનાર પોલીસ અધિકારી હતા જેની ચર્ચા ઉપર કરેલી છે અને પંચો સમર્થન ન કરે તેથી પંચનામુ સાબીત ન થાય તેવો કાયદાનો નિયમ નથી પરંતુ અત્રે પંચનામુ કરનાર અમલદારના પુરાવાથી આ પંચનામાની વિગત સાબીત થયેલ છે તેથી ઉપરોકત દલીલનો લાભ આરોપીને મળી શકે તેમ નથી.

**(૧૩) મધુબેન પી.ડબલ્યુ. ૨ ને થયેલી ઇજા અંગે. :**

**૧૩.૧** આ કામમાં આરોપીઓ સામે ઇ.પી.કોડ કલમ–૩૦૭ ના ગુનાનો આક્ષેપ છે જે કલમો રજુ કરવી જરૂરી છે જે નીચે મુજબ છે**,**

**"307. Attempt to murder.—**Whoever does any act with such intention or knowledge, and under such circumstances that, if he by that act caused death, he would be guilty of murder, shall be punished with imprisonment of either description for a term which may extend to ten years, and shall also be liable to fne; and if hurt is caused to any person by such act, the ofender shall be liable either to [imprisonment for life], or to such punishment as is hereinbefore mentioned.

**Attempts by life convicts.—** [When any person ofending

under this section is under sentence of [imprisonment for life], he may, if hurt is caused, be punished with death.]"

આમ ઈ.પી.કો.ની કલમ–૩૦૭ મુજબ ફરીયાદ પક્ષે એ હકીકત સાબિત કરવાની છે કે, આરોપીએ આ કૃત્ય ઈરાદાપૂર્વક અથવા ગુનાહિત જ્ઞાન સાથે કરીને ભોગબનનારને એવી ઈજા કરેલ છે કે, જો ભોગબનનારનું મૃત્યુ થાત તો આરોપી ખુન માટે દોષિત ગણાત.

**(૧૪) આ સાપરાધ મનુષ્યવધ ખૂન છે કે કેમ?**

દરેક ખૂન સાઅપરાધ મનુષ્ય વધ છે પરંતુ દરેક સાઅપરાધ મનુષ્ય વધ ખૂન નથી હોતુ. આ માટે કલમ ૩૦૦ રજુ કરવી જરુરી છે જે નીચે મુજબ છે.

**300:** Murder Except in the case hereinafter excepted, culpable homicide is murder, if the act by which the death is caused is done with the intention of causing death, orSecondlyIf it is done with the intention of causing such bodily injury as the ofender knows to be likely to cause the death of the person to whom the harm is caused, or Thirdly If it is done with intention of causing bodily injury to any person and the bodily injury intended to be inficted is sufcient in ordinary course of nature to cause death, or Fourthly.If the person committing the act knows that it is to so imminently dangerous that it must, in all probability, cause death or such bodily injury as is likely to cause death, and commits such act without any excuse for incurring the risk of causing death or such injury as aforesaid. Illustrations (a) A shoots Z

with the intention of killing him. Z dies in consequence. A comrAits murder. (b) A. knowing that Z is labouring under such a disease that a blow is likely to cause his death, strikes him with the intention of causing bodily injury. Z dies in consequence of the blow. A is guilty of murder, although the blow might not have been sufcient in the ordinary coue of nature to cause the death of a person in a sound state of health. But if A, not knowing that Z is labouring under any disease,gives him such a blow as would not in the ordinary causes of nature kill a person in asound state of health, here A, although he may intend to cause bodily injury, is not guilty of murder, if he did not intend to cause death, or such bodily injury as in theordinary course of nature would cause death.(c) A intentionally gives Z a swordcut or club would sufcient to cause the death of a man in the ordinary course of nature. Z dies in consequence. Here, A is guilty of murder, although he may not have intended to cause Z's death.(d) A without any excuse, fres a loaded cannon into a crowd of persons and kills oneof them. A is guilty of murder, although he may not have had a premeditated design to kill any particular individual. Exception I When culpable homicide is not murderCulpable homicide is not murder if the ofender, whilst deprived of the power of selfcontrol by grave and sudden provocation, causes the death of the person who gave the provocation or causes the death of any other person by mistake or accident. The above exception is subject to the following provisos :Exception 1. When culpable homiide is not murderCupable homicide is not murder if the ofender, whilst deprived of the power of selfcontrol by grave and suddenprovocation,causes the death of the person who gaave the

**Sessions Judge**
**Junagadh**

provocation or causes the death of any other person by mistake or accident. The above exception is subject to the following **provisos :First.**That the provocation is not sought or voluntarily provoked by the ofender as an excuse for killing or doing harm to any person.

**Secondly.** That the provocation is not given by anything done in obedience to thelaw, or by a public servant in the lawful exercise of the powers of such public servant.

**Thirdly.**That the provocation is not given by anything done in the lawful exercise of. the right of private defence. Explanation.Whether the provocation was grave and sudden enough to prevent the ofence from amounting to murder is a question of fact : Illustrations (a) A, under the infuence of passion excited by provocation given by Z, intentionallykills Y, Z's child. This is murder, inasmuch as the provocation was not given by thechild, and the death of the child was not caused by accident or misfortune in doing an act caused by the provocation.(b) Y gives grave and sudden provocation to A. A, on this provocation fres a pistol at Y, neither intending nor knowing himself to be likely to kill Z, who is near him but out of sight. A kills Z. Here A has not committed murder, but merely culpable homicide.(c) A is lawfully arrested by Z, a bailif. A is excited to sudden and violent passion by the arrest, and kills Z. This is murder, inasmuch as the provocation was given by a thing done by a public servant in the exercise of his powders.(d) A appears as a witness before Z, a Magistrate Z says that he does not believe a word of A's deposition, and that A has perjured himself. A is moved to sudden passion by these words, and kills Z. This

**Sessions Judge**
**Junagadh**

is murder. (e) A attempts to pull Z's nose. Z, in the exercise of the right of private defence, lays hold of A to prevent him. from. doing so, A is moved to sudden and violent passion in consequence, and kills Z. This is murder, inasmuch as the provocation was given by a thing done in the exercise of the right of private defence.(f) Z strikes B. B is by this provocation excited to violent rage. A, a bystander, intending to take advantage of B's rage and to cause him to kill Z. puts a knife into B's hand for that purpose. B kills Z with the knife. Here B may have committed only culpable homicide, but A is guilty of murder.Exception. 2.Culpable homicide is not murder if the ofender, in the exercise in gd faith of the right of private defence of person or property, exceeds the power given to him by law and causes the death of the person against whom he is exercising such right of defence without premeditation, and without any intention of doing more harm than is necessary for the purpose of such ofence. Illustration Z attempts to horsewhip A, not in such a manner as to causegrievous hurt to A, A draws out a pistol. Z persists in the assault. A believing in good faith that he can by noother means prevent himself from being horsewhipped, shoots Z dead. A has not committed murder, but only culpable homicide.Exception 3.Culpable homicide is not murder if the ofender, being public servant or aiding a public servant acting for the advancement of public justice, exceeds the powers given to him by law, and causes death by doing an act which he, in good faith, believes to be lawful and necessary for the due discharge of his duty as such public servant and without illwill towards the person whose death is caused.

**Exception 4.** Culpable homicide is not murder if it is committed

without premeditation in a sudden fght in the heat of passion upon a sudden quarrel and without the ofenders having taken undue advantage or acted in a cruel or unusual manner. ExplanationIt is immaterial in such cases which party ofers the provocation or commits the frst assault.

**Exception 5** Culpable homicide is not murder when the person whose death is caused, being above the age of eighteen years, sufers death or takes the risk of death with his own consent. Illustration A, by instigation voluntarily causes Z, a person under eighteen years of age, to commit suicide. Here, on account of Z's youth, he was incapable of giving consent to his own death; A has therefore abetted murder."

સાઅપરાધ મનુષ્ય વધ મુખ્ય બાબત છે તથા સાઅપરાધ મનુષ્ય વધ જે ખૂન ગણાય તે તેનો એક હિસ્સો છે.આ ખૂનની વ્યાખ્યામાં કોઈપણ કૃત્ય ચાર પ્રકાર પૈકી એકમાં પડતુ હોય અને તેવુ કૃત્ય ત્યારબાદના પાંચ અપવાદ દર્શાવ્યા છે તેમાં પડતુ ન હોય તો તે ખૂન ગણાય છે. એટલે કે કોઈ કૃત્ય ખૂનના પાંચ અપવાદમાં પડતુ હોય તો તે ખૂન ગણાતુ નથી.

**૧૪.૧** ખૂનની વ્યાખ્યામાં દર્શાવેલા ચાર પૈકીના એક પ્રકારની ઉપસ્થિતી સાઅપરાધ મનુષ્ય વધને ખૂનમાં મુકી દે છે અને તેમાં આવતુ કૃત્ય આ ખૂનની કલમમાં દર્શાવેલ પાંચ પૈકી કોઈ અપવાદમાં પડે ત્યારે તે ખૂન ગણાતુ નથી. કોઈ કૃત્ય ખૂનના ગુનામા પડે છે કે કેમ? તે નકકી કરવા માટે સૌ પ્રથમ સાઅપરાધ મનુષ્ય વધ બને છે કે કેમ? તે નકકી કરવુ પડે અને ત્યારબાદ આ કલમ ૩૦૦માં જો કૃત્ય પડતુ હોય અને ત્યારબાદ આ કૃત્ય અપવાદોમાં પડે છે કે કેમ તે નકકી કરવુ પડે અને પાંચ પૈકીના કોઈપણ અપવાદમાં ન પડે તો જ તે ખૂન ગણાય.

**Sessions Judge**
**Junagadh**

**૧૪.૨ આમ, ફરીયાદપક્ષે એ હકીકત સાબિત કરવાની છે કે, આરોપીનું કૃત્ય ઉપરોકત ઇ.પી.કોડની કલમ–૩૦૦ માં જણાવ્યા મુજબનું હતુ પરંતુ તફાવત એટલો છે કે આ કૃત્યથી ભોગ બનનારનું મૃત્યુ નિપજેલ નથી.**

**(૧૫) ઉપરોકત બાબત અંગે તબીબી પુરાવાનું મુલ્યાંકન :**

**૧૫.૧ તબીબી પુરાવા અંગે. :**

**૧૫.૨** કોઇપણ કેસમાં જે ઇજા અંગે પુરાવો રજુ થાય તેમાં માત્ર ઇજા અંગેનું સર્ટી. રજુ થાય અને આ સર્ટી. અંગે ભારતીય પુરાવા ધારાની કલમ–૩૨ મુજબના સંજોગો અસ્તીત્વમાં ન હોય તો, આ મેડીકલ સર્ટી. માત્ર હીયર સે એવીડન્સ બને છે અને જે સબસ્ટન્શીયલ પુરાવો છે તે આવા તબીબનો પુરાવો કે જેને ભારતીય પુરાવા ધારાની કલમ–૪૫ મુજબ નિષ્ણાંતનો પુરાવો કહે છે અને આવા નિષ્ણાંતનો પુરાવો ભારતીય પુરાવા ધારાની કલમ–૬૦ માં આવરી લેવામાં આવેલ છે તે આવા નિષ્ણાંતનો પુરાવો સબસ્ટન્શીયલ પુરાવો બને છે.

**૧૫.૩** આ કામમાં મધુબેનને તથા સાહેદ જયાબેનને થયેલ ઇજા અંગે પ્રથમ મેંદરડા ખાતે સારવાર કરનાર તબીબ **ડો. રાકેશકુમાર રામસખાસિંહ સિન્હા પી.ડબલ્યુ.૧૦ ને આંક–૪૫** થી તપાસેલા છે અને તેઓએ તેમના આ પુરાવાના પેરા–૨,૩,૪ તથા ૫ માં નીચે મુજબની હકીકત જણાવેલી છે.

''(૨) દર્દીને તપાસતા સંપુર્ણ ભાનમા માલુમ પડેલા હતા અને તેમને નીચે મુજબની ઈજાઓ જોવા મળેલ હતી.

(૨.૧) જમણા પગના અંગુઠાના મુળમા ૧ સે.મી.×૦.૨૫ સે.મી.×૦.૫૦ ઈંચ ના માપનો કપાયેલો ઘા જોવા મળેલો હતો.

(૨.૨) ડાબા સાથળના નીચેના ભાગે ૧.૫ ઈંચ× ૦.૫૦ ઈંચ × ૨ ઈંચના માપનો છરીથી મારેલો ભોંકાયેલો ઘા જોવા મળેલો હતો.

(૨.૩) જમણા ઘુંટણ ઉપર ૧.૫ ઈંચ ×૦.૨૫ સે.મી.×૦.૨૫ સે.મી.ના માપનો કપાયેલો ઘા જોવામા આવેલો હતો.

(૨.૪) ડાબા પગની નીચેના ભાગે ૧ ઈંચ × ૦.૫ સે.મી.× ૨ ઈંચના માપનો કપાયેલો અને ભોંકાયેલો ઘા જોવા મળેલો હતો.

(૨.૫) ડાબા સાથળમા નીચેના ભાગે ૧.૫ ઈંચ × ૦.૫ સે.મી.×૨ ઈંચ ના માપનો ભોંકાયેલો

ઘા જોવા મળેલો હતો.

(૨.૬) ડાબા સાથળના વચ્ચેથી ઉપર અંદરની બાજુએ ૧ ઈંચ × ૦.૫ સે.મી.× ૧.૫ ઈંચ ના માપનો ભોંકાયેલો ઘા જોવામા મળેલો હતો.

(૨.૭) ડાબા સાથળના પાછળના વચ્ચેના ભાગે ૧ ઈંચ × ૦.૫ સે.મી. × ૨ ઈંચની ઉંડાઈનો ભોંકાયેલો ઘા જોવા મળેલો હતો.

(૨.૮) જમણા હાથના કોણીથી ખંભાના વચ્ચેના ભાગે ૦.૫ સે.મી.×૨ ઈંચના માપનો ભોંકાયેલો ઘા જોવા મળેલો હતો.

(૨.૯) પેટની ડાબી બાજુએ નીચેના ભાગે બહારની બાજુએ ૧ ઈંચ ×૦.૫ ઈંચનો જેની ઉંડાઈ પેટના પોલાણ સુધીનો ભોંકાયેલો ઘા જોવા મળેલો હતો. જેનાથી પેટના અંદરના અવયવો બહાર નીકળી ગયેલા હતા.

(૨.૧૦) કમરની ડાબી બાજુએ ઉપરની બાજુએ ૧ ઈંચ × ૦.૫ ઈંચ × ૪ સે.મી.ના માપનો ભોંકાયેલો ઘા જોવા મળેલો હતો.

આ બધી ઈજાઓની માર્જીન તિક્ષ્ણ હતી એટલે કે, આ બધી ઈજાઓ તિક્ષ્ણ અને ધારદાર તથા અણી વાળા હથીયારથી થઈ શકે તેવા પ્રકારની હતી અને બધી ઈજાઓ તાજી હતી અને ઈજાઓમાં જોતા ઈજા થવાના કારણે પહોળી થઈ ગયેલ હતી અને આ ઈજાઓ પૈકી અમુક ઈજાઓમાથી લોહી નીકળતુ હતુ અને અમુક ઈજાઓમા લોહી જામેલુ હતુ.

(૩) આ દર્દીને પ્રાથમીક સારવાર આપીને ઓ.પી.ડી. કેસ પેપર્સ સાથે તા.૦૧/૦૭/૨૦૨૦ ના કલાક ૦૬:૩૦ વાગ્યે સીવીલ હોસ્પીટલ,જુનાગઢખાતે મોકલવામા આવેલા હતા.

(૪) આ દર્દીને મે સારવારનુ સર્ટીફીકેટ આપેલ હતુ જે આ કામે **માર્ક ૦૭/૧૩** થી રજુ છે જોઈને કહુ છુ કે,જે મારા હસ્તાક્ષરમા છે અને તેમા મારી સહી છે જે હું ઓળખી બતાવુ છુ જે **રજુ દાખલ આંક-૪૬** આપવામા આવે છે.

(૫) આ દર્દીને થયેલ ઈજાઓ મૃત્યુ નીપજાવી શકે તેવી ગંભીર પ્રકારની હતી.''

**૧૫.૪** આમ, ઉપરોકત તબીબે સ્પષ્ટપણે જણાવેલુ છે કે, ભોગ બનનારને જે ઈજાઓ હતી તે કપાયેલી, ભોકાયેલી હતી અને ખાસ કરીને ઈજા નં.૨.૯ અને ૨.૧૦ માં નીચે મુજબની હકીકત જણાવેલી છે.

**Sessions Judge**
**Junagadh**

''(૨.૯) પેટની ડાબી બાજુએ નીચેના ભાગે બહારની બાજુએ ૧ ઈંચ ×૦.૫ ઈંચનો જેની ઉંડાઈ પેટના પોલાણ સુધીનો ભોંકાયેલો ઘા જોવા મળેલો હતો. જેનાથી પેટના અંદરના અવયવો બહાર નીકળી ગયેલા હતા.

(૨.૧૦) કમરની ડાબી બાજુએ ઉપરની બાજુએ ૧ ઈંચ × ૦.૫ ઈંચ × ૪ સે.મી.ના માપનો ભોંકાયેલો ઘા જોવા મળેલો હતો.''

**૧૫.૫** ઉપરોકત બાબત અંગે જે ઉલટ તપાસ કરવામાં આવી છે તે જોવામાં આવે તો, પેરા–૧૩ માં આરોપી તરફે પણ એવી હકીકત લાવવામાં આવેલ છે કે, ''એ વાત ખરી છે કે, લગભગ મોટા ભાગની ઈજાઓ ભોકાયેલી ઈજાઓ છે.''

**૧૫.૬** આમ, ઈજા નં.૨.૯ અને ૨.૧૦ શરીરના મહત્વના અંગો ઉપર થયેલી છે અને આ ઈજાઓ ભોગ બનનારના શરીર ઉપર નથી તેવી કોઈ હકીકત આરોપી તરફે પ્રિપોન્ડરન્સ ઓફ પ્રોબેબીલીટીના ધોરણે રેકર્ડ ઉપર લાવવામાં આવેલ નથી. કોઈપણ વ્યકિતને ઈજાઓ કરવામાં આવે ત્યારે ઈજાઓનો પ્રકાર, ઈજાઓની સંખ્યા, શરીરનો ટારગેટ કરેલો ભાગ અને કેવા પ્રકારના પદાર્થથી ઈજાઓ કરવામાં આવી છે તેનાથી વ્યકિતનો ઈરાદો સ્પષ્ટ થાય છે અને આ કેસમાં જે પ્રકારની કપાયેલી અને ભોકાયેલી ઈજાઓ છે, તેમજ ઈજાઓની સંખ્યા છે તે જોતા તેમજ પેટનો ડાબો ભાગ અને કમરનો ડાબો ભાગ ટારગેટ કરવામાં આવેલ છે અને તબીબે જે પ્રકારનો અભિપ્રાય કયા પદાર્થથી આ ઈજાઓ થઈ શકે તે આપેલ છે તે જોતા ભોગ બનનારને જે ઈજાઓ થયેલ છે તે ઈ.પી.કોડની કલમ–૩૦૭ ની સાથે ૨૯૯ અને ૩૦૦ વાંચતા ઈ.પી.કોડની કલમ–૩૦૭ માં પડે છે તે હકીકત વ્યાજબી શકથી પર સાબીત થાય છે.

**૧૫.૭** વધુમાં, ઉપરોકત ઈજા બાબતે તબીબ અશોકભાઈ, પી.ડી.યુ. હોસ્પીટલ રાજકોટને તપાસેલા છે અને તેઓએ પણ પેરા–૩ માં નીચે મુજબની ઈજાઓ જણાવેલી છે.

''(૩) ત્યારબાદ દર્દીને તપાસતા નીચે મુજબની ઈજાઓ જોવા મળેલ હતી.

(૩.૧) ડાબા પગની જાંઘ ઉપર ૩ સે.મી.નો ત્રાંસો ટાંકા લીધેલો ઘા જોવા મળેલ હતો.

(૩.૨) ડાબા ઘુંટણના ભાગે બહારની બાજુએ ૨ સે.મી.ના માપનો ટાંકા લીધેલો ઘા જોવા મળેલ હતો.

(૩.૩) ડાબા પગના ઉપરના ભાગે ૩ સે.મી.ના માપનો ટાંકા લીધેલો ઘા જોવા મળેલ હતો.

(૩.૪) જમણી જાંઘના ભાગે પાછળની બાજુએ ૩ સે.મી.ના માપનો ટાંકા લીધેલો ઘા જોવા મળેલ હતો.

(૩.૫) જમણી જાંઘની બાજુએ બહારની બાજુએ ૨ સે.મી.ના માપનો ટાંકા લીધેલો ઘા જોવા મળેલ હતો.

(૩.૬) પેટના નીચેના ભાગે ડાબી બાજુએ ૨ સે.મી.ના માપનો ટાંકા લીધેલો ઘા જોવા મળેલ હતો.

(૩.૭) પેટની ડાબી બાજુએ ઈજા નં.–૬ થી ૩ સે.મી. નીચે ૩ સે.મી.ના માપનો ટાં કા લીધેલો ઘા જોવા મળેલ હતો.

(૩.૮) ડાબા ખંભાના ભાગે સ્કેપ્યુલાના ભાગમા ૩ સે.મી.ના માપનો ટાંકા લીધેલો ઘા જોવા મળેલ હતો.''

અને પેરા–૮ માં નીચે મુજબની હકીકત જણાવેલ છે

''(૮) મે દર્દીને જોયેલ ફ્રેકચર સિવાયની તમામ ઈજાઓ છરી જેવા હથીયારથી થઈ શકે તેવી હતી. મને મુદામાલ આર્ટીકલ માર્ક ''એલ'' વાળી છરી બતાવવામા આવે છે જે જોઈને કહુ છુ કે, ફ્રેકચર સિવાયની તમામ ઈજાઓ આવી છરીથી થઈ શકે.''

અને ઉલટ તપાસ પેરા–૯ માં નીચે મુજબની હકીકત આવે છે.

''(૯) એ વાત ખરી છે કે, આ દર્દી અગાઉ સારવાર લઈને મારી પાસે આવેલા હતા. એ વાત ખરી છે કે, આ દર્દી અમારી હોસ્પીટલમા તા.૦૨/૦૭/૨૦૨૦ થી તા.૦૯/૦૭/૨૦૨૦ સુધી અંદરના દર્દી તરીકે રહેલ હતા. જો કોઈ વ્યકિત દોડતા દોડતા પથરાળ જમીન ઉપર પડી જાય તો આવી તમામ ઈજાઓ એકસાથે શકય નથી. એ વાત ખરી છે કે, જો કોઈ વ્યકિત જોરથી અથડાયતો ફ્રેકચર થઈ શકે.''

**૧૫.૮** વધુમાં, ઉપરોકત ઈજાઓ બાબતે તબીબ ચેરીસાબેનને પી.ડબલ્યુ.૧૨ તરીકે આંક–૬૨ થી તપાસેલા છે અને તેઓએ પેરા–૩ અને ૭ માં નીચે મુજબની



DISTRICT & SESSIONS COURT, JUNAGADH DISTRICT सत्यमेव जयते

હકીકત જણાવેલ છે.

''(૩) આ દર્દીને તપાસતા નીચે મુજબની ઈજાઓ જોવા મળેલ હતી.

(૩.૧) ડાબા ખંભાના ભાગે ૩ સે.મી.ના માપનો ટાંકા લીધેલો એક ઘા જોવા મળેલ હતો.

(૩.૨) ૩ સે.મી.ના માપનો જમણા હાથના ઉપરના ભાગે ટાંકા લીધેલો એક ઘા જોવા મળેલ હતો.

(૩.૩) ડાબા પગના ભાગે ૮ સે.મી.ના માપનો ટાંકા લીધેલો એક ઘા જોવા મળેલ હતો.

(૩.૪) ડાબા સાથળના ભાગે ૮ સે.મી.ના માપનો ટાંકા લીધેલો એક ઘા જોવા મળેલ હતો.

(૩.૫) જમણા સાથળના ભાગે ૩ સે.મી.ના માપનો ટાંકા લીધેલો એક ઘા જોવા મળેલ હતો.

(૩.૬) ડાબા સાથળના ભાગે ૪ સે.મી.ના માપનો ટાંકા લીધેલો એક ઘા જોવા મળેલ હતો.

(૩.૭) ડાબા ઘુંટણના અંદરના ભાગે ૪ સે.મી.ના માપનો ટાંકા લીધેલો એક ઘા જોવા મળેલ હતો.

(૩.૮) ડાબા ઘુંટણના અંદરના ભાગે ૧ સે.મી.ના માપનો ટાંકા લીધેલો એક ઘા જોવા મળેલ હતો.

(૩.૯) જમણા સાથળના અંદરના ભાગે ૬ સે.મી.ના માપનો ટાંકા લીધેલો એક ઘા જોવા મળેલ હતો.

(૩.૧૦) જમણા પગના પંજાના ઉપરના ભાગે ૧ સે.મી.ના માપનો ટાંકા લીધેલો એક ઘા જોવા મળેલ હતો.

(૩.૧૧) ૩ સે.મી.× ૧ સે.મી.ના માપનો એક ઈનસાઈઝ વુન્ડ ડાબી બાજુ જાંઘના ભાગે જોવા મળેલ હતો.

(૩.૧૨) ૩ સે.મી.× ૧ સે.મી.ના માપનો એક ઘા ઈજા નં.–૩.૧૧ ના પાછળના ભાગે એટલે કે, કમરના ભાગે હતી.''

(૭) મે દર્દીને તપાસેલ અને જોયેલ ઈજાઓ તિક્ષ્ણ હથીયારથી થઈ શકે એટલે કે, છરી જેવા પોઈન્ટેડ અને શાર્પ હથીયારથી થઈ શકે તેવી હતી. મને મુદામાલ આર્ટીકલ''એલ'' વાળી છરી બતાવતા જણાવુ છુ કે, મે જોયેલી ઈજાઓ આ છરીથી થઈ શકે તેવી હતી.''

અને તેમાં ઉલટ તપાસમાં પેરા–૧૨ અને ૧૩ માં નીચે મુજબની હકીકત મુકવાનો પ્રયત્ન કરેલ છે.

''(૧૨) એ વાત ખરી છે કે, આંક–૬૬ વાળા સર્ટીફીકેટમા મે દર્દીને થયેલ ઈજાઓ

DISTRICT & SESSIONS COURT, JUNAGADH
सत्यमेव जयते
JUNAGADH DISTRICT

જે જુબાનીમા જણાવેલ છે તે સર્ટીફીકેટ જણાવેલ નથી.સાહેદ સ્વૈચ્છાએ જણાવે છે કે, ઈજાઓ ઘણી હોય સર્ટીફીકેટમા જણાવેલ નથી પરંતુ કેસ પેપર્સમા જણાવેલ છે. એ વાત ખરી છે કે, મારી તપાસ દરમ્યાન દર્દીને ફ્રેકચર જણાય આવેલ નહી. એ વાત ખરી છે કે, દર્દીને કુલ–૧૨ ઈજાઓ હતી અને તે અગાઉ બીજા દવાખાનામાથી સારવાર લઈને આવેલા હતા. એ વાત ખરી છે કે, આ દર્દીને મે સારવાર કરેલ નથી પરંતુ ફકત ઈન્જેકશન આપેલ છે.

(૧૩) એ વાત ખરી છે કે, જો કોઈ વ્યકિત દોડતો હોય અને અણીદાર પથ્થર પર પડેતો આવી ઈજા થઈ શકે. એ વાત ખરી છે કે, દર્દી જયાબેનને થયેલ ઈજા જો કોઈ વ્યકિત મોટર સાયકલ ઉપરથી નીચે પડે અને અણીદાર પથ્થર સાથે અથડાઈ તો આવી ઈજા થઈ શકે. એ વાત ખરી છે કે, જો કોઈ વ્યકિતને ગંભીર ઈજા થયેલ હોય તો તેને સારવાર આપ્યા સિવાય રીફર કરવામા આવે છે. એ વાત ખરી છે કે, આ દર્દી ગંભીર હાલતમા ન હતા જેથી એક દીવસ સારવાર આપેલી હતી.''

**૧૫.૯** પરંતુ, ઉપરોકત તમામ તબીબોએ જે પુરાવો આપેલ છે ઈજા બાબતનો કે કયા પ્રકારના હથિયારથી ઈજાઓ થઈ શકે તે બાબતનું કોઈ ખંડન આરોપી તરફે થઈ શકેલ નથી.

## (૧૬) જયાબેનને થયેલ ઈજા અંગે :

**૧૬.૧** ફરીયાદપક્ષના કેસ મુજબ જયાબેનની ઈજાઓ બાબતે ઈ.પી.કોડની કલમ––૩૨૪ ના તત્વો સંતોષાય છે. ઉપરોકત સંજોગોમાં ઈ.પી.કોડની કલમ–૩૨૪ રજુ કરવી જરુરી છે જે નીચે મુજબ છે.

324. **Voluntarily causing hurt by dangerous weapons or means** :–

Whoever, except in the case provided for by section 334, voluntarily causes hurt by means of any instrument for shooting, stabbing or cutting, or any instrument which, used as weapon of offence, is likely to cause death, or by means of fire or any heated substance, or by means of any poison or any corrosive substance, or by means of any explosive substance or by means of any substance which it is deleterious 10 the human body to inhale, to

swallow, or to receive into the blood, or by means of any animal, shall be punished with imprisonment of either description for a term which may extend to three years, or with fine, or with both.

ઈ.પી.કોડની કલમ–૩૨૪ માં ઈજાનો ઉલ્લેખ છે તેથી ઈ.પી.કોડની કલમ–૩૧૯ પણ રજુ કરવી જરુરી છે જે નીચે મુજબ છે.

**319. Hurt.—** Whoever causes bodily pain, disease or infirmity to any person is said to cause hurt.

આમ, વ્યથામાં ઉપરોકત કલમ મુજબ કોઈ વ્યકિતને શારીરીક પીડા, રોગ અથવા અશકિત નિપજાવવામાં આવે તો તેને વ્યથા કરી કહેવાય.

**૧૬.૨** આમ, ફરીયાદપક્ષે ઈ.પી.કોડની કલમ–૩૨૪ ના તત્વો સાબીત કરવા માટે ઈ.પી.કોડમાં જણાવેલ ૩૧૯ ના તત્વો અને તેની સાથે ઈ.પી.કોડમાં જણાવેલ ૩૨૪ માં જણાવેલ વેપન્સ કે મીન્સ સાબીત કરવાના રહે છે.

**૧૬.૩** તબીબે પેરા–૬ થી ૯ માં નીચે મુજબની હકીકત જણાવેલ છે.

''(૬) તે જ દીવસે એટલે કે, તા.૦૧/૦૭/૨૦૨૦ ના રોજ સાંજના કલાક ૦૫:૪૫ વાગ્યે જયાબેન લાખાભાઈને તેમના સગા સારવાર માટે લાવેલા હતા. સદર દર્દીને હીસ્ટ્રી પુછતા તેણે એવુ જણાવેલ કે, '' રવજીભાઈએ છરી વડે માર માર્યો છે.''

(૭) આ દર્દીને તપાસતા સંપુર્ણ સભાનઅવસ્થામા જણાય આવેલા હતા અને તેને નીચે મુજબની ઈજાઓ જોવા મળેલ હતી.

(૭.૧) ડાબા હાથના કોણીથી કાંડાના વચ્ચેના આગળના ભાગે ૧.૫ ઈંચ × ૦.૨૫ સે.મી. × ૦.૨૫ સે.મી.ના માપની કપાયેલી ઈજા જોવા મળેલ હતી.

આ દર્દીને તેની રજુઆત ધ્યાને લઈ સીવીલ હોસ્પીટલ,જુનાગઢ ખાતે તે જ દીવસે ૦૬:૦૦ કલાકે રીફર કરવામા આવેલ હતા. આ ઈજા તિક્ષ્ણ અને ધારદાર હથીયારથી થઈ શકે તેવી હતી અને આ ઈજા કોઈપણ કોમ્પ્લીકેશન ન થાય તો સાત દીવસમા સારી થઈ શકે તેવી હતી.

(૮) આ દર્દીને મે સારવારનુ સર્ટીફીકેટ આપેલ હતુ જે આ કામે **<u>માર્ક ૦૭/૧૪</u>** થી રજુ છે જોઈને કહુ છુ કે,જે મારા હસ્તાક્ષરમા છે અને તેમા મારી સહી છે જે હું ઓળખી બતાવુ છુ જે **<u>રજુ દાખલ આંક–૪૭</u>** આપવામા આવે છે.

(૯) મને મુદામાલ આર્ટીકલ માર્ક ''કે'' વાળી છરી બતાવવામા આવે છે જે જોઈને જણાવુ છુ કે, મે બંને દર્દીઓને તપાસણી વખતે જોયેલી ઈજાઓ આ હથીયારથી થઈ શકે તેવી હતી.''

**૧૬.૪** ઉપરોકત હકીકતનું કોઈ ખંડન આરોપીની ઉલટ તપાસ જોતા થયેલ નથી તે સંજોગોમાં તબીબે પેરા–૯ માં જે હકીકત જણાવેલી છે તે જોતા અને ઈજાનો પ્રકાર જોતા ઈ.પી.કોડની કલમ–૩૨૪ ના તત્વો ઈજા બાબતે વ્યાજબી શકથી પર સાબીત થાય છે.

**ઉપરોકત બાબતે આરોપી તરફે દલીલ :**

આરોપી તરફે ત્રણેય તબીબોની ઉલટ તપાસ અને સરતપાસ વાંચ્યા બાદ અને લેખિત દલીલમાં રજુ કર્યા બાદ એવી દલીલ કરેલ છે કે, ઉપરોકત ત્રણ ડોકટરશ્રીની જુબાની લેવામાં આવેલ છે અને તેમાં સંભાવના બતાવવા માટે ઉલટ તપાસમાં પ્રશ્ન પુછવામાં આવેલ છે અને તેમાં ત્રણેય ડોકટરશ્રીના અલગ અલગ અભિપ્રાય આપેલ છે.

**ઉપરોકત દલીલનો જવાબ :**

આ કામમાં ચર્ચા કરી તે મુજબ કયા પ્રકારની અને કયા પદાર્થથી ઈજાઓ થયેલ છે તે હકીકત રેકર્ડ ઉપર આવેલ છે અને તે સંજોગોમાં ઉપરોકત દલીલનો લાભ આરોપીને મળી શકે તેમ નથી.

DISTRICT & SESSIONS COURT, JUNAGADH
सत्यमेव जयते
JUNAGADH DISTRICT

**(૧૭) ઉપરોકત ઈજાઓ બાબતે આરોપીની સંડોવણી અંગે:**

આરોપીની સંડોવણી માટે ફરીયાદપક્ષે સીધા પુરાવા ઉપર પણ આધાર રાખેલ છે જેમાં ઈજા પામનારાઓ મધુબેન અને જયાબેનનો સમાવેશ થાય છે તથા બનાવ બાદ ઉપરોકત હકીકત જે જીતુબેનને કીધેલી એટલે કે, ભારતીય પુરાવા ધારાની કલમ–૬ ઉપર પણ આધાર રાખેલ છે તેમજ તેજ રીતે, ભોગ બનનારાઓ બનાવ બાદ તરતજ તબીબોને જે હીસ્ટ્રી આપેલી તે એટલે કે, ભારતીય પુરાવા ધારાની કલમ–૬ એટલે કે, હીયર સે પુરાવાના અપવાદ ઉપર આધાર રાખેલ છે.

**૧૭.૧** વધુમાં, ફરીયાદપક્ષે આરોપી પાસેથી કબજે કરેલ છરી ઉપર ભોગ બનનારના

લોહીનું જુથ આવેલ છે તે રીતે પણ આધાર રાખેલ છે તેમજ આરોપીના શર્ટ અને પેન્ટમાં પણ ભોગ બનનારનું લોહીનું જુથ આવેલ છે તેના ઉપર આધાર રાખેલ છે.

## (૧૮) ભોગ બનનાર મધુબેનના પુરાવા અંગે :

આ કામમાં ભોગ બનનાર મધુબેનપે પી.ડબલ્યુ.૨ તરીકે આંક–૨૭ થી તપાસેલા છે અને તેના પેરા–૩, ૪, ૬ અને ૮ માં નીચે મુજબની હકીકત જણાવેલ છે.

''(૩) ત્યારબાદ મારા મમ્મીએ મને આપેલ મેંદરડા મુકામેના મકાને મારા પતિ રવજીભાઈ લાખાભાઈ રહેવા આવતા રહેલા હતા. આ દરમ્યાન મારા પતિ મેંદરડા મુકામે મારા બહેન જીતુબેન રહે છે તેને ત્યાં જમવા ગયેલા ત્યારે તેણે મારા બહેનને એવી વાત કરેલ કે, મારા દીકરા નિલેશને મારી નાખવો છે. આવી વાત મારા બહેન જીતુબેનએ મને ફોન કરી જાણ કરેલી હતી.

(૪) ત્યારબાદ મારો સામાન મેંદરડા મારા મકાને પડેલ હતો તે લેવા માટે હું તથા મારા બા તથા મારા મામાની દીકરી સોનલબેન સાથે ગયેલા અને મેંદરડા બારેક વાગ્યાના અરસામા પહોંચેલા ત્યારે અમારા મકાને મારા પતિ હાજર ન હતા અને મકાનને તાળુ મારેલ હતુ અને ત્યારબાદ હું મારા બહેન જીતુબેનના ઘરે જતી રહેલ હતી અને થોડા સમય પછી મારા મકાને જોવા માટે મારા દીકરાને મોકલેલ તો ત્યારે મારા પતિ હાજર હતા અને તેવી વાત મારા દીકરાએ આવીને કરતા હું, મારા મમ્મી સહિતના મારા મકાને સામાન લેવા માટે ગયેલા હતા. ત્યારે અમોએ બીજા બે માણસોને હાજર રહેવા માટે જણાવેલ કારણ કે, મારા પતિએ છરી મારવાની અગાઉ વાત કરેલ હતી.

(૬) ત્યારબાદ મને સારવાર માટે પ્રથમ મેંદરડા સરકારી દવાખાનામા ૧૦૮ એમ્બ્યુલન્સ મારફત લઈ ગયેલા હતા. ત્યાં પ્રાથમીક સારવાર આપ્યા બાદ મને જુનાગઢ સરકારી ડહોસ્પીટલમા મોકલવામા આવેલ હતી. મેંદરડાના ડોકટરશ્રીએ મને થયેલ ઈજા બાબતે પુછતા મે મને આરોપીએ છરી મારતા ઈજાઓ થયેલ હોવાનુ જણાવેલ હતુ. ત્યારબાદ જુનાગઢ હોસ્પીટલમા હું સારવારમા ગયેલ ત્યારે પણ મે ડોકટરશ્રીને મને થયેલ ઈજાઓ બાબતેની ઉપર મુજબની વાત કરેલ હતી. હું જુનાગઢ સીવીલ હોસ્પીટલમા સારવારમા હતી તે દરમ્યાન પોલીસ મારી પાસે આવેલ હતી અને ત્યારે મે પોલીસને ઉપરોકત બનાવની હકીકત લખાવેલ હતી તે મુજબની ફરીયાદ પોલીસે લખી લીધેલ હતી.

(૮) હું જુનાગઢ સીવીલ હોસ્પીટલમા સારવારમા હતી તે દરમ્યાન પોલીસ સિવાય એક

અધિકારી મારી પુછપરછ કરવા આવેલા હતા. તેઓને મે બનાવ સંબંધીત હકીકત લખાવેલ હતી. મને માર્ક ૦૭/૦૪ વાળુ ડી.ડી. બતાવવામા આવે છે જેમા મારા અંગુઠાનુ નિશાન છે જે હું ઓળખી બતાવુ છુ.''

અને પેરા–૧૧ માં નીચે મુજબની હકીકત જણાવેલ છે.

''(૧૧)મને જે છરીથી ઈજા થયેલી તે મને બતાવવામા આવે તો હું ઓળખી શકુ. મને મુદામાલ આર્ટીકલ માર્ક''એલ'' જે શીલબંધ હાલતમા છે તે ખોલીને જોતા તેમાથી એક છરી નીકળેલ છે જે જોઈને કહુ છુ કે, આ તે જ છરી છે જેનાથી મને આરોપીએ ઈજા પહોંચાડેલ હતી.''

**૧૮.૧** આમ, સરતપાસમાં આરોપી ભોગ બનનારના પતિ થતા હોવાની હકીકત અને આરોપીએ જ ભોગ બનનારને આ ઈજાઓ કરેલી છે તેવી હકીકત જણાવેલી છે. ઉપરોકત બાબતે આરોપી તરફે થયેલ ઉલટ તપાસ જોવામાં આવે તો, તેમાં એ હકીકત સ્વીકારેલી છે કે, ભોગ બનનાર આરોપીના પત્ની હતા અને તેમાં એવો કેસ મુકવાનો પ્રયત્ન કરેલ છે કે,

''(૧૫) હું હરેશભાઈ ટીડાભાઈ વાઘેલા,રહે.રસુલપરા,ગીરગઢડા વાળાને ઓળખતી નથી. એ વાત ખરી નથી કે, હું તા.૦૬/૧૧/૨૦૧૯ ના રોજ આ હરેશભાઈ ટીડાભાઈ સાથે મારા બંને બાળકોને લઈને રહેવા જતી રહેલી હતી. સને–૨૦૧૯ થી સને–૨૦૨૦ દરમ્યાન હું રાજકોટ રહેતી હતી. એ વાત ખરી નથી કે, હું હરેશભાઈ સાથે રાજકોટ મુકામે ભરવાડના મકાનમા ભાડે રહેતી હતી. એ વાત ખરી નથી કે, મારા પતિએ મારા તથા હરેશભાઈ વિરુધ્ધ મેંદરડા પો.સ્ટે.મા તા.૦૩/૧૨/૨૦૧૯ ના રોજ ફરીયાદ કરેલ હતી. એ વાત ખરી નથી કે, હું મારા પતિના ઘરેથી રૂપીયા સાંઈઠ હજાર રોકડા તથા સોનાની બુટી લઈને હરેશભાઈ સાથે રહેવા જતી રહેલી હતી.''

**૧૮.૨** પરંતુ ઉપરોકત પેરા–૧૫ જોતા તે હકીકતનો ભોગ બનનારે ઈન્કાર કરેલ છે.

**૧૮.૩** વધુમાં, આરોપી તરફે પેરા–૧૬ માં નીચે મુજબની હકીકત પણ મુકેલી છે.

'' મારા પતિ બપોરે દોઢ વાગ્યે ઘરે આવેલાનુ મારો દીકરો ત્યાં જતા તેણે ખબર પડતા તેને મને કહેલ હતુ. એ વાત ખરી છે કે, અમે પહેલીવાર મારા ઘરે ગયા ત્યારે મારા પતિ ઘરે ન હતા.''

**૧૮.૪** વધુમાં, પેરા–૧૭ માં એવી હકીકત પણ મુકવાનો પ્રયત્ન કરેલ છે.

''(૧૭) એ વાત ખરી છે કે, ત્યાં ઘણા બધા કાચા તથા પથ્થરવાળા મકાનો આવેલા છે. એ વાત ખરી છે કે, બનાવના દીવસે સવારથી સાંજ સુધી હું સાતવડલા ગામે હતી. એ વાત ખરી નથી કે, મારા આ મકાનની આજુબાજુ ઘણો બધો ભંગાર પણ પડેલો હોય છે. એ વાત ખરી નથી કે, બનાવ

વખતે મકાન બંધ હોય હું પતરા ઉપર ચડી મકાનની અંદર જવાનો પ્રયત્ન કરતા લપસી જતા મને ઈજા થયેલી.''

**૧૮.૫** આમ, ઉપરોકત સરતપાસ અને ઉલટ તપાસની હકીકત લક્ષમાં લેતા એ હકીકત બહાર આવે છે કે, બનાવ વખતે આરોપી અને ભોગ બનનાર બંને બનાવ સ્થળે હતા અને ભોગ બનનારને ઈજાઓ આરોપીએ જ કરેલી છે.

## (૧૯) તબીબ રૂબરૂ બનાવ અંગેની આપેલી હીસ્ટ્રી અંગે :

**૧૯.૧** આ કામમાં જે હકીકત ડી.ડી. સ્વરુપે ભોગ બનનારાઓએ તબીબ રાકેશકુમાર, તબીબ અશોકભાઈ અને તબીબ ચેરીસાબેન રાણીંગા તથા સાહેદ જીતુબેનને જણાવેલી છે તે હકીકત ભારતીય પુરાવા ધારાની કલમ–૬ મુજબ સબસ્ટન્શીયલ પુરાવો બને છે અને તે માટે ભારતીય પુરાવા ધારાની કલમ–૬ રજુ કરવી જરુરી છે જે નીચે મુજબ છે.

''**6. Relevancy of facts forming part of same transaction :-**

Facts which, though not in issue, are so connected with a fact in issue as to form part of the same transaction, are relevant, whether they occurred at the same time and place or at different times and places.

**Illustrations**

(a) A is accused of the murder of B by beating him. Whatever was said or done by A or B or the by-standers at the beating, or so shortly or after it as to form part of the transaction, is a relevant fact.

(b) A is accused of waging war against the 1[ Government of India] by taking part in an armed insurrection in which property is destroyed troops are



DISTRICT & SESSIONS COURT, JUNAGADH. * JUNAGADH DISTRICT *

attacked and goals are broken open. The occurrence of these facts is relevant, as forming part of the general transaction, though A may not have been present at all of them.

(c) A sues B for a libel contained in a letter forming part of a correspondence. Letters between the parties relating to the subject out of which the libel arose, and forming part of the correspondence in which it is contained, are relevant facts, though they do not contain the libel itself.

(d) The question is, whether certain goods ordered from B were delivered to A. The goods were delivered to several intermediate persons successively. Each delivery is a relevant fact."

**૧૯.૨** આમ, બનાવ સ્થળે જે ભોગ બનનારાઓ હતા તેઓએ બનાવની તબીબોને અને જીતુબેનને જણાવેલી છે તે હકીકત ભારતીય પુરાવા ધારાની કલમ–૬ મુજબ ભલે હીયર સે હોય પરંતુ તે રેસગેસ્ટે ના સિધ્ધાંત તથા કથોપથિત પુરાવાના (હીયર સે) સિધ્ધાંત મુજબ પ્રસ્તુત બને છે અને સબસ્ટન્શીયલ બને છે કારણ કે, નામ. સુપ્રિમ કોર્ટે બાલુ સુદામ ખલડે અને બીજાઓ વિરુધ્ધ સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર નો જે ચુકાદો ૨૦૨૩ લાઈવલો (સુ.કો.) ૨૭૯ ઉપર પ્રદર્શીત થયેલ છે તેમાં એવો સિધ્ધાંત પ્રતિપાદિત કરેલ છે કે, ભારતીય પુરાવા ધારાની કલમ–૬ માં પડતો પુરાવો પણ સબસ્ટન્શીયલ પુરાવો બને છે.

**૧૯.૩** ઉપરોકત બાબતના સમર્થનમાં તબીબ પી.ડબલ્યુ.૧૦ એ સૌપ્રથમ તેઓને ત્યાં આ મધુબેનને સારવાર માટે લઈ ગયેલ છે તે તબીબે ભોગ બનનારે આપેલ હીસ્ટ્રીમાં એવુ કીધેલ છે કે,

**Sessions Judge
Junagadh**

''દર્દીને પુછતા તેઓએ હીસ્ટ્રીમાં જણાવેલ કે, ''રવજીભાઇએ કે જે મારા ઘરવાળાએ છરી વડે માર મારેલો છે.''

**૧૯.૪** ઉપરોકત તબીબ હીસ્ટ્રી આપેલ નથી તેનું કોઇ ખંડન આરોપી તરફે થયેલ નથી.

**૧૯.૫** વધુમાં, ઉપરેકત તબીબ બાદ ભોગ બનનારને જુનાગઢ સીવીલ હોસ્પીટલમાં લઇ ગયેલા છે અને તેઓએ પણ સરતપાસના પેરા-૧ માં નીચે મુજબની હકીકત જણાવેલ છે.

''હું સને-૨૦૨૦ મા સીવીલ હોસ્પીટલ,જુનાગઢખાતે મેડીકલ ઓફીસર તરીકે મારી ફરજ બજાવતી હતી તે દરમ્યાન તા.૦૧/૦૭/૨૦૨૦ ના રોજ દર્દી મધુબેન રવજીભાઈ મારી પાસે સારવારમા તેમના સગા સાંજના કલાક ૦૬:૪૦ વાગ્યે સારવાર માટે લાવેલા હતા. તેઓને પુછતા તેણે જણાવેલ કે,'' મારા પતિ રવજીભાઈએ છરીથી હુમલો કરી અનેક જગ્યાએ ઈજાઓ કરેલ છે.''

**૧૯.૬** ઉપરોકત ઉપરોકત તબીબ હીસ્ટ્રી આપેલ નથી તેનું કોઇ ખંડન આરોપી તરફે થયેલ નથી.

**૧૯.૭** ત્યારબાદ ભોગ બનનારને રાજકોટ પી.ડી.યુ. હોસ્પીટલમાં લઇ ગયેલ છે અને તેઓએ પેરા-૨ માં નીચે મુજબની હકીકત જણાવેલ છે.

''દર્દી સંપુર્ણપણે સભાનઅવસ્થામા હતા અને તેના જણાવ્યા પ્રમાણે '' ગઈકાલે સાંજે સાડા પાંચ વાગ્યાની આસપાસ મેંદરડા મારા ઘરે મારા ઘરવાળા રવજીભાઈ લાખાભાઈ મારી બા ની હાજરીમા બંને પગે, વાંસામા તથા પેટમા છરી મારેલ છે.''

**૧૯.૮** ઉપરોકત તબીબ હીસ્ટ્રી આપેલ નથી તેનું કોઇ ખંડન આરોપી તરફે થયેલ નથી.

**(૨૦) આરોપી પાસેથી કબજે કરેલ છરી અને આરોપીના કબજે કરેલ કપડા બાબતે :**

**૨૦.૧** ઉપરોકત પંચનામાના પંચ પ્રતાપભાઇ પી.ડબલ્યુ.૫ અને જીતેશભાઇ પી.ડબલ્યુ.૬ ને અનુક્રમે આંક-૩૩ અને ૩૭ થી તપાસેલા છે. ઉપરોકત બંને પંચોએ તેઓની સરતપાસ કે એ.પી.પી.શ્રીએ કરેલ ભારતીય પુરાવા ધારાની કલમ-૧૫૪ મુજબની ઉલટ તપાસમાં લેશમાત્ર સમર્થન આંક-૩૪ ના પંચનામાને આપેલ નથી.

**૨૦.૨** ઉપરોકત પંચનામુ જેમની રૂબરૂમાં થયેલ છે તે રવિરાજસિંહ પી.ડબલ્યુ.૧૩

તરીકે આંક–૬૯ થી તપાસેલા છે. ઉપરોકત બાબતે તેઓએ પેરા–૭ માં નીચે મુજબનો પુરાવો આપેલ છે.

''(૭) મે મારી તપાસ દરમ્યાન આંક–૩૩ થી તા.૦૨/૦૭/૨૦૨૦ ના રોજ આરોપીનુ શરિર સ્થિતીનુ પંચનામુ પંચ પ્રતાપ એભલભાઈ તથા જીતેશભાઈ લખુભાઈની હાજરીમા તૈયાર કરેલુ અને તૈયાર કર્યા બાદ તે પંચનામુ અમો પંચોને વાંચી સંભળાવેલ અને વાંચી સંભળાવ્યા બાદ તેમા અમોએ પંચો ની સહીઓ લીધેલ અને રૂબરૂ તરીકે અમોએ સહી કરેલી. પંચનામાની વિગતે મુદામાલ છરી,કપડા,મોબાઈલ તથા મો.સા.કબજે કરેલ હતા.''

**૨૦.૩** આ કામમાં એ હકીકત બીનતકરારી છે કે, બનાવ તા.૧–૭–૨૦ ના રોજ બનેલ છે અને ઉપરોકત આંક–૩૪ નું પંચનામુ જોતા તે દિવસે આરોપી મળી આવેલ નથી અને આરોપી તા.૨–૭–૨૦ ના રોજ રાત્રીના સમયે ૨૦–૧૫ થી ૨૧–૪૫ સુધીના સમયમાં મળી આવેલ છે તે સંજોગોમાં તેવી વ્યાજબી શંકા ઉત્પન્ન થાય કે, બનાવ તા.૧–૭–૨૦ ના પાંચેક વાગ્યે બને અને આરોપી ૨૪ કલાક કરતા વધુ સમય બાદ મળી આવે ત્યારે આરોપી આવુ હથિયાર સાથે લઈને ફરે તે હકીકત બાબતે વ્યાજબી શંકા ઉત્પન્ન થાય છે પરંતુ કપડા તે દિવસે પહેરી રાખે તે હકીકત માનવા લાયક છે કારણ કે આરોપી જયાં રહેતા હતા ત્યાં જ બનાવ બનેલ છે અને ત્યાંથી આરોપી હાથ લાગેલ નથી તેથી ઉપરોકત સરતપાસની વિગત લક્ષમાં લેતા અને તેની સાથે પેરા–૧૬ ની હકીકત જે ઉલટ તપાસની છે તે લક્ષમાં લેતા આંક–૩૪ ના પંચનામામા જણાવેલ કપડા આરોપી પાસેથી કબજે કરેલ છે તે હકીકત વ્યાજબી શકથી પર સાબીત થાય છે.

**ઉપરોકત બાબતે આરોપી તરફે થયેલ દલીલ અંગે :**

ત્યારબાદ ફરીયાદ પક્ષ પંચની આંક–૩૨ થી પ્રતાપભાઈ એભલભાઈ બાબરીયાની જુબાની થયેલ છે,જે પંચ પ્રોશીકયુશન ને સપોર્ટ ન કરતા હોવાથી તે ફરી ગયેલ જાહેર થયેલ છે જેથી પણ પંચ ફરીયાદ પક્ષને સમર્થન આપતા નથી તેવુ સ્પષ્ટ થાય છે. તેમજ પંચ ઉલટ તપાસમાં એવી હકકીત નો સ્વીકાર કરેલ છે કે,એ વાત ખરી છે કે, મે સહી કરી ત્યારે લોકડાઉન હતુ.

ત્યારબાદ ફરીયાદ પક્ષ પંચની આંક–૩૭ થી જીગ્નેશભાઈ લખુભાઈ બાબરીયાની જુબાની થયેલ છે, જે પંચ પ્રોશીકયુશન ને સપોર્ટ ન કરતા હોવાથી તે ફરી ગયેલ જાહેર થયેલ છે જેથી પણ પંચ ફરીયાદ પક્ષને સમર્થન આપતા નથી તેવુ

સ્પષ્ટ થાય છે. તેમજ પંચ ઉલટ તપાસમાં એવી હકકીત નો સ્વીકાર કરેલ છે કે, એ વાત ખરી છે કે, મે સહી કરી ત્યારે લોકડાઉન હતુ.

**ઉપરોકત દલીલનો જવાબ :**

એ હકીકત બીનતકરારી છે કે, ઉપરોકત પંચોએ પંચનામાને સમર્થન કરેલ નથી પરંતુ ઉપર ચર્ચા કરી તે અનુસંધાને પંચો ફરી ગયેલા છે તેનો લાભ આરોપી પક્ષને ખાસ કરીને આ દલીલનો મળી શકે તેમ નથી.

## (૨૧) આરોપીનું લેવામાં આવેલ બ્લડ સેમ્પલ અંગે :

**૨૧.૧** આ કામમાં ફરીયાદપક્ષે પી.ડબલ્યુ.૧૦ તરીકે સાહેદ રાકેશકુમારને તપાસેલા છે અને તેઓએ પેરા–૧૦ માં નીચે મુજબની હકીકત જણાવેલી છે.

''(૧૦) તા.૦૫/૦૭/૨૦૨૦ ના રોજ હું મારી ફરજ પર હાજર હતો ત્યારે પી.એસ.આઈ. મેંદરડાના શ્રી એ.બી.દેસાઈનાઓએ આ કામના આરોપી રવજીભાઈ લાખાભાઈના બ્લડ સેમ્પલ લેવા માટે યાદી સાથે તેઓને મારી સમક્ષ લાવવામા આવેલા હતા જે યાદીની ઓ/સી.આ કામે **માર્ક ૦૭/૨૧** થી રજુ છે જે મળ્યા અંગેની તેમા સમય નાખી અને સહી કરેલ છે જે **રજુ દાખલ આંક–૪૮** આપવામા આવે છે. આંક–૪૮ ની યાદીના અનુસંધાને મે સદર રવજીભાઈ લાખાભાઈ બારૈયાના બ્લડ સેમ્પલ લઈ શીલપેક કરી દવાખાનાનુ શીલ લગાવી પોલીસને આગળની તપાસ અર્થે મોકલેલ હતા જે અંગેની યાદી આ કામે **માર્ક ૦૭/૨૨** થી રજુ છે જેમા મારી સહી તથા હોસ્પીટલના શીલના નમુનાની પ્રિન્ટ કરવામા આવેલ છે જેમા મારી સહી ઓળખી બતાવુ છુ જે **રજુ દાખલ આંક–૪૯** આપવામા આવે છે. તે યાદી પી.એસ.ઓ.મેંદરડાએ સંભાળ્યા અંગેનો શેરો પણ તેમા કરવામા આવેલ છે.''

**૨૧.૨** ઉપરોકત બાબતનું કોઇ ખંડન આરોપી તરફે થયેલ નથી અને તે સંજોગોમાં આરોપીનું બ્લડ સેમ્પલ ઉપરોકત તબીબે લીધેલ છે અને સીલપેક અવસ્થામાં પી.એસ.ઓ. મેંદરડાને સોંપેલાની હકીકત સાબીત થાય છે.

## (૨૨) મધુબેનના લીધેલ બ્લડ સેમ્પલ અંગે :

**૨૨.૧** આ કામમાં ફરીયાદપક્ષના તબીબોને પી.ડબલ્યુ.૧૦ થી ૧૨ તરીકે તપાસેલા છે અને તેઓએ કોઇપણ જગ્યાએ તેઓએ ભોગ બનનાર મધુબેનનું બ્લડ સેમ્પલ લીધુ હોય તેવો કોઇ પુરાવો રજુ કરેલ નથી.

**Sessions Judge**
**Junagadh**

DISTRICT & SESSIONS COURT JUNAGADH * JUNAGADH DISTRICT * सत्यमेव जयते

**૨૨.૨** આ કામમાં આંક–૮૬ થી મેડીકલ ઓફિસરને મધુબેનનું બ્લડ સેમ્પલ લેવા માટેની યાદી છે અને આ કામમાં આંક–૬૫ થી રજુ થયેલ તબીબી પેપર્સમાં તા.૧–૭–૨૦ ના રોજ મધુબેનનું બ્લડ સેમ્પલ લીધેલ તેવી વિગત છે.

**૨૨.૩** આંક–૮૬ ની યાદી અને આંક–૬૫ ના તબીબી પેપર્સ રેકર્ડ ઉપર છે પરંતુ આ તબીબને આંક–૧૨ થી જે સોગંદ ઉપર પુરાવો આપેલ છે તેમાં આ બ્લડ લીધા અંગે કોઇ જ હકીકત જણાવેલ નથી અને ભારતીય પુરાવા ધારાની કલમ–૬૦ મુજબ જે તબીબ બ્લડ લે અને આવો તબીબ કોર્ટમાં આવી મૌખિક પુરાવો આપે તે પુરાવો સબસ્ટન્શીયલ પુરાવો છે અને આ તબીબે પી.ડબલ્યુ.૧૨ તરીકે સોગંદ ઉપર પુરાવો આપેલ છે પરંતુ, તેમાં તેઓએ બ્લડ મધુબેનનું લીધેલ હોય તેવો કોઇ પુરાવો સોગંદ ઉપર આપેલ નથી અને તે સંજોગોમાં મેડીકલ પેપર્સ તેઓના આ બાબતના ચોકકસ મૌખિક પુરાવા વગર માત્ર હીયર સે પુરાવો બને છે અને તે સંજોગોમાં ફરીયાદપક્ષ વ્યાજબી શકથી પર એ હકીકત સાબીત કરી શકેલ નથી કે, મધુબેનનું બ્લડ લેવામાં આવેલ હતુ.

## (૨૩) આરોપીના કપડા ઉપર આવેલ લોહીના જુથના નમુના અંગે પુરાવાનું મુલ્યાંકન :

**૨૩.૧** સૌ પ્રથમ ફરીયાદપક્ષે વ્યાજબી શકથી પર એ હકીકત સાબીત કરવી પડે કે, ભોગ બનનારનું લોહી લેવામાં આવેલ છે અને લોહીનું જુથ ભોગ બનનારનું કયુ આવેલ છે. ભોગ બનનારનું લોહી લેવામાં આવેલ છે તે હકીકત કડીન્શન પ્રીસીડન્ટ છે અને તે હકીકત અત્રે પુરવાર થયેલ નથી કે ભોગ બનનારનું લોહી લેવામાં આવેલ છે અને તે સંજોગોમાં આરોપીના કપડા ઉપર આવેલ લોહી ભોગ બનનારનું જ છે તે હકીકત ઉપરોકત કારણોસર વ્યાજબી શકથી પર સાબીત થતી નથી.

## (૨૪) નજરે જોનાર સાહેદ જયાબેન અને તેઓ પોતે પણ ભોગ બનનાર છે તેના પુરાવા અંગે :

**૨૪.૧** ઉપરોકત સાહેદને પી.ડબલ્યુ.૩ તરીકે નીચે મુજબનો સોગંદ ઉપરનો પુરાવો આપેલ છે.

''(૧) મારી દીકરીનુ નામ મધુબેન છે અને તેના લગ્ન રવજીભાઈ સાથે થયેલા હતા

અને તેને સંતાનમા એક દીકરો નામે નિલેશ છે અને એક દીકરી જેનુ નામ મને યાદ નથી પણ અમે તેને દીદી કહીએ છીએ. મારી દીકરી મધુબેનના લગ્ન બાદ તે સુરત મુકામે રહેતા હતા. મારી દીકરી અને તેના પતિને ઝગડા થતા હોય તે તેના છોકરાઓને લઈને ચારેક વર્ષ પહેલા રાજકોટ મુકામે આવતી રહેલ હતી. મે મારુ મેંદરડાવાળુ મકાન મારી દીકરી મધુબેનને રૂપીયા બે લાખમા વેચાતુ આપી દીધેલ હતુ. મારી દીકરીનો સામાન તે મકાનમા હતો અને તેમાથી થોડો સામાન લઈને તે સુરત રહેવા ગયેલી હતી. મારી દીકરીની સાથે મારો જમાઈ સુરતવાળા મકાનમા રહેતો હતો અને મારી દીકરી મારા ઘરે આવી ગયા પછી મારા જમાઈ મારા મેંદરડાવાળા મકાનમા રહેવા જતા રહેલા હતા.

(૨) મારી દીકરી તેના સંતાન સાથે અલગ રહેવા માંગતી હોય તેનો સામાન મેંદરડાવાળા મકાનમા રાખેલ હોય તે લેવા માટે અમે મેંદરડા ગયેલા હતા. અમે મેંદરડા પહોચ્યા ત્યારે મારા જમાઈ મારા મકાનમા ન હતા અને મકાન બંધ હતુ. ત્યારબાદ મારા જમાઈ એક વાગ્યે પરત આવેલા હતા. હું અને મારી દીકરી મારા મકાનમા ગયેલા અને હું મકાનના રૂમમા હતી ત્યારે મારી દીકરી અને જમાઈ વચ્ચે સામાન દેવા બાબતે બોલાચાલી થતી હતી અને મારા જમાઈ સામાન લઈ જવા દેવાની ના પાડતો હતો. તે વખતે મારા જમાઈ કયાંકથી છરી લઈને આવેલા અને હું વચ્ચે પડતા મને ડાબા હાથમા છરી મારી દીધેલી હતી. મારી દીકરીને મારા જમાઈએ છરીથી આઠ–દસ ઘા પગમા,પડખામા વિગેરે જગ્યાએ મારેલા હતા.

(૩) હું અને મારી દીકરી સૌપ્રથમ મેંદરડા સરકારી દવાખાનામા સારવાર માટે ગયેલા હતા અને ત્યાંથી જુનાગઢ દવાખાનામા સારવાર માટે લઈ જવાનુ કહેતા જુનાગઢ સરકારી દવાખાનામા સારવાર માટે આવેલા હતા. મેંદરડા દવાખાનામા ડોકટરે બનાવ બાબતે પુછતા મે તેમને બનાવ કેવી રીતે બનેલ તે જણાવેલ હતુ. જુનાગઢ સરકારી દવાખાને ડોકટરને બનાવ કઈ રીતે બનેલ તે જણાવેલ હતુ. જુનાગઢ સરકારી દવાખાનામા અમે એક રાત રોકાયેલા હતા. ત્યારબાદ અમે બંનેને રાજકોટ સરકારી દવાખાને સારવાર માટે ગયેલા હતા.''

**૨૪.૨** ઉપરોકત બાબતે આરોપી તરફે ઉલટ તપાસના પેરા–૫ માં નીચે મુજબની હકીકત લાવવામાં આવેલ છે.

''એ વાત ખરી છે કે, મેંદરડા મુકામે મારી દીકરી અને જમાઈ રહેતા ન હતા. એ વાત ખરી છે કે, સુરતથી સીધી મારી દીકરી મારા ઘરે રહેવા આવતી રહેલ હતી. મે આ મેંદરડાવાળુ મકાન મારા નામે હોવાનુ બતાવતો પુરાવો પોલીસને આપેલો હતો. મારી દીકરીને આ મકાન સુરત રહેતા હતા ત્યારે લખાણ કરી વેચાણ આપેલ હતુ. એ વાત ખરી છે કે, આ બે લાખ રૂપીયા મારી દીકરી

અને જમાઇએ ભેગા મળીને મને આપેલા. એ વાત ખરી છે કે, તે વખતે મેંદરડા મુકામેના મકાનમા મારુ તાળુ હતુ. મે આ મકાન મારી દીકરી અને જમાઇને સોંપી દીધેલ હતુ. આ મકાનમા મારા જમાઈ રહેતા હતા.''

**૨૪.૩** વધુમાં, ઉલટ તપાસના પેરા–૮ માં નીચે મુજબની હકીકત લાવવામાં આવેલ છે.

'' એ વાત ખરી છે કે, મારા જમાઈ આવ્યા ત્યારે હું રૂમમા સુતી હતી. એ વાત ખરી છે કે, મારી દીકરી અને જમાઈ વચ્ચે શું બોલાચાલી થયેલી તેની મને ખબર નથી.''

**૨૪.૪** તેમજ ઉલટ તપાસના પેરા–૯ માં નીચે મુજબની હકીકત લાવવામાં આવેલ છે.

''મારા જમાઈ પાસે મેંદરડાવાળુ મકાન ખાલી કરાવેલ નહી. મારી દીકરી છ મહીના મારા ઘરે રહી ત્યારે આરોપી મેંદરડા મુકામે યાર્ડમા મજુરીનુ કામ કરતો હતો. મારા જમાઈના મમ્મી–પપ્પા હયાત છે.''

**૨૪.૫** આમ, સમગ્ર સરતપાસ જોતા આ સાહેદે સ્પષ્ટપણે જણાવેલ છે કે, મધુબેનને આરોપીએ જ ઈજા કરેલી છે અને મધુબેનને છોડાવવા જતા આરોપીએ આ સાહેદને પણ ઈજા કરેલી છે. ઉપરોકત બાબતનું ખંડન ઉલટ તપાસમાં આરોપી તરફે થઇ શકેલ નથી.

DISTRICT & SESSIONS COURT, JUNAGADH. सत्यमेव जयते JUNAGADH DISTRICT

**(૨૫) ભારતીય પુરાવા ધારાની કલમ–૬ માં પડતા સાહેદ જીતુબેનના પુરાવા અંગે :**

**૨૫.૧** જીતુબેનને પી.ડબ્લ્યુ.૯ તરીકે તપાસેલા છે અને તેઓએ પેરા–૩ માં નીચે મુજબની હકીકત જણાવેલી છે.

''બનાવમાં મારા બનેવી રવજીભાઇએ મારા બેન મધુબેનને છરીઓ મારી દીધેલાની વાત મે પાડોશી મારફત જાણેલી.''

**૨૫.૨** આમ, આ હકીકત કયા પાડોશી પાસેથી આ સાહેદે જાણી તેની કોઇ હકીકત જણાવેલ નથી તેમજ બનાવની હકીકત બાબતે પેરા–૫ માં નીચે મુજબની હકીકત જણાવેલ છે.

''હું સીવીલ હોસ્પીટલ,જુનાગઢ ગયેલી ત્યારે મારા બા સારવારમા હતા ત્યારે મારે તેમની સાથે વાતચીત થયેલી. મારી બા એ એવી વાત કરેલ કે, બનાવ વખતે હું ઘરમા હતી

ત્યારે રવજીભાઇએ થેલામાથી છરી કાઢી મધુબેનને મારવા લાગેલ જેથી હું બહાર આવેલ અને મધુબેનને છોડાવવા પ્રયત્ન કરતા મને પણ છરી મારી દીધેલ.''

**૨૫.૩** ઉપરોકત પેરા–૫ બાબતે ઉલટ તપાસ જોવામાં આવે તો તેનું કોઇ ખંડન આરોપી તરફે કરવાનું પ્રયત્ન કરેલ નથી.

## (૨૬) ઉપરોકત સમગ્ર પુરાવાનું મુલ્યાંકન :

આ કામમાં બનાવ નજરે જોનાર એટલે કે, ભોગ બનનાર સાહેદ મધુબેન છે અને બનાવ નજરે જોનાર અને ભોગ બનનાર બીજા સાહેદ આ મધુબેનના માતા છે અને તેમનો પુરાવો ભારતીય પુરાવા ધારાની કલમ–૬૦ માં પડતો પુરાવો છે અને આરોપી પોતે મધુબેનના પતિ અને જયાબેનના જમાઇ થાય છે અને બનાવ વખતે રેકર્ડ ઉપર આવેલ હકીકત મુજબ આરોપી આ જયાબેનના મકાનમાં રહેતા હતા અને તે સંજોગોમાં પતિ અને જમાઇ સામે આપેલ સાહેદોનો પુરાવો ન માનવાનું કોઇ કારણ નથી કારણ કે, આરોપીના જ કેસ મુજબ લગ્નજીવન ૨૦ વર્ષનું હતુ અને આરોપી દારૂ પી ને અગાઉ માર મારતા હતા પરંતુ તે અંગે કોઇ જ ફરીયાદ અગાઉ થયેલ નથી અને તે જોતા આરોપીને ખોટી રીતે સંડોવેલા છે તેવી કોઇ હકીકત પ્રિપોન્ડરન્સ ઓફ પ્રોબેબીલીટીના ધોરણે આરોપી તરફે સાબીત થઇ શકેલ નથી. વધુમાં, દલીલ ખાતર માની લેવામાં આવે કે, આરોપી તરફે ભોગ બનનાર સામે ચારિત્રય અંગે જે કેસ મુકવાનો પ્રયત્ન કરેલ છે તે સાબીત થયેલ છે તેવુ માનવામાં આવે તો પણ તેનાથી આરોપીની સંડોવણી નથી તેવી હકીકત બહાર આવતી નથી. વધુમાં, ઉપરોકત ભોગ બનનારે અને જયાબેને તબીબો રૂબરૂ સ્પષ્ટપણે હીસ્ટ્રી આરોપીએ જ માર માર્યાની જણાવેલી છે અને તબીબોને આપેલ હીસ્ટ્રી બાદ જીતુબેનને પણ આરોપીને સંડોવતી જ હકીકત જયાબેને જણાવેલી છે અને આમ, ભોગ બનનારના સાહેદોના પુરાવાઓને તટસ્થ કહી શકાય અને સરકારી સાહેદો એટલે કે, પી.ડબલ્યુ.૧૦ અને ૧૨ ના પુરાવાથી તથા તબીબ પી.ડબલ્યુ.૧૧ ના પુરાવાથી એટલે કે, તબીબના પુરાવાથી એટલે કે, તેઓ રૂબરૂની હીસ્ટ્રીના પુરાવાથી સમર્થન મળે છે અને આ તબીબોને આરોપી સાથે કોઇ વૈમનસ્ય હોય કે આ તબીબો ભોગ બનનારા બાબતે રસ ધરાવતા સોહદ હોય તેવી કોઇ હકીકત રેકર્ડ ઉપર આવેલ નથી અને તે સંજોગોમાં ભોગ બનનારાઓનો પુરાવો તેમજ રેસગેસ્ટે એટલે કે ભારતીય પુરાવા ધારાની કલમ–૬ માં

પડતો પુરાવો એટલે કે, તબીબો રૂબરૂની હીસ્ટ્રી અને એક માતાએ પોતાની દિકરીને કહેલ હકીકત એટલે કે જયાબેને જીતુબેનને કહેલ હકીકત લક્ષમાં લેતા આ કૃત્યમાં આરોપીની સંડોવણી વ્યાજબી શકથી પર સાબીત થાય છે.

**(૨૭) આરોપી તરફે મધુબેનના પુરાવા અંગે કરવામાં આવેલ દલીલ અંગે :**

**૨૭.૧** આરોપી તરફે મધુબેનનો પુરાવો વાંચીને એવી દલીલ કરવામાં આવેલ છે કે, ઉપરોકત જવાબ ફરીયાદી દ્વારા આપવામાં આવેલ હતા,જેમા આ કામના આરોપીએ પોલીસમાં ફરીયાદ આપાવાનો અને મકાન કોના નામનું હતુ તેવી કોઈ હકકીત સરતપાસમાં કે તેમની ફરીયાદમાં જણાવેલ નથી, તેમજ ફરીયાદ બાદ પણ મકાન ના દસ્તાવેજ પોલીસને આપેલ નથી,તેમજ બનાવ સમયે કોરોનાનો પીગ ટાઇમ ચાલી રહેલ હતો,જેથી આ કામના ફરીયાદી રાજકોટ થી મેદરડા કેવી રીતે પહોચેલ તેવી કોઈ હકકીત ફરીયાદમાં કે તપાસ કરનાર દ્વારા કે ફરીયાદપક્ષ દ્વારા જણાવવામાં આવેલ નથી,તેમજ સારવાર જોઈએ તો માત્ર સાત દિવસ જ સારવાર બાદ ફરીયાદીને ડીચાર્જ ફરી આપેલ છે.

**૨૭.૨ જયાબેનના પુરાવા અંગે દલીલ :**ઉપરોકત જવાબ સાહેદ દ્વારા આપવામાં આવેલ હતા,જેમા આ કામના આરોપીએ પોલીસમાં ફરીયાદ આપાવાનો અને મકાન કોના નામનું હતુ તેવી કોઈ હકકીત સરતપાસમાં કે તેમની ફરીયાદમાં જણાવેલ નથી, તેમજ ફરીયાદ બાદ પણ મકાન ના દસ્તાવેજ પોલીસને આપેલ નથી, તેમજ બનાવ સમયે કોરોનાનો પીગ ટાઇમ ચાલી રહેલ હતો,જેથી આ કામના ફરીયાદી રાજકોટ થી મેદરડા કેવી રીતે પહોચેલ તેવી કોઈ હકકીત ફરીયાદમાં કે તપાસ કરનાર દ્વારા કે ફરીયાદપક્ષ દ્વારા જણાવવામાં આવેલ નથી.

**ઉપરોકત દલીલનો જવાબ :**

મકાન કોના નામનું હતુ તેવો દસ્તાવેજી પુરાવો રેકર્ડ ઉપર ન આવવાથી કે રાજકોટથી મેંદરડા કેવી રીતે આ ભોગ બનનાર અને આરોપી આવ્યા તેવી હકીકત રેકર્ડ ઉપર ન આવવાથી કે કોરોના કાળ હતો તેવી હકીકતથી ઉપરોકત હકીકત નાસાબીત બનતી નથી તેથી ઉપરોકત દલીલનો લાભ આરોપીને મળી શકે તેમ નથી.

**૨૭.૩ સાહેદ જીતુબેનના પુરાવા અંગે દલીલ :**

આમ, ઉપરોકત સાહેદની જુબાની પરથી બનાવ સમયે કોરોના કાળ ચાલતો

હતો અને ફરીયાદી કે તેની માતાના નામે મકાન આવેલ હોય તેવી કોઇ હકીકત ખુલવા પામતી નથી.

**ઉપરોકત દલીલનો જવાબ :**

ઉપરોકત બાબત અંગે મૌખિક પુરાવો જીતુબેન, મધુબેન તથા જયાબેનનો છે અને તે પુરાવો એવો છે કે, આરોપી સાતવડલામાં રહેવા આવેલા પરંતુ મકાનની માલીકીનો પુરાવો રજુ ન કરવાથી સાબીત થયેલ હકીકત નાસાબીત બનતી નથી તેથી ઉપરોકત દલીલનો લાભ આરોપીને મળી શકે તેમ નથી.

**૨૭.૪ વધુમાં દલીલ કરેલ છે કે,** અમે કોઇ મારતા હોય, દારૂ પીવાની ટેવ હોય એવો એક પણ પુરાવો તપાસ કરનાર દ્બારા કે ફરિયાદી દ્બારા લાવવામાં આવેલ નથી.

**ઉપરોકત દલીલનો જવાબ :**

આ એક સામાન્ય સમજની બાબત છે કે, ભારતમાં સ્ત્રી એ પતિવ્રતા હોય છે અને તેથી આવી બાબતો સહન કરતી હોય છે તેથી ઉપરોકત દલીલનો લાભ આરોપીને મળી શકે તેમ નથી.

**૨૭.૫ વધુમાં દલીલ કરેલ છે કે,** હવે ફરિયાદ જોઈએ તો ફરિયાદના અનુસંધાને ફરીયાદી મધુબેનની ઉલટ તપાસ કરેલ છે તેમાં મધુબેન જણાવે છે કે, હું ધોરણ પાંચ ભણેલી છું. મને લખતા વાંચતા આવડતુ નથી. હું સહી કરતી નથી, અંગુઠાનું નિશાન કરૂ છુ. આરોપી સાથે મારૂ લગ્નજીવન વીસેક વર્ષ ચાલેલુ હતુ.

**૨૭.૬ વધુમાં દલીલ કરેલ છે કે,** લગ્ન જીવનને ૨૦ વર્ષ થયા હોય, દુ:ખ ત્રાસ હોય, મારકુટ કરતા હોય, દારૂ પીતા હોય તો ૨૦ વર્ષનું લગ્ન જીવન છે.

**ઉપરોકત દલીલનો જવાબ :**

ઉપરોકત દલીલથી એ હકીકત બહાર આવે છે કે, સામાન્ય સ્થીતીમાં મધુબેન જયારે ૨૦ વર્ષનો સથવારો આરોપી સાથે પુરો કરેલ છે તેનાથી ખોટી રીતે આરોપીને ન સંડોવે અને તે સંજોગોમાં ઉપરોકત દલીલનો લાભ આરોપીને મળી શકે તેમ નથી.

**૨૭.૭ વધુમાં દલીલ કરેલ છે કે,** બનાવની આજુબાજુમાં રહેણાંક વિસ્તાર આવેલ છે અને આજુબાજુમાં ઘણી બધી દુકાનો આવેલી છે અને ઘણા બધા કાચના તથા પથ્થરવાળા મકાનો આવેલા છે. એ વાત ખરી છે કે, બનાવના દિવસે સવારથી સાંજ સુધી હું સાતવડલા ગામે હતી. બનાવ આખો દિવસ રહેલા ત્યારે તો મકાન બંધ છે મકાને તાળું છે અને મહત્વની બાબત જે કહી શકાય કે આ કામને કોઈ બનાવ બન્યો એના અનુસંધાને તાળાની ચાવી અમારી પાસે, તાળું ખોલ્યું એ તાળું ત.ક.અ.ધ્વારા કબજે લેવામાં આવ્યું નથી તેવુ કહેવામાં

આવ્યુ. કોઈ એવો પુરાવો નથી કે ત્યાં કોઇ તાળું મારેલું હોય કે તાળું કબજે થયું હોય એવી કોઈ હકીકત આ કામમાં રેકર્ડ ઉપર નથી.

**ઉપરોકત દલીલનો જવાબ :**

આ કામમાં એ હકીકત બીનતકરારી છે કે, કોઇ સ્વતંત્ર સાહેદને તપાસેલા નથી પરંતુ અદાલતે જે પુરાવો રજુ થયો હોય તેનાથી કોઇ હકીકત સાબીત થાય છે કે કેમ તે હકીકત જોવાનું હોય છે અને અત્રે ચર્ચા કરી તે મુજબની હકીકત વ્યાજબીશ કથી પર સાબીત થયેલ છે તેથી ઉપરોકત દલીલનો લાભ આરોપીને મળી શકે તેમ નથી.

**૨૭.૮ વધુમાં દલીલ કરેલ છે કે,** આ કામે ફરીયાદી તેની ઉલટ તપાસમાં જણાવે છે કે, એ વાત ખરી નથી કે, બનાવ વખતે મકાન બંધ હોય હું પતરા ઉપર ચડી મકાનની અંદર જવાનો પ્રયત્ન કરતા લપસી જતા મને ઈજા થયેલી. આ અમારો બચાવ છે.

**ઉપરોકત દલીલનો જવાબ :**

જે પ્રકારની ઈજાઓ છે તે જોતા ઉપરોકત બચાવ આરોપીને મદદ કરી શકે તેમ નથી.

**૨૭.૯ વધુમાં દલીલ કરેલ છે કે,** આ સાહેદ તેની ઉલટ તપાસના પેરા–૮ માં જણાવે છે કે, એ વાત ખરી છે કે મારા જમાઈ આવ્યા ત્યારે હું રૂમમાં સુતી હતી. એ વાત ખરી છે કે મારી દીકરી અને જમાઈ વચ્ચે શું બોલાચાલી થયેલી તેની મને ખબર નથી. મેંદરડા મુકામે મારા જમાઈના મમ્મી, પપ્પા કે ભાઈ કે તેના કોઈ અંગત સગા રહેતા નથી. એ વાતની મને ખબર નથી કે મારી દીકરી હાલ ગોંડલ મુકામે રહે છે. એ વાતની મને ખબર નથી કે, હાલ મારી દીકરી ગોંડલ મુકામે હરેશભાઈ વાઘેલા સાથે રહે છે. આમ, આ સાહેદ એક બાજુ એવું કે છે કે, અમે રાજકોટ રહીએ છીએ, બીજી બાજુ એની દીકરીની તેને ખબર નથી કે ગોંડલમાં કઈ જગ્યાએ કોની સાથે રહે છે.

**ઉપરોકત દલીલનો જવાબ :**

ઉપરોકત હકીકત જે પુછવામાં આવી છે કે, આ સાહેદ તેની ઉલટ તપાસના પેરા–૮ માં જણાવે છે કે, એ વાત ખરી છે કે મારા જમાઈ આવ્યા ત્યારે હું રૂમમાં સુતી હતી. એ વાત ખરી છે કે મારી દીકરી અને જમાઈ વચ્ચે શું બોલાચાલી થયેલી તેની મને ખબર નથી. તે હકીકત ઉપરોકત રજુ કરેલ નામ. સંપ્રિમ કોર્ટના બાલુ સુદામ(સુ.પ્રા.)ના કેસના સીધ્ધ્ાંત મુજબ સઝેશન માં મુકેલ હકીકત પુરાવો બને છે અને તેથી આરોપી બનાવ સ્થળે હતા તે હકીકત સાબીત થાય છે. વધુમાં, દલીલ ખાતર એવુ માની લેવામાં આવે કે, ભોગ બનનાર હાલ હરેશભાઇ સાથે રહે છે તેનાથી સાબીત થયેલી હકીકત નાસાબીત બનતી નથી. તેથી ઉપરોકત દલીલનો લાભ આરોપીને મળી શકે તેમ નથી.

**૨૭.૧૦ વધુમાં દલીલ કરેલ છે કે,** આ સાહેદ તેમની સરતપાસમાં એવુ જણાવે છે કે,

મિનલબેન રાબડિયાએ ફરીયાદીને રીફર કરેલ હતા. આ કામમાં મીનલબેન રાબડીયાને કયાંય સાહેદ તરીકે દર્શાવેલ નથી કે તેમનુ કોઇ નિવેદન રેકર્ડ ઉપર નથી. ફરીયાદપક્ષ ધ્વારા આ સાહેદને કયાંય જોડવામા આવેલ નથી.

**ઉપરોકત દલીલનો જવાબ :**

આ કામમાં તબીબોનો પુરાવો અદાલત રુબરુ રજુ થયેલ છે અને તે સંજોગોમાં તેમનો પુરાવો સબસ્ટન્શીયલ પુરાવો છે અને તેનાથી ભોગ બનનાર મધુબેન અને જયાબેનને ઈજાઓ થયેલી છે તે હકીકત સાબીત થયેલ છે અને ભારતીય પુરાવાના સીધ્ધ્ાંત મુજબ સાહેદોનીછ સંખ્યા મહત્વની નથી પરંતુ જે પુરાવો રજુ થાય તે કેવો છે તે મહત્વનું છે તે સંજોગોમાં ઉપરોકત દલીલનો લાભ આરોપીને મળી શકે તેમ નથી.

## (૨૮) પોલીસ સાહેદોના પુરાવા અંગે :

**૨૮.૧** આ કામમાં ફરીયાદપક્ષે પી.ડબલ્યુ.૧૩ તરીકે રવિરાજસિંહ જાડેજાને તપાસેલા છે અને તેઓના પુરાવાથી એ હકીકત સાબીત થાય છે કે, તેઓએ ફરીયાદી લીધેલ હતી અને ગુનાવાળી જગ્યાનું તથા ફરીયાદીના કપડા કબજે કર્યાનું તથા આરોપી પાસેથી કપડા વગેરે કબજે કર્યાનું પંચનામુ કરેલ છે અને સાહેદોના નિવેદન પણ લીધેલ છે. અન્ય પોલીસ સાહેદ જયેન્દ્રભાઈને પી.ડબલ્યુ.૧૪ તરીકે આંક–૭૬ થી તપાસેલા છે અને તેઓએ ફરીયાદના આધારે ગુનો રજી. કરેલ છે તેવી હકીકત રેકર્ડ ઉપર આવે છે. ત્યારબાદ સાહેદ હિતેશભાઇ પી.ડબલ્યુ.૧૫ ને તપાસેલા છે અને તેઓએ રવજીભાઇ લાખાભાઈનું બ્લડ સેમ્પલ મેડીકલ ઓફિસરે મેળવેલ તે અંગેનો પુરાવો છે અને બાકીનો પુરાવો કિરીટસિંહ મહેન્દ્રસિંહ મોરી પી.ડબલ્યુ.૧૬ જેઓએ આંક–૮૫ થી પુરાવો આપેલ છે.

**૨૮.૨** ઉપરોકત તમામ પુરાવો જોતા આ કામમાં તપાસ પુર્વગ્રહયુકત કરવામાં આવી હોય તેવી કોઇ હકીકત રેકર્ડ ઉપર લાવવામાં આવેલ નથી અને આરોપી તરફે એવો કેસ મુકવામાં આવેલ છે કે, કોરોના કાળ હતો તેથી સરકારની પરવાનગી વગર કોઇ વ્યકિત આ રીતે મેંદરડામાં આવી ન શકે પરંતુ ઉપરોકત બાબતથી બનાવ બનેલ નથી અથવા તો તપાસ પુર્વગ્રહયુકત કરવામાં આવેલ છે તેવી હકીકત રેકર્ડ ઉપર આવતી નથી.

**ઉપરોકત બાબતે આરોપી તરફે કરવામાં આવેલ દલીલ:**

ત્યારબાદ ફરીયાદ પક્ષ તપાસ કરનાર અધિકારીની આંક–૬૯ થી રવિરાજસિંહ

અજીતસિંહ જાડેજાની જુબાની થયેલ છે.જેની ઉલટતપાસ ધ્યાને લેવામાં આવે તો ''એ વાત ખરી છે કે, ફરીયાદમા જણાવ્યા પ્રમાણેનુ મકાન કોની માલીકીનુ છે તે બાબતે મે તપાસ કરેલ નહી. બનાવના દીવસે બપોરના દોઢવાગ્યાથી સાંજના પાંચ વાગ્યા સુધી ફરીયાદી અને આરોપી એકસાથે રહેલા કે કેમ? તેનો કોઈ પુરાવો મેળવેલ નથી. એ વાત ખરી છે કે, ફરીયાદમા એવુ લખાવેલ છે કે, સાંજના પાંચ વાગ્યે આ મકાન ખાલી કરી તાળુ મારવા માટે મે મારા દીકરાને તાલુ લેવા મોકલેલો આ વખતે મારા બા રૂમમાં સુતા હતા અને હું ફળીયા ખુરશી નાખી બેઠી હતી અને ઘરવાળા રવજીએ ઓચીતા ઘરમા જઈ એક છરી સાથે ઓચીતો આવ્યો. એ વાત ખરી છે કે, બનાવવાળી જગ્યાના પંચનામામા તાળુ કબ્જે કરેલ નથી,એ વાત ખરી છે કે, બનાવના નવ માસ પહેલા ફરીયાદી સુરત રહેતા હતા. એ વાત ખરી નથી કે, ફરીયાદી બનાવના અરસામાં મેંદરડા,સાતવડલા વિસ્તારમા જ રહેતા હોવાનો કોઈ પુરાવો મળી આવેલ નથી. એ વાત ખરી નથી કે, ફરીયાદી તેના માતા સાથે રાજકોટ મુકામે જ રહેતા હતા. એ વાત ખરી છે કે, સુરતના કે રાજકોટના કોઈ વ્યકિતઓના નિવેદનો લીધેલા નથી. એ વાત ખરી છે કે, બનાવવાળા મકાના કોઈ લાઈટબીલ કે રેશનકાર્ડ મે કબ્જે કરેલ નથી. એ વાત ખરી છે કે, બનાવના અરસામાં કોવીડની પહેલી લહેર પુરી થવાના અરસામા હતી. એ વાત ખરી છે કે, નિવેદનો તથા બનાવવાળી જગ્યાના પંચનામામા કોરોનાના સમયનો ઉલ્લેખ કરેલ નથી. સાહેદ સ્વૈચ્છાએ જણાવે છે કે, આરોપીના શરીર સ્થિતીના પંચનામામા કોરોનાના સમયગાળાનો ઉલ્લેખ કરેલ છે. એ વાત ખરી નથી કે, બનાવના અરસામાં કોઈ વ્યકિત બહારથી આવે તો તેનો કોરોનાનો ટેસ્ટ કરાવવાો ફરજીયાત હતો,મે મારી તપાસ દરમ્યાન આરોપીનુ નિવેદન લીધેલ નથી. મે આરોપીની પુછપરછ પણ કરેલ નથી. હવે કહુ છુ કે, મે પંચનામા વખતે તેણે બનાવ વખતે કેવા કપડા પહેરેલા તેની પુછપરછ કરેલી હતી. એ વાત ખરી નથી કે, મે તપાસ દરમ્યાન ફકત ફરીયાદીના સગાઓના જ નિવેદનો લીધેલા છે. મારી તપાસ દરમ્યાન આરોપીએ તેની પત્ની જતી રહેલી હોય તેની કોઈ ફરીયાદ કે અરજી અમારા પો.સ્ટે.માં આવેલી હોવાનુ મારા ધ્યાનમાં આવેલ નથી,એ વાત ખરી નથી કે, મે બનાવ સમયે કોવીડનો સમય ચાલતો હોય જેથી મે પાછળથી તૈયાર પંચનામાઓ પો.સ્ટે. કરી અને પંચોને પણ પાછળથી બોલાવી સહીઓ કરાવેલ. એ વાત ખરી નથી કે, મે ફરીયાદને અનુરૂપ મારી જાતે નિવેદનો લખી લીધેલ.

**Sessions Judge**
**Junagadh**

ત્યારબાદ ફરીયાદ પક્ષ પી.એસ.ઓની આંક–૭૬ થી જયેન્દ્રભાઈ કાનજીભાઈ સાંગાણીની જુબાની થયેલ છે.જેની ઉલટતપાસ ધ્યાને લેવામાં આવે તો '' એ વાત ખરી છે કે, ફરીયાદમાં જે અંગુઠાનુ નિશાન કરવામા આવેલ છે તેને કોઈએ ઓળખી બતાવેલ ન હતુ. એ વાત ખરી નથી કે, અમોને લેખીત ફરીયાદ મળેલ જેમા કોઈ અમોને મળ્યા અંગેનો કોઈ સમય લખેલ નથી. એ વાત ખરી છે કે, મે સી.આર.પી.સી.કલમ–૧૫૪ નો ઉતારો કરેલ તેમા કોલમ નં.–૪ માં સ્ટેશન ડાયરી નોંધ નંબર લખેલ નથી. મે ગુનો દાખલ કરી તરત જ શ્રી જાડેજા સાહેબને તપાસ સોંપી આપેલ હતી. એ વાત ખરી છે કે, જાડેજા સાહેબને તપાસ સોંપ્યા બાદ આ કેસમા બીજી કોઈ કામગીરી કરેલ નથી.

ત્યારબાદ ફરીયાદ પક્ષ સાહેદ ની આંક–૮૫ થી એચ.એસ.બલદાણીયાની જુબાની થયેલ છે.જેની ઉલટતપાસ ધ્યાને લેવામાં આવે તો ''એ વાત ખરી છે કે, માર્ચ ૨૦૨૦ થી કોરોના કાળ ચાલુ થયેલો અને તે વખતે લોકડાઉન માટે જુદા જુદા જાહેર નામા બહાર આવતા હતા. મે આંક ૫૧ અને ૫૨ વાળુ પંચનામુ કર્યુ ત્યારે કોઈ જાહેર નામુ ન હતુ. મે આ કામે પંચો કે જે વ્યક્તિ પાસેથી નમુનાઓ સ્વીકાર્યા તેઓનો કોઈ કોરોના ટેસ્ટ કરાવેલ નથી, એ વાત ખરી નથી કે મે મારી જાતે પંચનામુ તૈયાર કરી પાછળથી તૈયાર પંચનામા માં સહી લીધેલી.

ત્યારબાદ ફરીયાદ પક્ષ તપાસ કરનાર અધિકારીની આંક–૮૫ થી કિરીટસિંહ એમ.મોરીની જુબાની થયેલ છે.જેની ઉલટતપાસ ધ્યાને લેવામાં આવે તો ''એ વાત ખરી છે કે, મારી તપાસમા એવુ ખુલેલ છે કે, આરોપી અને ઈજા પામનારનુ લગ્ન જીવન ૧૮ વર્ષનુ હતુ. એ વાત ખરી છે કે, ફરીયાદીના વિશેષ નિવેદનમા એવુ જણાવેલ છે કે, આ કામના આરોપી મુળ જામવાળા ગામના રહેવાસી હતા અને લગ્ન બાદ સુરત મુકામે વરાછા વિસ્તારમા ભગીરથ સોસાયટીમા રહેવા ચાલ્યા ગયેલા હતા તેમજ દીવાળીના અરસામાં આરોપી સાથે દારૂ પી ને આવતા માથાકુટ થતા અણબનાવ બનતા ફરીયાદી તેમની માતા સાથે રાજકોટ મુકામે રહેવા ચાલ્યા ગયેલા.એ વાત ખરી છે કે, મે મારી તપાસ દરમ્યાન સુરતના,જામવાળા ગામના કે રાજકોટ મુકામેના કોઈ સાહેદોના નિવેદનો મે લીધેલા નથી. એ વાત ખરી છે કે, સાતવડલાવાળા મકાન અંગે કોઈ દસ્તાવેજી પુરાવો મે આ કામે મેળવેલ નથી. એ વાત ખરી છે કે, બનાવ વખતે જીલ્લા મેજી.શ્રીના જાહેરનામા ચાર્જશીટ સાથે રજુ કરવા

પડે. એ વાત ખરી છે કે, બનાવ અરસામાં કોરોના અંગેના જાહેરનામા બહાર પાડવામા આવતા હતા. તા.૦૧/૦૭/૨૦૨૦ ના રોજ બહારથી આવનાર વ્યકિતએ કોરોના ટેસ્ટ કરાવ્યા બાદ ગામમા પ્રવેશ લઈ શકે તેવુ જાહેરનામુ કોરાના અંગે અસ્તિત્વમા હતુ કે કેમ? તેની મને ખબર નથી.એ વાત ખરી છે કે, તા.૨૨/૦૩/૨૦૨૦ ના રોજ સમગ્ર દેશમા લોકડાઉન કરવામા આવેલ હતુ. આ જાહેરનામાથી બે મહીનાના સમય દરમ્યાન જરૂરી મંજુરી વગર લોકોને ઘરની બહાર નીકળવા દેવામા આવતા ન હતા તે અંગે હાલ મને કાંઈ ખબર નથી. એ વાત ખરી છે કે, આ કામમા અસ્તિત્વમા હતા તેવા કોઈ કોરોનાના જાહેરનામાઓ ચાર્જશીટ સાથે રજુ કરેલા નથી.બનાવના દીવસે ફરીયાદી બપોરે ૧ વાગ્યથી ૫ વાગ્યા સુધી કયાં હતા તે અંગે મે તપાસ કરેલી છે અને સાહેદ સ્વૈચ્છાએ જણાવે છે કે, ફરીયાદી,ફરીયાદીના માતા અને ફરીયાદીના પુત્રના વિશેષ નિવેદનમા એવુ ખુલેલ છે કે,ફરીયાદીના બહેનના ઘરે ગયેલા હતા અને ત્યારબાદ તેમના પતિ આવી ગયેલ હોય ફરીયાદીના માતાના ઘરે ગયેલા. મે કહેવાતુ આવુ તાળુ મારી તપાસ દરમ્યાન કબ્જે લીધેલ નથી. એ વાત ખરી છે કે, પ્રથમ વખત ફરીયાદી સાતવડલા મકાને ગયેલા ત્યારે આરોપી હાજર ન હતો અને તાળુ મારેલ હતુ તેવી હકીકત તપાસમા ખુલેલ છે. સવાલ :-તમારા કહેવાતા લીધેલ વિશેષ નિવેદનમા એવી હકીકત આવે છે કે, "મારા પતિ રવજીભાઈને આ મકાન ખાલી કરવા દેવાનુ કીધેલુ અને સાંજના પાંચ વાગ્યે આ મકાન ખાલી કરી તાળુ મારવા માટે મે મારા દીકરાને તાળુ લેવામોકલેલો આ વખતે મારા બા રૂમમા સુતા હતા અને હું ફળીયામા ખુરશી નાખી બેઠી હતી." તો અને દોઢ વાગ્યે આ જગ્યાએ તાળુ મારેલ હતુ તેવી હકીકત આવે છે તો ઉપરોકત નિવેદન મુજબ આ લોકો ઘરમા કઈ રીતે ગયા.
જવાબ :-અંદર કઈ રીતે ગયા તેની કોઈ ચોકકસ વિગત મારા રૂબરૂ જણાવેલ નથી.

એ વાત ખરી છે કે, મારા રૂબરૂના નિવેદનમા એવી હકીકત આવે છે કે, ફરીયાદી રાજકોટ રહેતા હતા. એ વાત ખરી છે કે, મારી તપાસ દરમ્યાન આરોપી વિરુધ્ધ પ્રોહીબીશન નો ગુનો નોંધાયેલ હોય તેવી કોઈ હકીકત બહાર આવેલ નહી.એ વાત ખરી છે કે, ભોગબનનારે આ પ્રકારની ફરીયાદ આ બનાવ પહેલા આપી હોય તેવુ મારી તપાસમા ખુલેલ નથી. મારી તપાસમા એવુ ખુલેલ નથી કે, આરોપી રવજીભાઈએ મેદરડા પો.સ્ટે.મા લેખીત ફરીયાદ કરી આ કામના ફરીયાદી હરેશભાઈ વાઘેલા, રહે.રાજકોટવાળા સાથે બાળકોને જબરદસ્તી લઈ રહેવા ચાલ્યા ગયેલ હોય

તેવી અરજી આપેલ હતી.એ વાત ખરી નથી કે, આ કામે અમો ફરીયાદને અનુરૂપ ફરીયાદી તથા સાહેદોના વિશેષ નિવેદનનો ઉતારો કરી દીધેલ છે. એ વાત ખરી નથી કે, આ કામે આરોપીએ કહેવાતો કોઈ બનાવ કરેલ ન હોવા છતાં ખોટી તપાસ કરેલી અને આરોપી સામે પુરતો પુરાવો ન હોવા છતાં ખોટુ ચાર્જશીટ કરેલ છે.આમ તપાસ કરનાર દ્વારા બનાવ સમયે કોરોના કાળ ચાલતો હોય તેવો એક પણ પુરાવો રજુ કરવામાં આવેલ નથી તેમજ ફરીયાદી અને સાહેદ ઘર ખાલી કરાવવા આવેલ તે અંગેના માલીકીનો કોઈ આધાર રજુ કરેલ નથી, તેમજ તપાસ કરનાર દ્વારા કોઈ પંચ ફરીયાદ પક્ષને સપોટ કરતો નથી,તેમજ આરોપી કોઈ દારૂ સેવન કરતો હોય કે કોઈ અન્ય ટેવ હોઈ તેવો કોઈ પુરાવો તપાસ કરનાર દ્વારા રજુ કરેલ નથી તેમજ આ કામના આરોપી દ્વારા ફરીયાદી અન્ય પુરૂષ સાથે જતા રહેલની અરજી મેંદરડા પોલીસમાં આપેલ હતી,તે અંગેની કોઈ પણ તપાસ આ કામે કરવામાં આવેલ નથી.

**ઉપરોકત દલીલનો જવાબ :**

મુખ્યત્વે મકાન આરોપીના સાસુનુ હતુ તેનો કોઇ દસ્તાવેજી પુરાવો મેળવેલ નથી તે બાબતે તથા કોરોના કાળ હતો તો રાજકોટથી ફરીયાદપક્ષના સાહેદો કઇ રીતે મેંદરડા આવેલ તે અંગે કોઇ પુરાવો નથી તે બાબતે અને કોરોના ટેસ્ટ કરાવેલ નથી વગેરે બાબતે દલીલ કરેલ છે. આ કામમાં ફરીયાદપક્ષે વ્યાજબી શકથી પર એ હકીકત સાબીત કરવાની છે કે, મધુબેનને અને જયાબેનને ઇજાઓ કરવામાં આવી છે અને મધુબેન અને જયાબેનની ઈજાઓમાં આરોપીની સંડોવણી પુરવાર થાય છે. ઉપરોકત બાબતે ચર્ચા કરી તે મુજબ તબીબોનો પુરાવો, ભોગ બનનારાઓનો પુરાવો, મેડીકલ હીસ્ટ્રી, જીતુબેનનો પુરાવો લક્ષમાંલેવામાં આવે તો, ઉપરોકત હકીકત ફરીયાદપક્ષે વ્યાજબી શકથી પર સાબીત કરેલ છે અને તેનાથી કોરોના કાળમાં ટેસ્ટ કરેલ ન હોવાથી કે સાતવડલા વાળુ મકાન કોની માલીકીનું છે તે હકીકત રેકર્ડ ઉપર ન આવવાથી કે રાજકોટથી કઇ રીતે કોરોના કાળમાં આવ્યા તે હકીકત રેકર્ડ ઉપર ન આવવાથી ઉપર ચર્ચા કર્યા મુજબ સાબીત થયેલ હકીકત નાસાબીત બનતી નથી.

## (૨૯) આ કામમાં આરોપી તરફે બચાવમાં તપાસેલ સાહેદ અંગે :

**૨૯.૧** આ કામમાં બચાવના સાહેદ નં.૧ એટલે કે ડી.એફ.(ડીફેન્સ વીટનેસ) નં.૧

ને આંક–૧૦૮ થી તપાસેલા છે અને તેમાં પેરા–૧ માં નીચે મુજબની હકીકત જણાવેલી છે.

''રવજીભાઈ લાખાભાઈ બારૈયાએ તા. ૦૩–૧૨–૨૦૧૯ ના રોજ મેંદરડા પો.સ્ટે. માં એક લેખિત ફરીયાદ અરજી સ્વરૂપે આપેલ હતી અને તે અરજીના અનુસંધાને આવક રજીસ્ટરમાં તેની નોંધ કરવામાં આવેલ હતી, જે નોંધ નં. ૨૯૧૧/૨૦૧૯ થી મેંદરડા પો.સ્ટે. માં આવક રજીસ્ટરમાં નોંધ થયેલ છે.''

**૨૯.૨** ઉપરોકત અરજી તા.૩–૧૨–૧૯ ની છે જયારે હાલનો બનાવ તા.૧–૭–૨૦ નો છે અને તેથી ઉપરોકત સાહેદ નં.૧ નાએ જણાવેલ અરજીની તપાસની વિગત રેકર્ડ ઉપર આવેલ નથી તે હકીકત રેકર્ડ ઉપર સાબીત થયેલ છે. તેજ રીતે, ઉપરોકત અરજીની તપાસની વિગત રેકર્ડ ઉપર આવેલ નથી તે હકીકત ડી.એફ. નં.ર આંક–૧૧૫ ના સાહેદથી પણ પુરવાર થાય છે.

પરંતુ, આરોપીએ કરેલી અરજી તા.૩–૧૨–૧૯ ની છે જયારે હાલનો બનાવ તા. ૧–૭–૨૦ નો છે અને આ બનાવને જ લગતી આ અરજી છે તેવી હકીકત પ્રિપોન્ડરન્સ ઓફ પ્રોબેબીલીટીના ધોરણે આરોપી સાબીત કરી શકેલ નથી કારણ કે, આરોપીએ કરેલ અરજીના લગભગ સાત મહિના બાદનો બનાવ છે. ઉપરોકત સંજોગોમાં ઉપરોકત બાબતનો લાભ આરોપીને મળી શકે તેમ નથી.

**૨૯.૩ આરોપી તરફે બચાવ બાબતે દલીલ :**

આરોપી તરફે બચાવમાં તપાસેલ સાક્ષીઓ અંગે નીચે મુજબની દલીલ કરવામાં આવેલ છે.

ત્યારબાદ બચાવ પક્ષ મેંદરડા પોલીસ સ્ટેશન અધિકારીની આંક–૧૦૮ થી શાંતાબેન નાથાભાઈ સોનારા ની જુબાની થયેલ છે. જેની સરતપાસ ધ્યાને લેવામાં આવે તો "રવજીભાઈ લાખાભાઈ બારૈયાએ તા.૦૩/૧૨/૨૦૧૯ ના રોજ મેંદરડા પો.સ્ટે.મા એક લેખીત ફરીયાદ અરજી સ્વરૂપે આપેલ હતી અને તે અરજીના અનુસંધાને આવક રજીસ્ટરમા તેની નોંધ કરવામા આવેલ હતી. જે નોંધ નં.–૨૯૧૧/૨૦૧૯ થી મેંદરડા પો.સ્ટે.મા આવક રજીસ્ટરમા નોંધ થયેલી છે.હું આજરોજ ઉપરોકત અરજીના અનુસંધાને મારી સાથે તપાસ થયેલા કાગળો લાવેલ છુ. આ બાબતે હું જણાવુ છુ કે, આ રવજીભાઈએ મને જણાવેલ છે કે, ઉપરોકત અનુસંધાને તેમનુ નિવેદન લેવામા આવેલ હતુ અને રવજીભાઈએ જે અરજી તા.૦૩/૧૨/૨૦૧૯

ના રોજ આપેલી છે તે મુજબનો કોઈ બનાવ મેંદરડા પો.સ્ટે. વિસ્તારમા બનેલ નથી આવુ નિવેદન તેઓએ મારા રૂબરૂ તા.૦૪/૦૬/૨૦૨૫ ના રોજ આપેલ છે. ૨૦૧૯ ની અરજી સંદર્ભે જણાવુ છુ કે, તે અરજી હેડ કોન્સ.શ્રી કાનજીભાઈને મોકલવામા આવેલ હતી અને તેઓ રીટાયર્ડ થઈ ગયેલા છે અને મારી જાણ મુજબ તેની માનસીક સ્થિતી સારી ન હતી અને રેકર્ડ જુનુ હોય રેકર્ડ હજુ પુરેપુરુ જોવાનુ બાકી છે."

ત્યારબાદ બચાવ પક્ષ મેંદરડા પોલીસ સ્ટેશન અધિકારીની આંક–૧૧૫ થી પ્રાણવિરસિંહ સરવૈયાની જુબાની થયેલ છે.જેની સરતપાસ ધ્યાને લેવામાં આવે તો 'હું તા.૧૫/૦૮/૨૦૨૫ ના રોજથી મેંદરડા પોલીસ સ્ટેશનમા પો.ઈન્સ.તરીકે ફરજ બજાવુ છુ. અમોને ચાર્જલીસ્ટ મુજબ અમારા પુરોગામી અધિકારી પો.સબ ઈન્સ.શ્રી એસ.એન.સોનારા તરફથી એક અરજી તપાસમા મળેલી જે મેંદરડા પો.સ્ટે.આવક અરજી નં.–૨૮૧૧/૨૦૧૯,તા.૦૩/૧૨/૨૦૧૯ થી મળેલી હતી.આ અરજી બાબતે અત્રેના પો.સ્ટે.માં રજીસ્ટર રેકર્ડ ચેક કરતા જે તે વખતે અરજીની તપાસ ટાઉન બીટના હેડ કોન્સ.શ્રી કાનજીભાઈ બધાભાઈ ચુડાસમાને સોંપવામા આવેલી. આ અરજીના નિકાલ બાબતે પો.સ્ટે.નુ રેકર્ડ ચેક કરતા અસલ અરજી પ્રકરણ મળી આવેલ નથી. જેથી તેમાં મજકુર હેડ કોન્સ.શ્રી કાનજીભાઈનાઓએ શું તપાસ કરી ફલીત કરેલ છે તે માલુમ પડી શકેલ નથી.આ સિવાય હું વધારે કશું જાણતો નથી.

સવાલ :– કોર્ટ ધ્વારા

સવાલ:– આવી કોઈ અરજી પો.સ્ટે.તરફથી તે અરજી અંગે કાર્યવાહી કરવા માટે કોઈ પોલીસ કર્મચારીને સોંપવામા આવે તો પો.સ્ટે.વતી આ અરજીઓ અંગે તપાસ થઈ છે કે કેમ? તે ચેક કરવા માટે શું મીકેનીઝમ છે?

જવાબ :– તેમા પેન્ડીંગ અરજીઓ થાણા અધિકારી ધ્વારા પેન્ડીંગ અરજીઓનો સમયસર નિકાલ થાય તે જોવાની અને સુપરવિઝન કરવાની જવાબદારી છે.

સવાલ :– આ અરજી અંગે જે તે વખતે પો.સ્ટે.માં પેન્ડીંગ બાબતે શું કાર્યવાહી થઈ છે?

જવાબ :– જે તે વખતે શું કાર્યવાહી થઈ છે તે જાણવાનુ બાકી છે.

સવાલ :– જે વ્યક્તિને આ અરજીનું પ્રકરણ સોંપેલ છે તેમની કોઈ પુછપરછ કરી છે?

જવાબ :– તે વ્યકિતની મે કોઈ પુછપરછ કરેલ નથી પરંતુ બોલાવીને યોગ્ય કરીશુ.

તેમજ વધુ સરતપાસ તા.૨૧/૧૧/૨૫ ના રોજ થયેલ જે નીચે મુજબ છે.

મે સને–૨૦૧૮ થી સને–૨૦૨૦ સુધીનુ રેકર્ડ જોયેલ છે પરંતુ આ અરજી અંગેનુ કોઈ રેકર્ડ મળેલ નથી. આવક રજીસ્ટરમા આ અરજીની એન્ટી છે અને આ તપાસ કોને સોંપેલી છે તેની વિગત છે અને તેની વિગત મે મારા સોગંદનામામાં જણાવેલ છે.એ વાત ખરી નથી કે, દરેક અરજીની એન્ટી સ્ટેશન ડાયરીમા કરવી પડે. એ વાત ખરી છે કે, પો.સ્ટે.માં આ અરજી સંદર્ભે કોઈ કાર્યવાહી થઈ હોય તેનુ કોઈ રેકર્ડ મળી આવેલ નથી તેથી તે અંગે કામગીરી થઈ કે કેમ તે હું ના કહી શકુ.

આમ આ કામે બચાવપક્ષે આ કામના ફરીયાદી અન્ય સાથે ચાલીયા ગયેલ ની અરજી આપેલ તેની તપાસ પોલીસ દ્બારા કરવામાં આવેલ નથી અને ૨૦૧૯ થી ફરીયાદી આરોપીથી અલગ રહે છે અને ફરીયાદી કોની સાથે રહેતા અને કોની સાથે ચાલીયા ગયેલ તેની તપાસ પણ કરવામાં આવેલ નથી, તેમજ આરોપી દ્બારા આપેલ અરજીને આંક રજુ છે. આમ આરોપી દ્બારા ફરીયાદી અન્ય સાથે રહેતા અને ભાગી ગયાની હકકીત સાબીત થયેલ છે અને આરોપીને ખોટી રીતે ફસાવી દેવાના અને હેરાન કરવાના ઈરાદે ફરીયાદ કરેલાનું સ્પષ્ટ થાય છે. આ કામના આરોપી સાથે છુટાછેડા કરવા હોય અને દબાણમાં લાવવાથી ફરીયાદ કરેલ છે અને આ કામ ફરીયાદી દ્બારા જુબાની આપ્યા બાદ ગોંડલની કોર્ટમાં ભરણપોષણનો કેસ દાખલ ફરીયાદી દ્બારા કરવામાં આવેલ. આમ ૨૦૨૧ થી ૨૦૨૩ સુધી ફીરયાદી દ્બારા કોઈ અરજી કરવામાં આવેલ નહી. હાલની આ ખોટી ફરીયાદ કરેલાનું પુરાવા ઉપર થી ફલીત થતુ હોય જેથી આરોપીની ઉમર અને ભારતીય બંધારણ મુજબ આરોપીને આ કામમાં નીર્દોષ ઠરાવી છોડી મુકવા હુકમ કરવા આપ નામદાર સાહેબને અરજ છે.

**ઉપરોકત દલીલનો જવાબ :**

ઉપરોકત બાબતે એ હકીકત રેકર્ડ ઉપર છે કે, ઉપર મુજબની અરજીની શું તપાસ થઇ તે હકીકત રેકર્ડ ઉપર આવી શકેલ નથી પરંતુ તે માત્રથી આરોપીની નિર્દોષતા આપોઆપ સાબીત થતી નથી અને તે સંજોગોમાં ઉપરોકત દલીલનો લાભ આરોપીને મળી શકે તેમ નથી.

**૨૯.૪ વધુમાં દલીલ કરેલ છે કે,** તા. ૩–૫–૧૯ ની એક અરજી આપી. બનાવનું સાચુ જે

કારણ છે તે જાણવાનો મે પ્રયત્ન કર્યો છે કે આરોપીના પત્ની એટલે કે હાલના ફરિયાદી પોતે અન્ય ઈસમ સાથે ભાગી ગયેલ. આ સને ૨૦૧૯ ની વાત છે. હાલનો બનાવ બન્યો તેના એક વર્ષ પહેલા તો તેના અનુસંધાને અમે સ્પેસિફિક નામ જોગ આ વ્યક્તિ છે, આ તેના મોબાઈલ નંબર છે. હરેશભાઈ ભૈયાભાઈ વાઘેલા અમે વારંવાર ફોન કરીએ છીએ અમારી પત્ની અને અમારા બાળકોને લઈને જતા રહેલ છે રાજકોટ. આવી વિગતવારની અરજી ફોટા સાથે આપેલી હતી. આ અરજીના અનુસંધાને નામ. કોર્ટ દવારા અને અમારા દવારા આ રેકોર્ડના અનુસંધાને શું શું તપાસ કરવામાં આવેલી કે નહી એના માટેના ખૂબ પ્રયત્ન કરેલા છે પણ રેકર્ડ ઉપર એક જ સોગંદનામુ આવે છે કે આવી કોઈ અરજીના અનુસંધાને અમે તપાસ કરેલ નથી. જો તપાસ થઈ હોત તો હાલનો બનાવના અનુસંધાને ફરિયાદી જે અન્ય પુરુષ સાથે રહેતા એ સાબિત થઈ શકત.

**૨૯.૫ વધુમાં દલીલ કરેલ છે કે,** ફરીયાદી તેની ઉલટ તપાસમાં જણાવે છે કે, હું હરેશભાઇ ટીડાભાઇ વાઘેલા, રહેવાસી: રસુલપરા, ગિરગઢડા વાળાને ઓળખતી નથી. આ પૂછવાનું કારણ એ છે કે, જે સત્ય હકીકત બહાર લાવવા માટે કે તમે આવા વ્યક્તિને ઓળખો છો તો ફરીયાદી ના પાડે છે. જ્યારે અમે તેની સામે તા. ૩-૫-૧૯ ના રોજ કે તા. ૬-૧૧-૧૯ ના રોજ ભરતભાઈ સાથે બાળકો લઈને ગયા એના અનુસંધાને અમે અરજી આપી છે એ પણ ના પાડે છે એટલે એ પોતે જાણી જોઇને પુરાવો જે રેકર્ડ ઉપર લાવવાનો અમારો જે પ્રયાસ હતો કે,તેમને અન્ય પુરુષ સાથે સંબંધ છે તેને નિગલેટ કરે છે.

**૨૯.૬ વધુમાં દલીલ કરેલ છે કે,** અન્ય પુરુષ સાથેના સંબંધ એમાં એવું પણ છે કે અમારા ૬૦,૦૦૦/- રૂપીયા રોકડા અને સોનાની ની બુટી લઈ ગયા.

**ઉપરોકત દલીલનો જવાબ :**

ઉપરોકત કહેવાતી અરજીનો બનાવ સ્વતંત્ર છે અને તેનાથી હાલનો બનાવ બનેલ નથી તેવી હકીકત સાબીત થતી નથી ઉલટાનું, આ દલીલ ઉપરથી એવુ પ્રસ્થાપિત થાય છે કે, ભોગ બનનાર મધુબેન અને આરોપી વચ્ચે સુમેળ ન હતો તેથી ઉપરોકત દલીલનો લાભ આરોપીને મળી શકે તેમ નથી.

## (૩૦) આરોપી તરફે રજુ થયેલ ઓથોરીટીઓ અંગે :

(1) 1973 LawSuit (SC) 290

KALIRAM V/S. STATE OF HIMACHAL PRADESH

Head Note:

Acquittal--Wrongful acquittal--Undesirability--Need to ensure that no

wrongful an innocent person should be made. It is no doubt true that wrongful acquittals are undesirable and shake the confidence of the people in the judicial system, much worse, however, is the wrongful conviction of an innocent person. The consequences of the conviction of an innocent person are far more serious and its reverberations cannot but be felt in a civilised society. Suppose an innocent person is convicted of the offence of murder and is hanged, nothing further can undo the mischief for the wrong resulting from the unmerited conviction is irretrievable. To take another instance, if an innocent person is sent to jail and undergoes the sentence, the scars left by the miscarriage of justice cannot be erased by any subsequent act of expiation.
All this highlights the importance of ensuring, as far as possible, that there should be no wrongful conviction of an innocent person. Some risk of the conviction of the innocent, of course, is always there in any system of the administration of criminal justice. Such a risk can be minimised but not ruled out altogether."

ઉપરોકત સિધ્ધાંત આ અદાલતે માનસહ માનવો પડે પરંતુ અત્રે વ્યાજબી શકથી હકીકત ફરીયાદપક્ષે પુરવાર કરેલ છે તેથી ઉપરોકત ચુકાદાનો લાભ આરોપીને મળી શકે તેમ નથી.

DISTRICT & SESSIONS COURT JUNAGADH. * सत्यमेव जयते * JUNAGADH DISTRICT

(2) 1984 LawSuit (SC) 176
SHARAD BIRDHICHAND SARDA V/S STATE OF MAHARASHTRA

Head Note:

Indian Penal Code, 1860 Sec 302 Code of Criminal Procedure, 1973-Sec 313-Evidence Act, 1872 Sec 32 homicide or suicide death of newly married woman - admissibility of statements in letter by victim as to cause of his death or as circumstances of transaction which resulted in his death and oral evidence of PW 2, 3, 5, 6 and 20 about alleged complaints made by victim against accused under Sec 32 (1) of Evidence Act plea of benefit of doubt acceptability of -Sec 32(1) is applicable to both homicide and suicide

proximity test to be applied - evidence of close relatives of victim to be examined with great care and caution because of their tendency to exaggerate or add facts - statement recorded under Sec 313 of CrPC unless put to accused cannot be accepted -onus to prove that circumstantial evidence is in proximity to time and situation is on prosecution - any infirmity thereof cannot be cured by false defence or plea - circumstances as to conclusion of guilt must or should and not may be established - where two possibilities are available, benefits which go to accused will undoubtedly entitled to accused concurrent findings of fact by Courts below as to ill-treatment of victim by appellant, intimacy of appellant with PW 37 and conduct of doctor who had conducted autopsy on body of victim call for no interference - unless serious and substantial miscarriage of justice has been caused to accused, proved - appeal allowed."

ઉપરોકત ચુકાદો જોતા તેમાં ભારતીય પુરાવા ધારાની કલમ–૩૨ મુજબના સંજોગો હતા તેમજ સાંયોગિક પુરાવો હતો જયારે હાલના કેસમાં ભોગ બનનારાઓનો પુરાવો છે અને તે પૈકી ભોગ બનનાર મધુબેનને દસ ઈજાઓ થયેલ છે અને મધુબેનની માતાને પણ ઈજા થયેલી છે અને મેડીકલ હીસ્ટ્રીમાં આરોપીનું નામ ખુલ્યુ છે અને આ તબીબો સ્વતંત્ર સાહેદો છે અને તે સંજોગોમાં ઉપરોકત કેસ હકીકત અને હાલના કેસની હકકત ભીન્ન હોવાથી તે ચુકાદાનો લાભ આરોપીને મળી શકે તેમ નથી.

(3) 1987 LawSuit (Guj) 77

HAMIDULLA BISMILLAKHAN NAVAB V/S STATE

Head Note:

Code of Criminal Procedure, 1973 S.162 Any part of the statement of a witness before the investigating officer can be brought on record only by way of contradiction as per section 162 of the Code - Anything coming to the record. knoweldge of the Investigating Officer while recording statement of a witness cannot allowed to be be brought on Any part of a statement of a witness before the Investigating Officer can be brought on record only by way

**Sessions Judge**
**Junagadh**

of contradic- tion as per S. 162 of the Code. That came to the knowledge of the Investgating Officer while recording the statement of a witness cannot be allowed to be brought on record as allowed in the present case by the learned Addl. Sessions Judge. A question is first required to be put to the witness about the contradiction if any between the evidence of the witness and his statement recorded by the Investigating Officer and if the witness denies then that contradiction has to be proved by the evidence of Police Officer who has to look into the statement of the witness and give reply in the regard. A general statement as is brought on record at para-4 of the deposition of P.S.I. could not and should not have been permitted. (Para 17)"

ઉપરોકત સિધ્ધાંત કોન્ટ્રાડીકશન કઇ રીતના સાબીત થાય તે અંગે છે અને કોન્ટ્રાડીકશન સાબીત થાય તો તેની અસર સાહેદની વિશ્વસનીયતા ઉપર જાય છે પરંતુ હાલના કેસમાં એવો કોઇ વિરોધાભાસ સાબીત થયેલ નથી કે જેનાથી ઈજા પામનારાઓનો પુરાવો ન માનવો પડે અને તેથી ઉપરોકત ચુકાદાનો લાભ આરોપીને મળી શકે તેમ નથી.

(4) 2004 LawSuit (SC) 881

DASARI SIVA PRASAD REDDY V/S PUBLIC PROSECUTOR, A P HIGH COURT

Head Note :

Murder -- Benefit of doubt -- High Court of Andhra Pradesh reversed th acquittal recorded by the Sessions Judge and convicted the appellant und Section 302 IPC and sentenced him to life imprisonment -- In drawing inference that the accused must have been in the house on the crucial night, t High Court mainly relied on the evidence of PW4 and also relied on the fact th the accused set up a false plea of alibi -- The High Court dismissed the critici against PW4's evidence by merely observing that there was no reason for him falsely

**Sessions Judge**
**Junagadh**

implicate the accused. High Court should not have upset the finding the trial Court in regard to the credibility of evidence of PW4 and buttress conclusion on the last seen factor by relying on PW4's evidence -- Held, Ap from the fact that the appellant was at his house on the morning of 20th A 1996, there is no other circumstance whatsoever which connects the accuse the crime, though serious suspicion looms large about his involvement. view taken by the trial Court that the prosecution could not establish complete chain of circumstances incriminating the accused is a reason possible view and the High Court should not have disturbed the same. Having regard to the state of available evidence, the benefit of doubt given to the accused by the trial Court warranted no interference by the High Court --Judgement of High Court set aside -- Appeal allowed."

આ કેસમાં એલીબી નો કેસ હતો પરંતુ હાલના કેસમાં બે નજરે જોનાર અને ભોગ બનનાર સાહેદો છે અને મધુબેનને ગંભીર ઈજાઓ થયેલ છે અને જયાબેનને પણ ગંભીર ઈજાઓ થયેલ છે અને વધારામાં આરોપી પોતે મધુબેનના પતિ છે અને જયાબેનના જમાઈ છે અને જયાબેને આરોપીને મકાનમાં રહેવા માટે આરોપીને મકાન આપેલુ છે આ તમામ સંજોગો જોતા અને ચર્ચા કરી તે મુજબ આરોપીની સંડોવણી શકથી પુરવાર થયેલ છે તેથી આ ચુકાદાનો લાભ આરોપીને મળી શકે તેમ નથી.

(5) 2017 LawSuit (Guj) 165

HAYESH @ TENIYO BHIMJIBHAI CHAVDA & 1 ORS V/S STATE OF GUJARAT

ઉપરોકત કેસની હકીકત એવી હતી કે દેવશીભાઈ અને તેમના પુત્ર મો.સા. ઉપર જતા હતા ત્યારે આરોપીઓએ ઈજા કરેલી જેમાં આરોપી નં.૧ ને સજા કરવામાં આવે અને આરોપી નં.૩ થી ૫ ને સેશન્સ કોર્ટે નિર્દોષ ઠેરવેલ.

**Sessions Judge**
**Junagadh**

તે કેસમાં ફરીયાદીએ ઉલટ તપાસમાં એવી હકીકત સ્વીકારેલી કે, તે પોતે, તેમના ભાઈ અને પુત્ર તથા મુકેશભાઈ ખોડાભાઈ બાબુ મોહનના મર્ડર કેસનો સામનો કરી રહયા છે અને ગીગા વીરા સામે તડીપારનો પણ હુકમ થયેલ છે અને તેમાં એવી હકીકત પણ આવતી હતી કે ફરીયાદીએ આરોપીઓને ઓળખેલ ન હતા. વધુમાં, ફરીયાદમાં કેશુ અરજણ પાસે શું હથિયાર હતુ તે ફરીયાદમાં ન હતુ. વધુમાં પેરા–૧૪, ૧૫ અને ૧૬, ૧૮ માં નામ. ગુજરાત વડી અદાલતે નીચે મુજબનનું તારણ કાઢેલ છે

[14] On reading the testimony of the complainant, together with that of P.W. 2 and that of the statements made by the complainant before the Magistrate at Ex. 136, the chances of the incident, itself as narrated by the complainant raises serious doubt. In the First Information Report, the story as narrated by the complainant is that while he was proceeding near Manu Meghjibhai's house he was stopped by Teniyo alias Jayesh accused no. 1 and was accosted and attacked with a sword. In the statement before the Executive Magistrate which is at Ex. 136. an entirely different version is stated by the complainant – P.W. 1. He states that he stopped by when he saw a fight that had ensued between the accused and his brothers and when he stopped to inquire the reasons for such a fight, he was attacked by the accused in question. From the cross examination of the witness, it has come on record that he along with his brothers were standing trial for a cross case namely Sessions Case No. 34 of 2006. Even Chiman in his cross examination stated that they had stopped there as a result of the fact that a fight between Harijans and the Barots was going on. Evidently, therefore the story as it appears is that the First Information Report is at a variance with the statement that has been recorded before the Executive Magistrate and

on the basis of the evidence which has come on record from the testimonies, P.W. 1 the complainant apparently is the sole witness to the incident, particularly, when the testimonies of P.W. 2 and P.W. 3 Chiman and Mukesh respectively cannot be believed and particularly when except for being declared as hostile, the testimony of Chiman does not support the prosecution and apparently Mukesh has been declared hostile.

[15] The contradictions are writ large in the testimony of the complainant as compared to that of his son P.W. 2 inasmuch as the complainant has sought to make out a case where he stated that when he sustained the injuries in question nd therefore when his complaint was being recorded he was not fully conscious and therefore when his complaint was being recorde he was not coherent in his speech and therefore the gaps were filled in by his so who was present at the time when the complaint was being recorded. When o reads the testimony of Chiman, it is evident that he categorically denies t presence at the time when his complaint was recorded.

[16] The cross examination of the complainant has sought to improve his vers by showing at one stage by stating that he was not aware that the motorc was burnt, however, in his cross examination he further indicates that he informed by his son that the motor cycle was rolled down the slope on an o road and was subsequently burnt. Obviously, therefore, an improvement is sought to be made from the version as narrated in the complaint and the statement as recorded by the Executive Magistrate.

[18] Therefore, when no clear role is attributed to the accused

nos. 1 and 2 for having carried out the act in question, we are on the basis of a hunch, of the opinion that the conviction of the accused for the offences in question namely that under section 326 as far as accused no. 1 is concerned and section 324 as far as accused no. 2 is concerned, at the hands of the learned trial judge cannot be sustained."

આ કામમાં આ પ્રકારનું કોન્ટ્રાડીકશન કે વિરોધાભાસ આવતો નથી અને ભોગ બનનારાઓએ ચોકકસપણે શું બનેલ અને તેમાં કોણ સંડોવાયેલ છે તેની વિગત આપેલ છે અને તે હકીકત વ્યાજશ કથી પર સાબીત થયેલ છે તે સંજોગોમાં ઉપરોકત ચુકાદાનો લાભ આરોપીને મળી શકે તેમ નથી.

**(૩૧) ગુજરાત પોલીસ એકટની કલમ–૧૩૫ અંગે :**

**૩૧ .૧** આ કામમાં ફરીયાદપક્ષે એવો કોઈ પુરાવો રજુ કરેલ નથી કે, જેનાથી એવી હકીકત સાબીત થાય કે, આ જાહેરનામુ જે ઉપરોકત કલમ–૧૩૫ ને આકર્ષે છે તે માટે યોગ્ય જાહેરાત એટલે કે, પ્રોમ્યુલેગેટ થયેલુ હોય અને તે સંજોગોમાં ઉપરોકત કલમ અંગેનું તહોમત આરોપી સામે ફરીયાદપક્ષ વ્યાજબી શકથી પર સાબીત કરી શકેલ નથી.

**તારણ :**

આરોપી સામે વ્યાજબી શકથી પર ઇ.પી.કોડની કલમ–૩૦૭ ભોગ બનનાર મધુબેન માટે અને ઇ.પી.કોડની કલમ–૩૨૪ ના તત્વો સાહેદ જયાબેન માટે વ્યાજબી શકથી પર સાબીત થાય છે. જેથી મુદા નં.૮.૧ મધુબેન પુરતુ હકારમાં તથા ૮.૨ નો નિર્ણય જયાબેન પુરતુ હકારમાં તથા મુદા નં. ૮.૩ નો નિર્ણય નકારમાં ઠરાવી મુદા નં. ૮.૪ પરત્વે નીચે મુજબનો હુકમ ફરમાવવામાં આવે છે.

**–// હુકમ //–**

(૧) આરોપી રવજીભાઈ લાખાભાઈ બારૈયા, રહે. સાતવડલા, હનુમાન મંદિર પાસે,



DISTRICT & SESSIONS COURT, JUNAGADH
सत्यमेव जयते
JUNAGADH DISTRICT

મેંદરડા, મુળ રહે. જામવાળા, તા. ગીર ગઢડા, જિ. ગીર સોમનાથ નાઓને ફોજદારી કાર્યરીતિ સંહિત–૧૯૭૩ ની કલમ–૨૩૫(૨) હેઠળ ભારતીય દંડ સંહિતા ૧૮૬૦ ની કલમ–૩૦૭, ૩૨૪ મુજબના ગુના હેઠળ તકસીરવાન ઠરાવવામાં આવે છે.

હુકમ આજ રોજ તારીખ–૧૬ મી, માહે માર્ચ સને– ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૧૬/૦૩/૨૦૨૬
સ્થળ : જુનાગઢ

**(ભુપેન્દ્રકુમાર જી. દવે)**
સેશન્સ જજ,
ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ કોર્ટ, જુનાગઢ.
(કોડ નં. જી.જે૦૦૪૬૯)

**સબબ કામ આરોપીને સજા અંગે સાંભળવા મુલત્વી.**

DISTRICT & SESSIONS COURT, JUNAGADH.
सत्यमेव जयते
* JUNAGADH DISTRICT *

**Sessions Judge**
**Junagadh**

**ક્રિમીનલ પ્રોસીજર કોડ ની કલમ– ૨૩૫ (૨) હેઠળ સજા અંગે સાંભળવા માટે :–**

(૧) વિ.એડી.પી.પી.શ્રીએ દલીલ કરેલ છે કે, આરોપીએ પુર્વ તૈયારીમાં નિર્દોષ વ્યકિતને મોતને ઘાટ ઉતારેલ છે તેમજ આ કૃત્યનું કોઈને ગંધ ન આવે તે રીતે તેનો નાશ કરવાનો પ્રયત્ન કરેલ છે. તે સંજોગોમાં આરોપીને વધુમાં વધુ સજા કરવા માટે દલીલ કરેલ છે.

(૨) આરોપીનાં વિ.વકીલશ્રીએ દલીલ કરેલ છે કે, મેન્સરીયા આરોપીનો સાબિત થયેલ નથી અને આરોપી અને કહેવાતા ભોગ બનનારાઓ વચ્ચે કોઈ અદાવત ન હતી તે સંજોગોમાં પ્રોબેશનનો લાભ આપવા માટે અને વિકલ્પે ઓછામાં ઓછી સજા કરવા માટે દલીલ કરેલ છે.

(૩) અત્રે પ્રોબેશનની પણ માંગણી કરવામાં આવેલી તે સંજોગોમાં સી.આર.પી.સી.ની કલમ– ૩૬૦ તથા ૩૬૧ ચિત્રમાં આવે છે, જે નીચે મુજબ છે.

> Cr.P.C. 1973 "360. Order to release on probation of good conduct or after admonition.
>
> (1) When any person not under twentyone years of age is convicted of an offence punishable with fine only or with imprisonment for a term of seven years or less, or when any person under twentyone years of age or any woman isconvicted of an offence not punishable with death or imprisonment for life, and no previous conviction is proved against the offender, if it appears to the Court before which he is convicted, regard being had to the age, character or antecedents of the offender, and to the circumstances in which the offence was committed, that it is expedient that the offender should be released on probation of good conduct, the Court may, instead of sentencing him at once to any punishment, direct that he be released on his entering into a bond with or without sureties, to appear and receive sentence when called upon during such period (not exceeding three years) as the Court may direct and in the meantime to keep the peace and be of good behaviour: Provided that where any first offender is convicted by a Magistrate



SESSIONS COURT, JUNAGADH DISTRICT & JUNAGADH DISTRICT

of the second class not specially empowered by the High Court, and the Magistrate is of opinion that the powers conferred by this section should be exercised, he shall record his opinion to that effect, and submit the proceedings to a Magistrate of the first class, forwarding the accused to, or taking bail for his appearance before, such Magistrate, who shall dispose of the case in the manner provided by subsection (2).

(2) Where proceedings are submitted to a Magistrate of the first class as provided by subsection

(1), such Magistrate may thereupon pass such sentence or make such order as he might have passed or made if the case had originally been heard by him, and, if he thinks further inquiry or additional evidence on any point to be necessary, he may make such inquiry or take such evidence himself or direct such inquiry or evidence to be made or taken.

(3) In any case in which a person is convicted of theft, theft in a building, dishonest misappropriation, cheating or any offence under the Indian Penal Code (45 of 1860 ), punishable with not more than two years' imprisonment or any offence punishable with fine only and no previous conviction is proved against him, the Court before which he is so convicted may, if it thinks fit, having regard to the age, character, antecedents or physical or mental condition of the offender and to the trivial nature of the offence or any extenuating circumstances under which the offence was committed, instead of sentencing him to any punishment, release him after due admonition

(4) An order under this section may be made by any Appellate Court or by the High Court or Court of Session when exercising its powers of revision.

(5) When an order has been made under this section in respect of any offender, the High Court or Court of Session may, on appeal when there is a right of appeal to such Court, or when exercising its powers of revision, set aside such order, and in lieu thereof pass sentence on such offender according to law: Provided that the High Court or Court of Session shall not under this subsection inflict a greater punishment than might have been inflicted by the Court by which the offender was convicted.

(6) The provisions of sections 121, 124 and 373 shall, so far as may be, apply in the case of sureties offered in pursuance of the provisions of this section.

**Sessions Judge**
**Junagadh**

DISTRICT & SESSIONS COURT, JUNAGADH. * JUNAGADH DISTRICT * सत्यमेव जयते

(7) The Court, before directing the release of an offender under subsection (1), shall be satisfied that an offender or his surety (if any) has a fixed place of abode or regular occupation in the place for which the Court acts or in which the offender is likely to live during the period named for the observance of the conditions.

(8) If the Court which convicted the offender, or a Court which could have dealt with the offender in respect of his original offence, is satisfied that the offender has failed to observe any of the conditions of his recognizance, it may issue a warrant for his apprehension.

(9) An offender, when apprehended on any such warrant, shall be brought forthwith before the Court issuing the warrant, and such Court may either remand him in custody until the case is heard or admit him to bail with a sufficient surety conditioned on his appearing for sentence and such Court may, after hearing the case, pass sentence.

(10) Nothing in this section shall affect the provisions of the Probation of Offenders Act, 1958 (20 of 1958 ), or the Children Act, 1960 (60 of 1960 ), or any other law for the time being in force for the treatment, training or rehabilitation of youthful offenders."

"361. Special reasons to be recorded in certain cases.Where in any case the Court could have dealt with,106

(a) an accused person under section 360 or under the provisions of the Probation of Offenders Act, 1958 (20 of 1958 ), or

(b) a youthful offender under the Children Act, 1960 (60 of 1960 ), or any other law for the time being in force for the treatment, training or rehabilitation of youthful offenders, but has not done so, it shall record in its judgment the special reasons for not having done so."

આમ કલમ–૩૬૦ મુજબ જયારે ગુનેગારો એકવીસ વર્ષથી ઉપરની ઉંમરના હોય અને તેમાં ગુનાના સજાની જોગવાઈ માત્ર દંડ હોય અથવા સાત વર્ષ સુધીની કે જેનાથી ઓછી સજાની જોગવાઈ હોય તો અદાલત સારી વર્તણુંકની અજમાયશ ઉપર પ્રોબેશનનો લાભ આપી શકે છે. અત્રે એક વ્યકિતની હત્યાનો પ્રયાસ કરવામાં આવેલછે અને તેમાં આરોપીની સંડોવણી સાબિત થયેલ છે એટલે કે,

**Sessions Judge**
**Junagadh**

આરોપી સામે ઈ.પી.કોડની કલમ–૩૦૭ સાબીત થયેલ છે.

(૪) અત્રે ઉપર કલમ–૩૦૭ નો આરોપી સાબિત થયેલ છે તે સંજોગોમાં સી.આર.પી.સી.ની કલમ–૩૬૦(૧) માં હાલના આરોપીનો કેસ તેમાં પડતો નથી, પરંતુ ઉપરોકત કલમ–૩૬૦(૧૦) ની જોગવાઈ જોતાં ધી પ્રોબેશન ઓફ ઓફેન્ડર્સ એકટ–૧૯૫૮ ચિત્રમાં આવે છે અને આ કામમાં પ્રોબેશન ઓફ ઓફેન્ડર્સ એકટ–૧૯૫૮ ની કલમ–૪ ચિત્રમાં આવે છે, જે નીચે મુજબ છે.

"4. Power of court to release certain offenders on probation of good conduct.—

1) When any person is found guilty of having committed an offence not punishable with death or imprisonment for life and the court by which the person is found guilty is of opinion that, having regard to the circumstances of the case including the nature of the offence and the character of the offender, it is expedient to release him on probation of good conduct, then, notwithstanding anything contained in any other law for the time being in force, the court may, instead of sentencing him at once to any punishment direct that he be released on his entering into a bond, with or without sureties, to appear and receive sentence when called upon during such period, not exceeding three years, as the court may direct, and in the meantime to keep the peace and be of good behaviour: Provided that the court shall not direct such release of an offender unless it is satisfied that the offender or his surety, if any, has a fixed place of abode or regular occupation in the place over which the court exercises jurisdiction or in which the offender is likely to live during the period for which he enters into the bond.

2) Before making any order under subsection

(1), the court shall take into consideration the report, if any, of the probation officer concerned in relation to the case.

3)When an order under subsection

(1) is made, the court may, if it is of opinion that in the interests of the offender and of the public it is expedient so to do, in addition pass a supervision order directing that the offender shall remain under the supervision of a probation officer named in the order during such period, not being less

than one year, as may be specified therein, and may in such supervision order, impose such conditions as it deems necessary for the due supervision of the offender.

4)The court making a supervision order under subsection (3) shall require the offender, before he is released, to enter into a bond, with or without sureties, to observe the conditions specified in such order and such additional conditions with respect to residence, abstention from intoxicants or any other matter as the court may, having regard to the particular circumstances, consider fit to impose for preventing a repetition of the same offence or a commission of other offences by the offender.

5) The court making a supervision order under subsection (3) shall explain to the offender the terms and conditions of the order and shall forthwith furnish one copy of the supervision order to each of the offenders, the sureties, if any, and the probation officer concerned."

**(૫)** અત્રે એક નિર્દોષ વ્યકિતની હત્યાના પ્રયાસમાં આરોપીની સંડોવણી ચર્ચા કર્યા મુજબ સાબિત થયેલ છે. તે જોતા આરોપીની ગુનો કરવાની ઈચ્છા કેટલી તીવ્ર હતી તે સાબિત થાય છે તેથી આરોપીને પ્રોબેશનનો લાભ આપવો ન્યાયિક જણાતો નથી.

**(૬) સેન્ટેન્સીંગ પોલીસી અંગે (સજા કરવાનો ઉદ્દેશ)**

**૬.૧)** સેન્ટેન્સીંગ પોલીસી અંગે ચર્ચા કરવામાં આવે તો ભય ઉત્પન્ન કરવા માટે તથા વેરનો બદલો લેવા અંગે એટલે કે જે વ્યકિતએ સહન કર્યુ છે તેના વેરનો બદલો મળ્યો છે તેવો સંતોષ થાય તે માટે અને ભવિષ્યમાં આવુ કૃત્ય કરતા વ્યકિત વિચારે કે આરોપીને સુધારવા માટેની હોય છે અને સજા શા માટે કરવી જોઈએ અને સજાનુ મહત્વ શું છે આ અંગે પૌરાણીક કાળની વાત કરવામાં આવે તો મહાભારતમાં આખુ એક શાંતિપર્વ આપેલુ છે અને તેમાં કઈ રીતે રાજાએ લોકોની શાંતિ જળવાઈ રહે તે અંગેના વિવિધ વિષયો ઉપર ચર્ચા કરેલી છે અને શાંતિપર્વના ચૌદમા અધ્યાયના શ્લોક ચૌદમાં એવુ જણાવાયુ છે કે,

'' **ના દંડસ્ય પ્રજા રાજ્ઞ: સુખમ વિન્દતી ભારત** ''

એટલે કે દંડહીન રાજાની પ્રજાને કદી સુખ મળતુ નથી''

**Sessions Judge**
**Junagadh**

વધુમાં શાંતિપર્વના પંદરમા અધ્યાયના શ્લોક –૨ માં એવી વિગત જણાવેલી છે કે,''

**દંડ: શાસ્તિ પ્રજા: સર્વા દંડ એવા ભિરક્ષતી।**

**દંડ: સપ્તેષુ જાગરતી દંડમ ધર્મ વિદુબુરધા:।।**

એટલે કે દંડ સમસ્ત પ્રજાઓનુ શાસન કરે છે અને દંડ તમામ બાજુઓથી પ્રજાનુ રક્ષણ કરે છે અને બધા ઉંઘી જાય ત્યારે દંડ જ જાગતો રહે છે અને એટલે વિધ્વાનો ખરેખર રાજાનો ધર્મ દંડ માને છે.''

વધુમાં આજ અધ્યાનના શ્લોક–૮ માં એવુ જણાવાયુ છે કે,

**'' યસ્માદદાન્તાન દમયત્યશિષ્ટાન દંડયત્યપી।**

**દમનાદ દંડનાચૈવ તસ્માદ દંડમ વિદુબુરધા:।।''**

એટલે કે દંડ ઉદંડ પુરુષોનુ દમન કરે છે તેમજ દુષ્ટ્રોને સજા કરે છે અને તેથી જ વિધ્વાન પુરુષો તેને દંડ કહે છે.

વધુમાં આજ અધ્યાનના શ્લોક–૧૨ માં એવી વિગત આવે છે કે,

**'' બ્રહમચારી ગૃહસ્થચ વાનપ્રસ્થચ ભિક્ષુક:।**

**દંડસ્ચૈવ ભયાદેતે મનુષ્યા વર્તમની સ્થિતા:।**

બ્રહમચારી, ગૃહસ્થ, વાનપ્રસ્થ અને સન્યાસી એ બધા દંડનુ અસ્તિત્વ છે તેથી જ તેમના માર્ગા ઉપર ચાલી શકે છે.

વધુમાં ૩૦ માં શ્લોકમાં એવી હકીકત આવે છે કે,

**'' દંડશ્ચેન્ન ભવેલ્લોકે વિનશ્ચેયુરિમા: પ્રજા:।''**

એટલે કે સંસારમાં દંડ ના હોય તો સમગ્ર પ્રજા નષ્ટ થઈ જાય છે.

વધુમાં ૧૨૧ ના અધ્યાયના શ્લોક–૩૪ માં ભિષ્મપિતાએ અર્જુનને સજા અંગે સમજાવતા જણાવ્યુ છે કે,

**''ન સયાદ યદીહ દંડો વૈ પ્રમથેયુ: પરસ્પરમ ।**

**ભયાદ દંડસ્ય નાન્યોન્યં ઘ્નન્તિ ચૈવ ।। ''**

**Sessions Judge**
**Junagadh**

એટલે કે સંસારમાં દંડની વ્યવસ્થા ના હોય તો બધા લોકો એકબીજાને નષ્ટ કરી નાખે છે અને દંડના ભયથીજ મનુષ્યો આપસમાં મારકાટ કરતા નથી.

**૬.૨)** આમ સજાની જોગવાઈ એટલા માટે કરવામાં આવે છે કે માણસનુ વર્તન એક માનવ તરીકેનુ રહે અને જંગલી જેવુ ન રહે અને માણસ તેની માણસાઈની મર્યાદા ન વટાવે અને આ મર્યાદા એ રીતે ન વટાવે કે જેથી બીજા મનુષ્યોનુ જીવવાનુ મુશ્કેલ થઈ જાય કે બીજા મનુષ્યોનુ મિલકતો અસલામતીમાં મુકાય કે સ્ત્રીઓની અસલામતી થઈ જાય અને તેથી જ પૃથ્વી પરના બીજા જીવોની પણ રક્ષા માટે ઘણાબધા કાયદાઓ અમલમાં આવેલા છે.

**૬.૩)** દરેક ધર્મોમાં માનવ વર્તનના ધોરણો દર્શાવ્યા છે એટલે કે ધર્મમાં પ્રજા સલામતીથી , સુરક્ષાથી અને શાંતિથી જીવી શકે તે માટે અમુક માપદંડ માણસ વર્તન માટે કરવામાં આવેલા છે અને જયારે આ માપદંડ માણસ ન અપનાવે એટલે કે માણસનુ વર્તન અમર્યાદાભર્યુ થાય અને આવુ અમર્યાદાભર્યુ એ રીતે થાય કે જેથી બીજા મનુષ્યોને ભય ઉત્પન્ન થાય અને તેમની અસલામતી થાય તે માટે જુદા જુદા કાયદાઓ વર્તમાન સમયમાં બનાવી માણસનુ વર્તન જે અમર્યાદાવાળુ હોય તેને મર્યાદાવાળુ કરવાનો પ્રયત્ન કરવામા આવેલ છે અને તેમછતાં માણસ તેની મર્યાદામાંથી બહાર નીકળી કાયદાની મર્યાદા ઓળંગે ત્યારે સજાની જોગવાઈ પીનલ કાયદાઓ કરી ધારાસભાએ કરેલી છે અને જયારે કોઈ વ્યકિતનુ વર્તન સમગ્ર સમાજ માટે સ્વીકારી શકાય તેવુ ન હોય તે માટે દેહાંતદંડ જેવી પણ સજાની જોગવાઈ કરવામાં આવી છે અને જો સજાની જોગવાઈ પિનલ કાયદાઓ દવારા કરવામાં ન આવી હોય અને તે સજા મુજબ આરોપીઓને સજા કરવામાં ન આવે તો સમાજમાં માણસોનુ વર્તન અમર્યાદીત થઈ જાય છે અને તેથી સમગ્ર સમાજ ઉપર તેની અસર પડે છે અને આવી અસરની ખુબજ ભયંકર દુરોગામી અસરો પડે છે અને તેટલે જ ઘણી કાયદાની પ્રોવીઝનોમાં દેહાંતદંડની જોગવાઈ કરવામાં આવી છે.

**Sessions Judge**
**Junagadh**

જયારે જયાં દેહાંતદંડની જોગવાઈ કરવામાં આવી છે અને સાથે સાથે તેમાં એ પણ ઘ્યાન રાખવામાં આવ્યુ છે કે, દેહાંતદંડની જોગવાઈ હોય ત્યારે દેહાંતદંડ જ કરવો તેવુ નથી પરંતુ તે માટે એટલે કે ન્યાયાધીશે દેહાંત દંડ કરવા માટે કયા ખાસ કારણો અસ્તિત્વમાં છે તે જણાવવા પડે છે.

(૭) આ કામમાં આરોપી ઈ.પી.કો. ની કલમ–૩૦૭ મુજબનો પણ ગુનો પુરવાર થયેલ છે અને તેમાં ભોગ બનનાર મઘુબેનને ઈજા આરોપીએ કરેલ છે તે હકીકત સાબીત થયેલ છે તે સંજોગોમાં ઈ.પી.કોડની કલમ–૩૦૭ માં જયારે ખુન કરવાની કોશિષમાં ઈજા સાબીત થાય ત્યારે તેમાં આરોપીને આજીવન કેદ અથવા દસ વર્ષ સુઘીની સજા અને દંડ કરી શકાય છે તેવી જોગવાઈ કરવામાં આવેલી છે.

(૮) આમ આ કામમાં પણ એગ્રેવેટેડ તથા મીટીગેટીંગ જે સંજોગો છે તે વચ્ચે બેલેન્સ સ્ટ્રાઈક અદાલતે કરી આરોપીને કઈ સજા ફરમાવવી તે નકકી કરવાનુ રહે છે.

DISTRICT & SESSIONS COURT, JUNAGADH.
सत्यमेव जयते

**(૯) આરોપી સામેના એગ્રેવેટેડ સંજોગો:–**

(એ) ભોગ બનનાર મઘુબેન અને આરોપીનું લગ્નજીવન ૨૦ વર્ષનું હતુ અને જયાબેન આરોપીના સાસુ છે અને તેમ છતાં સાબીત થયેલ ઈજાઓ આરોપીએ કરેલી છે.

**(૧૦) આરોપીના મીટીગેટીંગ સંજોગો.**

(એ) આરોપી ગરીબ છે અને યુવાન છે.

**(૧૧) સજા અંગે**

**Sessions Judge**
**Junagadh**

ઉપરોક્ત તમામ સંજોગો જોતાં આરોપીની ઉંમર, આરોપી અને ભોગ બનનારાઓનો સબંધ લક્ષમાં લેતા ઈ.પી.કોડની કલમ–૩૦૭ માં પાંચ વર્ષ સુધીની સાદી કેદની સજા અને રૂા.૧,૦૦૦/–(અંકે રૂપીયા એક હજાર પુરા) નો દંડ જયારે ઈ.પી.કોડની કલમ–૩ર૪ માં છ મહિનાની સજા કરવી ન્યાયોચિત જણાય છે.

## :: હુકમ ::

(૧) આ કામના આરોપી રવજીભાઈ લાખાભાઈ બારૈયા, રહે. સાતવડલા, હનુમાન મંદિર સામે, મેંદરડા, મુળ રહે. જામવાળા, તા. ગીર ગઢડા, જી. ગીર સોમનાથ નાઓને ફોજદારી કાર્યરિતી સંહિતા ૧૯૭૩ની કલમ– ર૩૫(ર) હેઠળ મેંદરડા પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજી. નં.૧૧ર૦૩૦૩૯ર૦૦૩૪ર/ર૦ર૦ થી ઈ.પી.કોડની કલમ–૩૦૭, ૩ર૪ મુજબનાં ગુના માટે તકસીરવાન ઠરાવવામાં આવે છે.

જયારે ઉપરોકત આરોપીને જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબના ગુનામાં નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(ર) ઉપરોકત આરોપીને ઈ.પી.કોડની કલમ–૩૦૭ મુજબના ગુનામાં પાંચ વર્ષ સુધીની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે અને આરોપીને રૂપિયા ૧,૦૦૦/– (અંકે રૂપિયા એક હજાર પુરા)નો દંડ કરવામાં આવે છે અને જો આરોપી આ દંડની રકમ ન ભરે તો ફોજદારી દંડ સંહિતાની કલમ–૬૪ અને ૬૫ સાથે વાંચતા ૩ (ત્રણ) મહીનાની વધુ સાદી કેદની સજા કરવાનો હુકમ આરોપીને ફરમાવવામાં આવે છે.

(૩) ઉપરોકત આરોપીને ઈ.પી.કોડની કલમ–૩ર૪ મુજબના ગુનામાં છ મહિનાની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે જયારે

દંડ અંગે કોઈ હુકમ કરવામાં આવતો નથી.

(૪) આરોપીએ ઉપરોકત બંને સજા એકીસાથે ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

(૫) આરોપી રવજીભાઇ લાખાભાઇ બારૈયા, રહે. સાતવડલાલ હનુમાન મંદિર પાસે, મેંદરડા, મુળ રહે. જામવાળા, તા. ગીર ગઢડા, જી. ગીર સોમનાથ નાઓએ જેલમાં આ ગુનાના કામે પ્રિકન્વીકશન સ્ટેજે ગાળેલ (ભોગવેલ) સમય ઉપરોકત સજામાં મજરે આપવાનો હુકમ કરવામાં આવે છે.

(૬) સી.આર.પી.સી. ની કલમ–૩૬૩ (૧) મુજબ તાત્કાલીક આરોપીને આ ઠરાવની નકલ પુરી પાડવાનો હુકમ કરવામાં આવે છે.

(૭) અપીલ સમય બાદ આ કામમાં રજુ થયેલ બિન કિંમતી મુદ્દામાલનો નાશ કરવાનો હુકમ સી.આર.પી.સી.ની કલમ–૪૫૨ મુજબ કરવામાં આવે છે.

(૮) કિંમતી મુદામાલ અંગે વિ. ચીફ જયુડી.મેજી., જુનાગઢને હુકમ કરવામાં આવે છે કે, સી.આર.પી.સી. ની કલમ–૪૫૨(૩) માં ઠરાવ્યા મુજબ ન્યાયીક નિર્ણય વ્યાજબી સમયમાં કરવો.

હુકમ આજ રોજ તારીખ–૧૬મી, માહે માર્ચ, સને– ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૧૬/૦૩/૨૦૨૬
સ્થળ : જુનાગઢ

**(ભુપેન્દ્રકુમાર જી. દવે)**
સેશન્સ જજ,
ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ કોર્ટ, જુનાગઢ.
(કોડ નં. જી.જે૦૦૪૬૯)

DISTRICT & SESSIONS COURT, JUNAGADH. JUNAGADH DISTRICT

**Sessions Judge**
**Junagadh**